ગુજરાતી

(પ્રથમ ભાષા)

ધોરણ 9

B.L.Parmar..Mo....
9586148880....

VISIT…

અનુક્રમણિકા

1.	સાંજ સમે શામળિયો	(ગીત-કાવ્ય)	નરસિંહ મહેતા	1
2.	ચોરી અને પ્રાયશ્ચિત	(આત્મકથા ખંડ)	ગાંધીજી	3
3.	પછે શામળિયોજી બોલિયા	(આખ્યાન ખંડ)	પ્રેમાનંદ	7
4.	ગોપાળબાપા	(નવલકથા ખંડ)	મનુભાઈ પંચોળી 'દર્શક'	10
•	વ્યાકરણ એકમ-1 : ધ્વનિશ્રેણી, સંજ્ઞા, વિશેષણ, સર્વનામ			15
5.	ગુર્જરીના ગૃહ કુંજે	(કાવ્ય)	સુન્દરમ્	36
6.	લોહીની સગાઈ	(ટૂંકી વાર્તા)	ઈશ્વર પેટલીકર	39
7.	કામ કરે ઈ જીતે	(ગીત-કાવ્ય)	નાથાલાલ દવે	47
8.	છાલ, છોતરાં અને ગોટલાં	(હાસ્ય-નિબંધ)	બકુલ ત્રિપાઠી	50
•	વ્યાકરણ એકમ-2 : ધાતુ-પ્રત્યય			55
9.	પુત્રવધૂનું સ્વાગત	(કાવ્ય)	મકરંદ દવે	65
10.	ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ	(નિબંધ)	વિનોબા ભાવે	68
11.	મરજીવિયા	(સોનેટ)	પૂજાલાલ	72
12.	સખી માર્કંડી	(પ્રવાસ-નિબંધ)	કાકાસાહેબ કાલેલકર	75
•	વ્યાકરણ એકમ-3 : રવાનુકારી, અંગસાધક પ્રત્યય, સંધિ			78
13.	રસ્તો કરી જવાના	(ગઝલ)	અમૃત 'ઘાયલ'	92
14.	વાડી પરનાં વહાલાં	(લેખ)	ઈસ્માઈલભાઈ નાગોરી	95
15.	ગોદ માતની ક્યાં ?	(કાવ્ય)	ચંદ્રકાન્ત શેઠ	99
16.	કુદરતી	(એકાંકી)	લાભશંકર ઠાકર	102
•	વ્યાકરણ એકમ-4 : સમાસ			110
17.	મારા સપનામાં આવ્યા હરિ	(ઊર્મિગીત)	રમેશ પારેખ	118
18.	પંગુમ્ લંઘયતે ગિરિમ્	(રેખાચિત્ર)	સંકલિત	121
19.	પપ્પા, હવે ફોન મૂકું ?	(ગીત)	મનોહર ત્રિવેદી	126
20.	સમાજ સમર્પિત શ્રેષ્ઠી	(રેખાચિત્ર)	સંકલિત	129
•	વ્યાકરણ એકમ-5 : વાક્ય પ્રકાર			133
21.	તેજમલ	(લોકગીત)	સંકલિત	147
22.	બોળો	(લોકવાર્તા)	ઝવેરચંદ મેઘાણી	150
23.	લઘુકાવ્યો	(મુક્તક-હાઈકુ)	મુકુન્દરાય પારાશર્ય સ્નેહરશ્મિ	155
24.	પ્રેરક પ્રસંગો	(ગદ્ય)	સંકલિત	158
•	વ્યાકરણ એકમ-6 : અલંકાર			160

પૂરક વાચન

1.	પંડ્યનાં	(લઘુકથા)	નસીમ હરીશ મહુવાકર	164
2.	એકલો જાને રે	(કાવ્ય)	મહાદેવભાઈ દેસાઈ	165
3.	કાશીમાની કૂતરી	(ટૂંકીવાર્તા)	પન્નાલાલ પટેલ	166
4.	ઉપયોગી ટાંકણી લઈ લઈએ	(નિબંધ)	કુમારપાળ દેસાઈ	171

•

1 સાંજ સમે શામળિયો

નરસિંહ મહેતા
(સમય : આશરે 15મું શતક)

ભાવનગર પાસેના તળાજામાં તેમનો જન્મ થયો હતો. તેમનું બાળપણ જૂનાગઢમાં વીત્યું. તેમને ગુજરાતી ભાષાના 'આદિકવિ'નું બિરુદ મળેલ છે. 'હિંડોળાનાં પદ', 'વસંતનાં પદ', 'કૃષ્ણલીલા', 'ભક્તિબોધ' વગેરેનાં પદોમાં તેમની કવિતા મળે છે. ઝૂલણા છંદમાં નરસિંહનાં પ્રભાતિયાં આજે પણ લોકકંઠે ગવાય છે. હાર, હૂંડી, મોસાળું, વિવાહ અને શ્રાદ્ધ એમનાં આત્મવૃત્તાંતનાં પદો છે. નરસિંહ મહેતાનાં પદોમાં અધ્યાત્મની ઊંચાઈ જોવા મળે છે.

'સાંજ સમે શામળિયો' કૃષ્ણના મધુર રૂપવર્ણનનું ગીત કાવ્ય છે. સાંજના સમયે ગાયોનું ધણ ગામ તરફ પાછું વળતું હોય એવે સમયે શામળિયો(કૃષ્ણ) વૃંદાવનથી આવતો હોય એવા વર્ણનથી કાવ્યની શરૂઆત થાય છે. મુગુટ, કાનના કુંડળ, પીતાંબર અને ફૂલની પછેડી ધારણ કરેલા કૃષ્ણ ચંદનની જેમ મહેકે છે. કૃષ્ણના રૂપની આવી શોભા વર્ણવવા માટે નરસિંહ મહેતા જુદી જુદી ઉપમાઓ પ્રયોજે છે. જેમ કે તારાઓની વચ્ચે જેમ ચંદ્ર શોભતો હોય, સોના વચ્ચે હીરો શોભે એમ ગોવાળો વચ્ચે ગિરિધર શોભી રહ્યા છે. છેલ્લી બે પંક્તિઓમાં સુંદર-મધુર કૃષ્ણ પર ભક્ત નરસિંહ મહેતા કેવી રીતે વારી જાય છે એ ભાવ શૃંગારિક રીતે વ્યક્ત થયો છે. આવા વ્હાલા, શુભકારી, રસિક કૃષ્ણ વગર રહી શકાય એમ નથી. એને વારંવાર નીરખતા રહેવાના ભાવ સાથે આ કાવ્ય પૂરું થાય છે.

2 ચોરી અને પ્રાયશ્ચિત

ગાંધીજી

(જન્મ : 2-10-1869, અવસાન : 30-1-1948)

'બાપુ', 'રાષ્ટ્રપિતા', 'મહાત્મા'. મોહનદાસ કરમચંદ ગાંધી. ગાંધીજીનો જન્મ પોરબંદરમાં થયો હતો. તેમના પિતા કરમચંદ ગાંધી પોરબંદર રાજ્યના દિવાન હતા. માતાનું નામ પૂતળીબાઈ હતું. પોરબંદર, રાજકોટ અને ઇંગ્લેન્ડમાં અભ્યાસ કર્યો. તેમણે ઇંગ્લેંડમાંથી કાયદાની ઉપાધી મેળવી હતી. દક્ષિણ આફ્રિકામાં હિન્દીઓના હક્કો માટે અને ભારતમાં આઝાદીનું નેતૃત્વ તેમણે કર્યું હતું. તેમની આત્મકથા 'સત્યના પ્રયોગો'ના અનેક ભાષામાં અનુવાદો થયા છે. 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ', 'આરોગ્યની ચાવી', 'અનાસક્તિ યોગ', 'હિંદ સ્વરાજ', 'સર્વોદય', 'મંગળપ્રભાત' તેમનાં નોંધપાત્ર પુસ્તકો છે. તેમણે હજારો પત્રો લખેલા છે. ગાંધીજીનો અક્ષરદેહ ગ્રંથશ્રેણીમાં તેમનાં લખાણો સંગ્રહાયાં છે.

ગાંધીજીની આત્મકથા, 'સત્યના પ્રયોગો'માંથી લેવાયેલો આ પ્રસંગ ગાંધીજીની નિર્ભિકતા, પ્રાયશ્ચિત કરવાની પ્રામાણિકતાની દ્યોતક છે. પોતાના માંસાહારી ભાઈને દેવું થયું હોવાથી એમના કડામાંથી સોનું ચોરવાની વાત આલેખી છે. આ ચોરી કર્યા બાદ ગાંધીજીને પશ્ચાતાપ થાય છે. તેઓ પિતાજી આગળ ચિઠ્ઠી લખીને એની નિખાલસ કબૂલાત કરે છે. ક્રોધી સ્વભાવના પિતા સજા કરવાને બદલે અશ્રુ સારે છે તેમાંથી ગાંધીજીને જીવનમાં પહેલીવાર સત્યાચરણ અને અહિંસાનો પાઠ શીખવા મળે છે, પ્રાયશ્ચિત કેવું મોટું પરિણામ લાવે છે તે અનુભવાય છે.

ગાંધીજીએ એક વાર કરેલી ભૂલ ફરી ન કરી તેમાંથી મહાત્મા બન્યા છે.

3 પછે શામળિયોજી બોલિયા

પ્રેમાનંદ

(સમય : ઈ.સ.ની સત્તરમી સદી)

'કવિ શિરોમણિ'નું માન પામેલા પ્રેમાનંદ વડોદરાના વતની હતા. ગુજરાતી ભાષાના ઉત્તમ આખ્યાનકાર અને માણભટ્ટ તરીકે પ્રસિદ્ધ છે. આંગળીઓ પર પહેરેલી વીંટીઓ વડે તાંબાની માણ રણકાવીને, એના તાલ સાથે સુરીલા કંઠે, અભિનય દ્વારા પ્રેમાનંદ લોકસમુદાયને રસતરબોળ કરતા હતા. તેઓ પૌરાણિક ગ્રંથોમાંથી કથાનકો લઈને, રસસ્થાનોને ખીલવીને, ગુજરાતી વાતાવરણમાં મૂકીને લોકોને રસપાન કરાવતા હતા. 'ઓખાહરણ', 'ચંદ્રહાસ આખ્યાન', 'અભિમન્યુ આખ્યાન', 'સુદામાચરિત્ર', 'કુંવરબાઈનું મામેરું', 'નળાખ્યાન', 'રણયજ્ઞ', 'દશમસ્કંધ' વગેરે આખ્યાનો દ્વારા તેમણે ગુજરાતી કવિતાને સમૃદ્ધ કરી છે. તેઓ આખ્યાનમાં વિવિધ રસની ગૂંથણી કરી શકતા. જ્ઞાન અને બોધ આપતાં તેમનાં આખ્યાનો ખૂબ લોકપ્રિય રહ્યાં છે.

મહાકવિ પ્રેમાનંદના 'સુદામા ચરિત્ર' આખ્યાનમાંથી લેવામાં આવેલા આ કડવામાં કૃષ્ણ અને સુદામાની મૈત્રીનો ભાવ સંવાદશૈલીમાં રજૂ થયો છે. સાંદીપનિ ઋષિના આશ્રમમાં સાથે ભણેલા કૃષ્ણ અને સુદામા વર્ષો પછી મળે છે ત્યારે કૃષ્ણ દ્વારિકાના રાજા છે અને સુદામા એક ગરીબ બ્રાહ્મણ. આમ છતાં બંનેની અતૂટ મૈત્રી અને પરસ્પરનો પ્રેમભાવ ઉત્કટ રીતે આ કડવામાં રજૂ થયો છે. બાળપણમાં મૈત્રી તો ઘણાં સાથે થાય પણ છેવટ સુધી નભાવી રાખવાવાળા વીરલાઓ જ હોય છે. અહીં પરસ્પર સંવાદ દ્વારા બંને મિત્રો પોતે વેઠેલાં સંકટો, પોતે કરેલાં કાર્યોનાં સંભારણાં વાગોળે છે. એમ એક અતૂટ-મધુર મૈત્રીનું દૃષ્ટાંત આ કડવામાં મળે છે.

4 ગોપાળબાપા

મનુભાઈ પંચોળી 'દર્શક'

(જન્મ : 2-11-1914, અવસાન : 29-8-2001)

મનુભાઈ રાજારામ પંચોળી, 'દર્શક' તેમનો જન્મ રાજકોટ જિલ્લાના વાંકાનેર તાલુકાના પંચાશિયા ગામે થયો હતો. સ્વાતંત્ર્ય સૈનિક હતા. જેલ નિવાસ દરમિયાન ખૂબ વાચન કર્યું, મનન-ચિંતન કર્યું. તેઓ ઇતિહાસના ઊંડા અભ્યાસી હતા. તેમણે ગ્રામદક્ષિણામૂર્તિ, લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં ઉચ્ચસ્થાને રહી રાષ્ટ્રીય કેળવણી ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરી. કેળવણીના નવા પ્રયોગો કર્યા. ગાંધીવચિાર, ધર્મ, શિક્ષણ, ઇતિહાસ, સાહિત્ય અને સંસ્કૃતિ વિશે ઊંડાણપૂર્વક લેખન કર્યું છે. 'બંધન અને મુક્તિ', 'દીપ નિર્વાણ', 'સોક્રેટિસ' અને 'કુરુક્ષેત્ર' વગેરે તેમની સુપ્રસિદ્ધ નવલકથાઓ છે. 'ઝેર તો પીધાં છે જાણી જાણી' ભાગ-1-2-3 ગાંધીયુગની સમર્થ નવલકથાઓમાંની એક છે. 'પરિત્રાણ', 'અંતિમ અધ્યાય', 'ગૃહારણ્ય' વગેરે તેમનાં ઉત્તમ નાટકો છે. તેઓ 'રણજિતરામ સુવર્ણચંદ્રક', 'પદ્મભૂષણ', 'સાહિત્ય અકાદમી ઍવોર્ડ, દિલ્હી' તથા જ્ઞાનપીઠના મૂર્તિદેવી પુરસ્કારથી સન્માનિત થયા હતા.

'ગોપાળબાપા' અંશ મનુભાઈ પંચોળી 'દર્શક'ની બૃહદ્‌નવલ 'ઝેર તો પીધાં છે જાણી જાણી'ના પ્રથમ ભાગમાંથી લેવામાં આવ્યો છે. ગોપાળબાપા અને મહારાજા સયાજીરાવનો સંવાદ અહીં કેન્દ્રમાં છે. પોતાના મિત્રના દીકરાને ઉછેરવા માટે ગોપાળબાપા ઝાડી-ઝાંખરાં અને કોતરોવાળી જમીન સયાજીરાવ પાસે માગે છે. એમાં ગોપાળબાપાની નીડરતા, પરોપકાર તથા સમર્પણના દર્શન થાય છે. તો સામે પક્ષે સયાજીરાવની ઉદારતા અને માણસને પારખવાની દૃષ્ટિ પ્રગટ થાય છે. સાચું જીવતર જીવતા ગોપાળબાપા આપણી સંત-પરંપરાના વારસદાર જેવા લાગે છે. માંડણ ભગતની ધરતીને સેવવાની ભલામણ આજના યુગને બંધબેસતી છે.

5 ગુર્જરીના ગૃહ કુંજે

સુન્દરમ્

(જન્મ : 22-3-1908, અવસાન : 13-10-1991)

ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર, 'સુંદરમ્'. ભરૂચ પાસેનું મિયામાતર ગામ તેમનું વતન છે. પોંડિચેરીના શ્રી અરવિંદ આશ્રમમાં નિવાસ કર્યા પછી પૂર્ણયોગના સાધક તરીકે જીવન વિતાવ્યું હતું. ગુજરાતી ભાષાના ઉત્તમ કવિઓમાં સુંદરમ્નું આદરભર્યું સ્થાન છે. 'કોયા ભગતની કડવીવાણી', 'કાવ્યમંગલા', 'વસુધા', 'યાત્રા', 'વરદા' વગેરે તેમના કાવ્યસંગ્રહો છે. તેમની આરંભની કવિતામાં વાસ્તવ દર્શન અને ગાંધીયુગીન ભાવનાઓ પ્રગટ થાય છે, તો ઉત્તરકાલીન કવિતામાં શ્રી અરવિંદનો પ્રભાવ વરતાય છે. કવિતા ઉપરાંત નવલિકા, નાટક, નિબંધ, પ્રવાસ, વિવેચન વગેરે ક્ષેત્રે તેમનું નોંધપાત્ર પ્રદાન છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક તથા દિલ્લી સાહિત્ય અકાદમી પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવેલા છે.

'ગુર્જરીના ગૃહ કુંજે' કાવ્ય 'વસુધા' સંગ્રહમાંથી લેવામાં આવ્યું છે. આ કાવ્યમાં પોતાની જન્મભૂમિ પ્રત્યેનો અપાર પ્રેમ વ્યક્ત થયો છે. સંસ્કૃત સાહિત્યમાં પણ કહેવાયું છે - 'જનની, જન્મભૂમિ સ્વર્ગાદપિ ગરિયસિ, એટલે કે જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ ચડિયાતી છે. પહેલીવાર જ્યાં આંખ ખોલી, પહેલીવાર જ્યાં પગલીઓ પાડી, પહેલીવાર યૌવનનો ઉછાળ જ્યાં અનુભવ્યો, એ ઘર-પ્રદેશ સતત કાવ્યનાયકના મનમાં ગુંજ્યા કરે છે. આ એ ઘર-પ્રદેશ છે જ્યાં અનેક ઋતુઓ પસાર કરી, ડુંગરો-ખેતરોમાં ભમ્યા, નદીઓમાં નાહ્યા, અનેક સુખ-દુઃખ મળ્યાં ને માટે જ આખી દુનિયા ભમ્યા પણ પોતાના ઘરને, પોતાની જન્મભૂમિને ક્યારેય ભૂલ્યાં નહિ એ આ કાવ્યનો મુખ્ય ભાવ છે.

6 લોહીની સગાઈ

ઈશ્વર પેટલીકર

(જન્મ : 9-9-1916, અવસાન : 22-11-1983)

ઈશ્વરભાઈ મોતીભાઈ પટેલ પેટલાદ તાલુકાના પેટલી ગામના વતની છે. પેટલી ગામના નામ પરથી પોતાની અટક પટેલ પરથી પેટલીકર કરી દીધી.

'જનમટીપ', 'પાતાળકૂવો', 'કાજળની કોટડી', 'ધરતીનો અવતાર', 'કંકુ અને કન્યા', 'મારી હૈયા સગડી', 'તરણા ઓથે ડુંગર', 'યુગના એંધાણ', 'ઋણાનુબંધ', 'જુજવેરૂપ', 'સેતુબંધ', 'અભિજાત', 'લાક્ષાગૃહ' વગેરે તેમની મહત્ત્વની નવલકથાઓ છે. 'પારસમણિ', 'ચિનગારી', 'આકાશગંગા', 'કઠપૂતળી', 'લોહીની સગાઈ' વગેરે સુપ્રસિદ્ધ નવલિકા સંગ્રહો છે. એમની કૃતિઓમાં સામાજિક સમસ્યાઓ અને એના ઉકેલો તથા નગરજીવનનાં દસ્તાવેજી ચિત્રો મોખરે રહ્યાં છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયેલો હતો.

'લોહીની સગાઈ' ઈશ્વર પેટલીકરના 'લોહીની સગાઈ' વાર્તાસંગ્રહમાંથી લેવાયેલી ટૂંકી વાર્તા છે. આ વાર્તાના કેન્દ્રમાં માતૃત્વની ચરમસીમાનું આલેખન છે. અમરતકાકીનાં ચાર સંતાનોમાં બે દીકરા અને બે દીકરીઓ છે. જેમાં સૌથી નાની દીકરી મંગુ નાનપણથી જ ગાંડી અને મૂંગી છે. અમરતકાકી અપાર માતૃત્વથી ગાંડી દીકરીની સેવા કરતાં હોય છે. ગામના ઘણાં લોકો દીકરીને ગાંડાંના દવાખાનામાં મૂકી આવવાની સલાહ આપે છે પણ અમરતકાકી એ માટે તૈયાર નથી. આમ છતાં ગામની એક ગાંડી થયેલી છોકરી દવાખાનેથી સાજી-સારી થઈ પાછી આવે છે એ જોઈ અમરતકાકી પણ મંગુને દવાખાને મૂકવા તૈયાર થાય છે. મંગુને દવાખાને મૂકવા જતી વખતની અમરતકાકીની મનોસ્થિતિ અને ત્યાં ગયા પછીના વાર્તાલાપોમાં મંગુ માટેનો માતા તરીકેનો અપાર પ્રેમ વ્યક્ત થયો છે. દવાખાને મૂકીને આવ્યા પછી પણ અમરતકાકીનું મન તો મંગુની ચિંતામાં જ દુઃખી છે. વાર્તાને અંતે લેખકે મૂકેલા શબ્દો 'અમરતકાકી મંગુની નાતમાં વટલાઈ ગયાં હતાં !' દ્વારા મંગુના વિચારોમાં અમરતકાકી પણ ગાંડાં થઈ ગયાં એ સંકેત મૂકી દીધો છે. આમ, આખી વાર્તામાં લેખકે લાઘવથી, શિષ્ટ અને તળપદી ભાષાથી અમરતકાકીનું માતૃત્વ ઉપસાવી આપ્યું.

7 કામ કરે ઈ જીતે

નાથાલાલ દવે

(જન્મ : 3-6-1912 અવસાન : 25-12-1993)

તેમનો જન્મ ભાવનગર જિલ્લાના ભુવા ગામે થયો હતો. ગુજરાત રાજ્યના શિક્ષણાધિકારી તરીકે તેમણે ફરજ બજાવી હતી. 'કાલિંદી', 'જહાનવી', 'અનુરાગ', 'પિયાબિન', 'ઉપદ્રવ', 'મહેનતનાં ગીત', 'ભૂદાન યજ્ઞ', 'સોનાવરણી સીમ', 'હાલો ભેરું ગામડે' અને 'મુખવાસ' તેમના કવિતા સંગ્રહો છે. ગેયતા, પ્રકૃતિ ચિત્રો અને ગ્રામચિત્રો તેમની કવિતાની વિશેષતા છે.

'કામ કરે ઈ જીતે' માનવીય પરિશ્રમનું ગૌરવ કરતું જાણીતું ગીત સ્વરૂપનું કાવ્ય છે. પરિશ્રમ એ હાથ એટલે કે બાવડાની નીપજ છે. જે પરિશ્રમ કરે છે એ જીતે છે. અને દેશને તથા દુનિયાને બદલે છે. કવિએ મહેનત સાથે હૈયાનાં ખમીરની અને સામુહિક પુરુષાર્થની વાત કરીને સ્વનિર્ભરતા અને સ્વમાનની રખેવાળી કરવાનું સૂચવ્યું છે. તળપદી ભાષામાં કવિએ શ્રમની પવિત્રતા પ્રગટ કરી છે.

8 છાલ, છોતરાં અને ગોટલા

બકુલ ત્રિપાઠી

(જન્મ : 26-11-1928, અવસાન : 31-8-2006)

બકુલ પદ્મમણિશંકર ત્રિપાઠીનો જન્મ નડિયાદમાં થયો હતો. તેઓ પ્રથમ હરોળના હાસ્ય સર્જક હતા. તેમણે કોમર્સ કોલેજમાં અધ્યાપન કાર્ય કર્યું હતું. 'સચરાચર', 'સોમવારની સવારે', 'દ્રોણાચાર્યનું સિંહાસન', 'હૈયું ખોલીને હસીએ', 'ગોવિંદે માંડી ગોઠડી' તેમના હાસ્ય નિબંધ સંગ્રહો છે. 'વૈકુંઠ નથી જાવું', 'હિંડોળો ઝાકમઝોળ', 'મન સાથે મૈત્રી', 'અષાઢની સાંજ', 'પ્રિય સખી', વગેરે તેમના લલિત નિબંધ સંગ્રહો છે. દૂરદર્શન પર આવતી તેમની 'ગપસપ' શ્રેણી ખૂબ લોકપ્રિય થયેલી. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો.

બકુલ ત્રિપાઠીનો 'છાલ, છોતરાં અને ગોટલા' હાસ્યનિબંધ 'હાસ્ય એટલે પ્રભુ સાથે મૈત્રી' પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે. આ નિબંધમાં લેખકે ભારતીય લોકોની ગમે ત્યાં કચરો નાખવાની, ગંદકી કરવાની માનસિકતા પર કટાક્ષ કર્યો છે. વેદ-પુરાણ-રામાયણ-મહાભારત આપનાર સંસ્કૃતિના લોકો એ જ સંસ્કૃતિના પ્રતીકસમાં મંદિરોની બહાર જ ગંદકી કરતા હોય છે. જ્યાં સ્વચ્છતા ત્યાં પ્રભુનો વાસ હોય છે, પણ આપણે ત્યાં તો જ્યાં પ્રભુનો વાસ ત્યાં જ ગંદકી હોય છે. કેળાની છાલ, નારિયેળનાં છોતરાં અને મગફળીનાં ફોતરાંનાં ઉદાહરણો દ્વારા લેખક એક ગંભીર પ્રશ્ન તરફ આપણું ધ્યાન દોરે છે. એ માટે કાવ્યપંક્તિ, ફિલ્મી ગીત પંક્તિનો વ્યંગ્યાત્મક ઉપયોગ કર્યો છે. સમગ્ર હાસ્યનિબંધમાં લેખકે અવળવાણી અને કટાક્ષ દ્વારા આપણી ગંદકી અને અણઘડતાની કુટેવને પ્રકાશિત કરી છે.

9 પુત્રવધૂનું સ્વાગત

મકરંદ દવે

(જન્મ : 13-11-1922, અવસાન : 31-01-2005)

મકરંદ વજેશંકર દવે 'સાંઈ' તેઓ રાજકોટ જિલ્લાના ગોંડલના વતની હતા. આઝાદીની ચળવળમાં જોડાયા હતા. અનેક અખબારોમાં કામ કર્યું. તેમણે વલસાડ જિલ્લાના નંદીગ્રામમાં આદિવાસીઓ માટે કાર્ય કર્યું.

'ઝબૂક વીજળી ઝબૂક' તેમનો બાળકાવ્ય સંગ્રહ છે. 'બે ભાઈ', 'તાઈકો', બાળનાટ્ય સંગ્રહો છે. 'યોગપથ' અને 'અંતર્વેદી' તેમના આધ્યાત્મ ચિંતનનાં પુસ્તકો છે. 'તરણાં', 'જયભેરી', 'ગોરજ', 'સૂરજમુખી', 'સંજ્ઞા', 'સંગતિ', તેમના કાવ્ય સંગ્રહો છે. 'શેણી વિજાણંદ' ગીત નાટિકા છે. 'માટીનો મ્હેકતો સાદ' નવલકથા છે. 'સત કેરી વાણી' સંપાદિત ભજનસંગ્રહ છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો.

ગુજરાતી સાહિત્યમાં પુત્રી વિશેના અનેક કાવ્યો છે પણ પુત્રવધૂનું સ્વાગત એક વિરલ કાવ્ય છે. કવિ પુત્રવધૂને લક્ષ્મીજી સાથે સરખાવે છે. એના આવવાથી ઘરમાં સો-સો કમળની સુગંધ આવી તેમ વર્ણવી તેનો મહિમા કરે છે. પુત્રવધૂના આવવાથી ઘરનું સૌંદર્ય કેવું ખીલી ઊઠે છે તેનાં ચિત્રો આપી એને ઘરનું છત્ર અને છાંયડી ગણાવી અદ્‌ભૂત ગૌરવ કરે છે. બંને કુળ ઉજાળનાર પુત્રવધૂના આગમનથી જીવતરની હાશ (નિરાંત)નો ભાવ કવિએ ઉત્તમ રીતે પ્રગટ કર્યો છે.

10 ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ

વિનોબા ભાવે

(જન્મ : 11-9-1895, અવસાન : 15-11-1982)

વિનાયક નરહરિ ભાવે, વિખ્યાત 'વિનોબા'ને નામે. રાયગઢ જિલ્લાના ગાગુડે ગામમાં તેમનો જન્મ થયો હતો.

તેઓ આચાર્યના હુલામણા નામે પ્રસિદ્ધ હતા. ગાંધીજીના અનુયાયી અને ભૂદાન ચળવળના પ્રણેતા હતા. તેઓ મૌલિક ચિંતક અને લેખક હતા. તેમણે ભગવદ્‌ગીતાનો મરાઠીભાષામાં અનુવાદ કર્યો હતો. 'ગીતાપ્રવચનો' (ભારતની તમામ ભાષામાં અનુવાદિત) 'વિચારપોથી', 'સ્થિતપ્રજ્ઞ દર્શન', 'મધુકર', 'ક્રાંતિ દર્શન', 'સ્વરાજ્ય શાસ્ત્ર', 'ભૂદાન ગંગા ભાગ-૧ થી ૧૦ તેમનાં મહત્ત્વનાં પુસ્તકો છે. તેમને રેમ મેગ્સેસ એવોર્ડ તથા ભારતરત્નથી સન્માનિત કરાયા હતા.

વિનોબા ભાવેએ 'ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ' નિબંધમાં સંસ્કૃતિ-પ્રકૃતિ અને વિકૃતિ વચ્ચેનો ભેદ ઉદાહરણોથી સમજાવ્યો છે. વિકૃતિનો અસ્વીકાર અને પ્રકૃતિને સંસ્કૃતિનું રૂપ આપવાની ભલામણ લેખકે કરી છે. ભારતીય સંસ્કૃતિની પ્રયોગશીલતાનો લેખકે મહિમા કર્યો છે. ભારત દેશનો વિચાર વૈભવ અદ્‌ભુત છે એમ કહી લેખકે ભારતીય સંસ્કૃતિની ખૂબીઓ ખૂબ સચોટ રીતે સમજાવી વિવિધતામાં એકતાની વિશેષતા સ્પષ્ટ કરી છે.

11 મરજીવિયા

પૂજાલાલ

(જન્મ : 17-06-1901, અવસાન : 27-12-1985

પૂજાલાલ રણછોડદાસ દલવાડીનું વતન આણંદ જિલ્લામાં આવેલું નાપા ગામ છે. પૂજાલાલના નામથી સાહિત્યકૃતિઓ લખેલી છે. તેઓ કવિ તરીકે જાણીતા છે. તેમણે ૧૯૨૬થી શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરીમાં વસવાટ કર્યો હતો. 'પારિજાત', 'પ્રભાતગીત', 'શ્રી અરવિંદ વંદના', 'શ્રી અરવિંદ મહાપ્રભુ', 'સાવિત્રી પ્રશસ્તિ' વગેરે કાવ્ય ગ્રંથોમાં શ્રી અરવિંદ દર્શનના અને અધ્યાત્મભાવનાં કાવ્યો છે. તેમણે પ્રદેશપ્રેમ અને રાષ્ટ્રપ્રેમનાં કાવ્યો પણ લખેલાં છે. 'ગુર્જરી' એ તેમનો સૉનેટ કાવ્યોનો સંગ્રહ છે. તેમણે બાળકાવ્યો અને કિશોરકાવ્યો પણ લખેલાં છે.

'મરજીવિયા', સૉનેટ સ્વરૂપની કાવ્યરચના છે. સૉનેટ ચૌદ પંક્તિનું છંદમાં લખાતું કાવ્યસ્વરૂપ છે. સમુદ્રમાં મોતી લેવા માટે જતી વ્યક્તિઓને મરજીવિયા કહેવાય છે. કારણ કે અગાધ સમુદ્રમાં મોતી લેતાં મૃત્યુનું પણ જોખમ હોય છે, માટે જ એને મરજીવિયા કહેવાય છે. પ્રસ્તુત કાવ્યમાં ડર્યાં વગર, અટક્યા વગર ઉત્સાહથી સમુદ્ર તરફ આગળ વધતા મરજીવિયાનું વર્ણન છે. પ્રિયજનોની આંખોમાં આંસુ છે પણ મરજીવિયા એમ વાર્યા વળે એવા નથી. એ દૃઢ નિશ્ચયી છે. અફાટ, અગાધ, વિકરાળ સમુદ્રમાં એ મોતી લેવા પ્રવેશે છે. મૃત્યુની મુખોમુખ થઈને મોતી લઈ બહાર આવે છે, ત્યાં સૉનેટ પૂરું થાય છે. જીવનમાં જે દૃઢનિશ્ચયી રહીને સાહસ કરે છે એને જ મોતીરૂપી ફળ મળે છે એ ભાવ આ સૉનેટ દ્વારા વ્યક્ત થાય છે.

12 સખી માર્કંડી

કાકાસાહેબ કાલેલકર

(જન્મ : 1-12-1885, અવસાન : 21-8-1981)

દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર મૂળ મહારાષ્ટ્રના સતારાના વતની હતા. ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક અને આચાર્ય પદે રહ્યા હતા. માતૃભાષા મરાઠી હોવા છતાં તેમણે ગુજરાતી ભાષામાં ઉત્તમ સાહિત્ય સર્જન કર્યું છે. તેથી ગાંધીજીએ તેમને 'સવાઈ ગુજરાતી' તરીકે ઓળખાવ્યા. 'ગંગામૈયા', 'યમુનારાણી', 'ઉભયાન્વયી નર્મદા', 'દક્ષિણ ગંગા ગોદાવરી', તેમના ગદ્યલેખન શૈલીના ઉત્તમ નમૂના છે. 'હિમાલયનો પ્રવાસ', 'બ્રહ્મદેશનો પ્રવાસ', 'પૂર્વઆફ્રિકામાં', 'ઉગમણો દેશ જાપાન' તેમના પ્રવાસ વર્ણનના ગ્રંથો છે. 'રખડવાનો આનંદ', 'જીવનનો આનંદ', 'જીવનલીલા' તેમના નિબંધ સંગ્રહો છે. 'સ્મરણયાત્રા', 'ઓતરાતી દીવાલો'માં અનુક્રમે શૈશવ અને જેલ જીવનના પ્રસંગોનું સુંદર વર્ણન છે. 'કાલેલકર ગ્રંથાવલીમાં' તેમનું સમગ્ર સાહિત્ય ગ્રંથસ્થ થયું છે. તેમને સાહિત્ય અકાદમી ઍવોર્ડ, દિલ્હી તથા પદ્મવિભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાકાસાહેબ કાલેલકરનો પ્રવાસ નિબંધ 'સખી માર્કંડી' ભારતની નદીઓ વિશેના એમના પુસ્તક 'લોકમાતા'માંથી લેવામાં આવ્યો છે. આપણી સંસ્કૃતિમાં નદીને માતા કહી છે પણ આ નિબંધમાં લેખક નદીને પોતાની સખી રૂપે આલેખે છે. લેખકના ગામ પાસેથી વહેતી માર્કંડીની સાથે એમનું બાળપણ વિત્યું હોવાથી એક વિશેષ ભાવ એની સાથે અનુભવ્યો છે. માર્કંડીનું સૌંદર્ય, એની મૈત્રી, નિકટતા વર્ણવીને લેખકે નદીનું અલગ સ્વરૂપ પ્રગટ કર્યું છે.

13 રસ્તો કરી જવાના

અમૃત 'ઘાયલ'

(જન્મ : 19-8-1916, અવસાન : 25-12-2002)

અમૃતલાલ લાલજીભાઈ ભટ્ટ 'ઘાયલ'નું વતન રાજકોટ જિલ્લાનું સરધાર છે. 'શૂળ અને શમણાં', 'રંગ', 'રૂપ', 'ઝાંય', 'અગ્નિ', તેમજ 'ગઝલ નામે સુખ' વગેરે એમના ગઝલ સંગ્રહો છે. 'આઠોં જામ ખુમારી'માં તેમની સમગ્ર કવિતા પ્રકાશિત થઈ છે. ગઝલકાર તરીકે તેમનું મહત્ત્વનું પ્રદાન છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો.

'રસ્તો કરી જવાના' મનુષ્યની અડગ ખુમારીને વ્યક્ત કરતી ગઝલ છે. અપાર મુશ્કેલીઓમાં પણ ઈશ્વર પર શ્રદ્ધા રાખી, અડગ આત્મબળથી, દરેક પરિસ્થિતીમાં રસ્તો કરી જવાના એ આ ગઝલનું કેન્દ્રબિંદુ છે. કવિ અમૃત ઘાયલ જુદા-જુદા શેરમાં અનેક દૃષ્ટાંતો દ્વારા કાળને પણ પડકાર આપે છે. 'રસ્તો કરવો' એ અહીં વિશિષ્ટ શબ્દ પ્રયોગ છે. જીવનની વિવિધ સ્થિતિમાં કેમ પાર ઉતરવું એની ખુમારીની આ ગઝલ છે.

14 વાડી પરનાં વહાલાં

ઇસ્માઇલભાઈ નાગોરી

(જન્મ : 4-11-1904, અવસાન : 14-1-1983)

રાજકોટ જિલ્લાનું વાંકાનેર તેમનું વતન હતું. તેઓ ફારસી-અરબી ભાષાના સ્નાતક હતા. પછી પૂનાની ખેતીવાડી કોલેજમાંથી કૃષિ સ્નાતક થયા હતા. સ્વરાજની લડતના સૈનિક હતા. તેમણે ઉત્તમ ગ્રામસેવા કરી હતી. લોકભારતી ગ્રામ વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે કાર્ય કર્યું હતું. 'વનસ્પતિ જીવનદર્શન'માં વનસ્પતિ જીવન વિશે સુંદર આલેખન છે. તો 'વાડી પરનાં વહાલાં'માં વાડીનાં મનુષ્ય અને પ્રાણીઓનો હૃદયસ્પર્શી પરિચય છે. 'મુસ્લિમોનો ધર્મ' અને 'આંગણાનો બગીચો' તેમની પરિચય પુસ્તિકાઓ છે.

વાડી (ખેતર) પર નભનારા માણસોના જીવનમાં વાડી કેવી રીતે ઓતપ્રોત થયેલી હોય છે, તેમજ વાડી પર નભનારાં પશુ-પંખી-જનાવરોની સૃષ્ટિ પણ કેવી આત્મીય હોય છે એ આ પાઠમાં આલેખાયું છે. ઋતુ-ઋતુનાં અનાજ, ફળ અને એની સાથે જોડાયેલી આખી સૃષ્ટિ આ નિબંધમાં સર્જનાત્મક રીતે પ્રગટ થઈ છે. વાડીની દુનિયા કેવી ભરીભરી અને વૈવિધ્યપૂર્ણ હોય છે તેનું ચિત્ર રસિક રીતે આલેખાયું છે.

15 ગોદ માતની ક્યાં ?

ચંદ્રકાન્ત શેઠ

(જન્મ : 3-2-1938)

ચંદ્રકાન્ત ત્રિકમલાલ શેઠ ખેડા જિલ્લાના ઠાસરા ગામના વતની છે. ઉત્તમ અધ્યાપક તરીકે નિવૃત્ત થયા પછી ગુજરાતી વિશ્વકોશમાં, બાળવિશ્વકોશમાં સહ સંપાદક તરીકે કાર્ય કરે છે. તેઓ મુખ્યત્વે કવિ, વિવેચક અને નિબંધકાર છે. 'પવન રૂપેરી', 'ઊઘડતી દીવાલો', 'પડઘાની પેલે પાર', 'એક ટહુકો પંડમાં', 'ગગન ખોલતી બારી', 'શગે એક ઝળહળીએ' 'જળ, વાદળ ને વીજ' તેમના કાવ્યસંગ્રહો છે. 'ચાંદલિયાની ગાડી', 'હું તો ચાલુ મારી જેમ', અને 'ઘોડે ચડીને આવું છું', એ તેમના બાળગીતોના સંગ્રહો છે. 'નંદ સામવેદી' તેમનો લલિત નિબંધોનો સંગ્રહ છે. 'ધૂળમાંથી પગલીઓ' સ્મરણકથા છે. તેઓ રણજિતરામ સુવર્ણચંદ્રક તથા સાહિત્ય અકાદમી દિલ્હીના એવોર્ડથી સન્માનિત થયેલા છે.

માની મમતાથી ઉપર આ સૃષ્ટિમાં બીજું કશું નથી એ ભાવ આ કાવ્યના કેન્દ્રમાં છે. આ સૃષ્ટિના દુન્યવી રૂપો અને જુદાં જુદાં તત્ત્વો સાથે માના વાત્સલ્યથી જુદી-જુદી સ્થિતિઓનું અહીં નિરૂપણ થયું છે. જીવનમાં બીજું બધું મળશે પણ માની ગોદથી વિશેષ મૂલ્યવાન બીજું કશું નથી. માના સમગ્ર વ્યક્તિત્વમાંથી માત્રને માત્ર પ્રેમ-વાત્સલ્ય અને કરુણા જ દ્રવતી હોય છે. એ આકર્ષક લય-પ્રાસ દ્વારા આ કાવ્યમાં પ્રગટ થયું છે. તુલના દ્વારા માતા માટેનાં ભાવચિત્રો ખૂબ જ સુંદર રીતે ઘૂંટાયાં છે.

16 કુદરતી

લાભશંકર ઠાકર

(જન્મ : 14-01-1935 અવસાન : 06-01-2016)

લાભશંકર જાદવજી ઠાકર 'પુનર્વસુ'નો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના સેડલા ગામે થયો હતો. તેમનો વ્યવસાય આયુર્વેદના વૈદ્ય તરીકેનો હતો. 'વહી જતી પાછળ રમ્ય ઘોષા', 'માણસની વાત', 'બૂમ કાગળમાં કોરા', 'મારા નામને દરવાજે', 'લઘરો', 'ટેવ', 'રમત', વગેરે તેમના મહત્ત્વના કાવ્યસંગ્રહો છે. 'એક ઉંદર અને જદુનાથ', 'પીળું ગુલાબ અને હું', તેમના મહત્ત્વનાં નાટકો છે. 'મરી જવાની મજા', 'બાથટબમાં માછલી', તેમના મત્ત્વનાં એકાંકી સંગ્રહો છે. 'મારી બા' અને 'બાપા વિશે' મહત્ત્વનાં નોંધપાત્ર ચરિત્રો છે. 'અકસ્માત', 'કોણ ?', 'ચમકચાલીસા', 'લીલાસાગર', 'કુહૂકુહૂ બોલે કોયલિયા' તેમની પ્રયોગશીલ નવલકથાઓ છે. નિબંધ, બાળસાહિત્ય અને આયુર્વેદના લેખનમાં પણ તેમનું પ્રદાન છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો.

'કુદરતી' એકાંકી લાભશંકર ઠાકરના 'મરી જવાની મજા' એકાંકીસંગ્રહમાંથી લેવામાં આવ્યું છે. એકાંકીનું મુખ્યપાત્ર બાબુ અચાનક મૃત્યુ પામે છે ને સાંજે પાછો જીવતો થાય છે. ત્યારે આસપાસના સગા-સંબંધીઓને એના એક દિવસના સ્વર્ગગમનના અનુભવો કહે છે. સવારે પેશાબ કરવા જતાં અચાનક જ એનાથી એક કીડી બચાવવાનું પુણ્ય થઈ જાય છે. એથી બાબુ એક દિવસ સ્વર્ગમાં પસાર કરી હજી આયુષ્ય બાકી હોવાથી પૃથ્વીલોક પર પાછો આવે છે. આવીને બધાને સ્વર્ગમાં રહેતા દેવલા અને ઇન્દ્રરાજાની વાતો કરે છે.

એકાંકીમાં લેખકે કુદરતી રીતે (સહજ રીતે) થતા કામનો મહિમા વર્ણવ્યો છે. એ જ પુણ્યકાર્ય છે એ સૂચવ્યું છે. નાટકનો આ ધ્વનિ હળવાશથી, મર્માળી રીતે, નાટ્યાત્મક રીતે લેખકે પ્રગટ કર્યો છે.

17 મારા સપનામાં આવ્યા હરિ

રમેશ પારેખ

(જન્મ : 27-11-1940, અવસાન : 17-05-2006)

રમેશ મોહનલાલ પારેખનો જન્મ અમરેલીમાં થયો હતો. તેઓ વ્યવસાયે જિલ્લા પંચાયતમાં ક્લાર્ક હતા. 'ક્યાં, 'ત્વ', 'ખડિગ', 'સનનન', 'ખમ્મા આલા બાપુને', 'મીરાં સામે પાર', 'વિતાન સુદ બીજ', 'છાતીમાં બારસાખ', 'સ્વગત પર્વ', 'ચશ્માના કાચ પર', એ એમના મહત્ત્વના કાવ્યસંગ્રહો છે. 'કાળ સાચવે પગલાં', અને 'મન પાંચમના મેળામાં' એમના મરણોત્તર સંપાદનો છે. 'છ અક્ષરનું નામ'માં એમની સમગ્ર કવિતા ગ્રંથસ્થ થઈ છે. 'હાઉક ચીં', 'દે તાલ્લી', 'હફરક લફરક', 'અજબ ગજબનો ખજાનો', તેમના બાળસાહિત્યના સંગ્રહો છે. 'સગપણ એક ઉખાણું', 'સૂરજને પડછાયો હોય' એ એમનાં નાટકો છે. રણજિતરામ સુવર્ણચંદ્રક અને સાહિત્ય અકાદમી, દિલ્હીનાં પારિતોષિકથી તેઓ સન્માનિત થયા છે.

'મારા સપનામાં આવ્યા હરિ' રચના રમેશ પારેખના 'છ અક્ષરનું નામ' સંગ્રહમાંથી પસંદ કરવામાં આવી છે. આ ઊર્મિગીતમાં પ્રભુપ્રેમમાં બ્હાવરી બનેલી ગોપીના મનોભાવો રજૂ થયા છે. ગોપીને ભાસ થાય છે કે એના સપનામાં આવેલા હરિએ એને બોલાવી, ઝુલાવી, વ્હાલી કરી. એના તરફ પ્રેમ વ્યક્ત કર્યો. કૃષ્ણ જેમ દ્વારિકાના રાજા હતા એમ ગોપીના મનની દુવારિકાના પણ રાજા છે. ગોપીની કૃષ્ણ પ્રીતિની તીવ્રતા ત્યાં સુધી પહોંચે છે કે કંસાર કરવા મૂકેલા આંધણમાં 'ઓરી દીધો મેં સંસાર'નો એકાત્મભાવ રચાય છે. કાવ્યના અંતે આવતો હરિનો ઉદ્‌ગાર 'અરે બ્હાવરી...!'માં જાણે કે પૂર્ણ આત્મીયતા પામેલી નાયિકાને હરિનો ઉત્તર મળી જાય છે. સપનાનું મિલન જાણે કે જાગ્રત અવસ્થાનું પણ મિલન હોય એવી ભાવદશા આ કાવ્યને નવી ઊંચાઈ આપે છે.

18 પંગુમ્ લંઘયતે ગિરિમ્

સંકલિત

'પંગુમ્ લંઘયતે ગિરિમ્' એક યુવતીના અડગ આત્મવિશ્વાસને વ્યક્ત કરતું આ રેખાચિત્ર છે. અરુણિમા નામની રાષ્ટ્રકક્ષાની વૉલીબૉલ ખેલાડીને લૂંટારાઓ રાત્રે ટ્રેનમાંથી ફેંકી દે છે. એ જ વખતે સામેથી આવતી ટ્રેન નીચે એનો પગ કપાઈ જાય છે. આવી વિકટ પરિસ્થિતિમાં હિંમત હાર્યા વગર એ પોતાના પગનું એનેસ્થેસિયા વગર ઑપરેશન કરાવે છે, એટલું જ નહિ એ ક્ષણે એ એવરેસ્ટ સર કરવાનું સ્વપ્ન સેવે છે. એક યુવતીના આત્મવિશ્વાસની આ ચરમસીમા છે. અનેક મુશ્કેલીઓ પછી એ એવરેસ્ટ તો સર કરે જ છે પણ એ સિવાય વિશ્વનાં બીજાં શિખરો પણ સર કરે છે, અને જાણે કે પંગુમ્ લંઘયતે ગિરિમ્ સુભાષિતને સાર્થક કરે છે.

19 પપ્પા, હવે ફોન મૂકું ?

મનોહર ત્રિવેદી

(જન્મ : 4-4-1944)

અમરેલી જિલ્લાના હીરાણા ગામમાં તેમનો જન્મ થયો હતો. જીવનભર તેમણે ઉત્તમ શિક્ષક તરીકે કાર્ય કર્યું. 'મોંસૂઝણું', 'ફૂલની નૌકા લઈને', 'છુટ્ટી મૂકી વીજ', 'આપોઆપ', 'વેળા' તેમના કાવ્યસંગ્રહો છે. 'નથી', 'ગજવામાં ગામ' અને 'નાતો' તેમની નવલિકા સંગ્રહો છે. 'ઘરવખરી', 'તેઓ' તેમના ચરિત્ર નિબંધોના સંગ્રહો છે. 'કાચનો કૂપો, તેલની ધાર', 'ટિલ્લી', 'આલ્લે લે' તેમની બાળસાહિત્યની કથાઓ છે. ગીતમાં અને ગઝલમાં તેમની નોંધપાત્ર ગતિ રહી છે.

હૉસ્ટેલમાં રહેતી દીકરી પપ્પાને ફોન કરીને જે ગોઠડી માંડે એ પ્રસંગ સહજ રીતિએ કવિએ આ ગીતમાં મૂક્યો છે. આ ગીત કવિના 'વેળા' કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવ્યું છે. ગીતની શરૂઆત '...તો, પપ્પા ! હવે ફોન મૂકું ?' જેવા પ્રશ્નાર્થથી થાય છે. એટલે કે પપ્પા અને દીકરી વચ્ચે ઘણી વાત થઈ ગઈ છે છતાં ફોન મૂકવાની ઇચ્છા નથી થતી. આખા કાવ્યમાં દીકરી જ બોલે છે. પપ્પાના પ્રશ્નો દીકરીના ઉત્તરથી સૂચવાઈ જાય છે. મમ્મીનું ભોળપણ, પપ્પાની ઉતાવળ દ્વારા દીકરીની માતા-પિતા પ્રત્યેની ચિંતા-પ્રેમ-લાગણી બધું ખૂબ જ ઓછા શબ્દોમાં વ્યક્ત થઈ જાય છે. કાવ્યના અંતે પણ ફોન તો પૂરો થતો નથી કારણ કે શરૂઆતમાં જેમ પ્રશ્ન છે એમ અંતે પણ પ્રશ્ન છે. આથી ચતુર ભાવક પામી જાય છે કે ફોન મુકાવાનો નથી. વાત હજી આગળ ચાલવાની છે. આમ, માતા-પિતા અને દીકરીના લાગણી તંતુને વ્યક્ત કરતી આ ઉત્તમ ગીતરચના છે.

20 સમાજ સમર્પિત શ્રેષ્ઠી

-સંકલિત

આ રેખાચિત્રમાં ગુજરાતમાં અને પૂર્વ આફ્રિકામાં જાણીતા થયેલા શ્રી નાનજીભાઇ કાલિદાસ મહેતાના વિરલ વ્યક્તિત્વ અને જીવનકાર્યોનું પ્રેરણા આપે તેવું દર્શન થાય છે. 'સાદું જીવન અને ઉચ્ચ વિચારો' એ તેમનો જીવનમંત્ર હતો. યુગાન્ડા, કેન્યા અને ગુજરાતમાં તેમણે ઉદ્યોગ અને શિક્ષણ ક્ષેત્રે સ્થાપેલી સંસ્થાઓ પાછળ તેમની અનન્ય કોઠાસૂઝ, દૃઢ સંકલ્પશક્તિ, પ્રબળ પુરુષાર્થ, નિષ્કામ સેવાવૃત્તિ, વિદ્યાપ્રીતિ અને ઈશ્વર શ્રદ્ધાનાં દર્શન થાય છે. યુગાન્ડામાં તેઓ 'બેતાજ બાદશાહ' તરીકે ઓળખાયા છે. 82 વર્ષનું કર્મનિષ્ઠ જીવન જીવી પરોપકાર અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ તેમણે પૂરું પાડ્યું છે. શૂન્યમાંથી સર્જન કરનાર ગુજરાત અને પૂર્વ આફ્રિકાના સમાજને સમર્પિત આ ઉત્તમ શ્રેષ્ઠીની વિરલતા આ નાનકડા રેખાચિત્રમાં સજીવ બની છે.

21 તેજમલ

સંકલિત

શત્રુઓની ફોજ પોતાના રાજ્ય પર ચડી આવે છે, પણ પુત્રહીન વૃદ્ધ ઠાકોર - સાત-સાત દીકરીએ પણ આજ પોતાને વાંઝિયો સમજી, નિરુપાય બની રડે છે. ગામની રક્ષા કરનાર કોઈ નથી. ત્યાં તો બાપુની મુંઝવણ જોઈને તેજમલ નામની દીકરી પુરુષવેશે શસ્ત્રો સજી, રણે ચડે છે. જે ફોજમાં પોતે લડવા જાય છે તેમાં પોતાની ચતુરાઈથી સ્ત્રીત્વનાં તમામ લક્ષણો છુપાવે છે અને વિજય મેળવી એ વીરાંગના બની પાછી આવે છે. દાદા અને તેજમલ તથા સેનાની પુરુષ અને તેજમલના સંવાદોમાં સ્ત્રી-પુરુષનાં સ્વભાવ લક્ષણોનું રમ્યચિત્ર મળે છે. સ્ત્રીનાં વીરત્વ અને મહત્તાનું પણ આ ઉત્તમ લોકગીત છે.

22 બોળો

ઝવેરચંદ મેઘાણી

(જન્મ : 28-8-1896, અવસાન : 9-3-1947)

ઝવેરચંદ કાળીદાસ મેઘાણી 'રાષ્ટ્રીય શાયર' તેમનો જન્મ ચોટીલામાં થયો હતો. તેમનું વતન બગસરા હતું. તેઓ શામળદાસ કોલેજ ભાવનગરમાં ભણ્યા હતા. તેમણે 'સૌરાષ્ટ્રની રસધાર', 'સોરઠી બહારવટિયા' 'સોરઠી સંતવાણી', 'દાદાજીની વાતો', વગેરે લોકવાર્તાના સંપાદનો આપ્યાં છે. 'કંકાવટી', 'રઢિયાળી રાત', 'ચૂંદડી', 'હાલરડાં', 'ઋતુગીતો', જેવાં લોકગીતોનાં સંપાદનો તેમણે કરેલા છે. 'સૌરાષ્ટ્રના ખંડેરોમાં' 'લોકસાહિત્યનું સમાલોચન', 'ધરતીનું ધાવણ', જેવા ગ્રંથોમાં લોકસાહિત્યની મીમાંસા કરેલી છે. 'યુગવંદના', 'સિંધુડો' તેમના કાવ્યસંગ્રહો છે. 'સોરઠ તારાં વહેતાં પાણી', 'સમરાંગણ', 'તુલસીક્યારો', 'વેવિશાળ, 'નિરંજન' વગેરે સામાજિક નવલકથાઓ છે. 'રાણોપ્રતાપ', 'શાહજહાં', નાટ્ય અનુવાદો છે. 'વેણીનાં ફૂલ' અને 'કિલ્લોલ' બાળકાવ્યોના સંગ્રહો છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો.

'બોળો' લોકવાર્તામાં ભાવનગરના ઠાકોર વજેસંગજી અને ખેડૂત સોંડાની જુદી-જુદી ઘટનાઓ દ્વારા ઠાકોર વજેસંગજીની દિલદારી અને કર્તવ્યનિષ્ઠા વ્યક્ત થઈ છે. વૈશાખના તાપમાં એક અજાણ્યા ઘોડેસવારને સોંડો પ્રેમથી બોળો જમાડે છે સાથે-સાથે પ્રજાને પડતી હાડમારી કહેતો જાય છે. ને રાજા વિશે પણ કડવાં વેણ બોલે છે. બીજા દિવસે ભાવનગરમાંથી સોંડાને તેડું આવે છે. રાજમહેલમાં જઈ જુએ છે તો જે ઘોડેસવારને ગાળો આપેલી એ તો મહારાજ વજેસંગજી પોતે હતા. વજેસંગજી સોંડાને સજા કરવાને બદલે બિરદાવી જાગીર આપે છે. પોતાની પ્રજા કેટલી નિડર છે એ જાણી એમને આનંદ થાય છે. પ્રજા અને રાજકર્તાનો સંબંધ કેવો ખુલ્લો, કદર કરનારો અને વત્સલ હોવો જોઈએ એની આ નમૂનેદાર વાર્તા છે.

23 લઘુકાવ્યો

મુકુન્દરાય પારાશર્ય

(જન્મ : 13-2-1914, અવસાન : 19-5-1985)

તેમનો જન્મ મોરબી મુકામે થયો હતો. વતન ભાવનગર. ગાંધીયુગના કવિ પારાશર્યે કવિતા અને વ્યક્તિચિત્રોમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. 'અર્ચન', 'સંસૃતિ', 'ફૂલ ફાગણનાં', 'દીપમાળા', 'કંઠચાતકનો', 'પ્રાણપપૈયો', 'ભદ્રા', 'અલકા' તેમના નોંધપાત્ર કાવ્યસંગ્રહો છે 'સુદામાચરિત' અને 'ગજેન્દ્રમોક્ષ' આખ્યાનો છે. 'ઉર્મિલા' અને 'ગૌરી' તેમની નવલકથાઓ છે. 'સત્યકથા ભા-૧-૨-૩', 'મારી મા', 'સત્ત્વશીલ કથાઓ' 'મારાં મોટી બા અને બીજી સત્યકથાઓ' તેમના વ્યક્તિચિત્રોના ઉત્તમ સંગ્રહો છે. 'પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિત્વદર્શન' વિશિષ્ટ જીવનચરિત્ર છે. તેમનાં વ્યક્તિચિત્રો ગુજરાતી ભાષાની સમૃદ્ધિ છે.

પ્રથમ લઘુકાવ્ય મુક્તક સ્વરૂપમાં છે. તેમાં માનવાના અડગ આત્મવિશ્વાસનો ભાવ રજૂ થયો છે જે વ્યક્તિ ગમે તેવી મુશ્કેલીઓમાં પણ જિંદગીથી હારતી નથી એ મોત સામે પણ ઝઝૂમી શકે છે. આગ એટલે કે જીવનની ભીષણ પરિસ્થિતિ સામે જે ટક્કર ઝીલે છે એ ગમે તેવી વિકટ સ્થિતિને શાંત કરી શકે છે. ટાંકણાના ઘા સહન કરીને પણ આરસપહાણ તૂટતો નથી ઊલટાનું એમાંથી સરસ શિલ્પ બને છે. આમ જીવનમાં કોઈપણ પરિસ્થિતિ સામે અડગ રહેવાનો ભાવ આ મુક્તકમાં છે.

જિંદગીથી ના ડરે એ મોતને ડારી શકે,
આગને જે પી શકે તે આગને ઠારી શકે;
ટાંકણાના ઘા સહીને પણ કદી તૂટે નહિ,
એ જ આરસપ્હાણ નિજ પર શિલ્પને ધારી શકે.

– મુકુન્દરાય પારાશર્ય

*

સ્નેહરશ્મિ

(જન્મ : 16-4-1903, અવસાન : 6-1-1991)

ઝીણાભાઈ રતનજી દેસાઈ 'સ્નેહરશ્મિ' તેઓ વલસાડ જિલ્લાના ચીખલી ગામના વતની હતા. ગૂજરાત વિદ્યાપીઠમાંથી સ્નાતક થયા હતા. જાપાનનાં 'હાઈકુ' કાવ્ય પ્રકારને સૌ પ્રથમવાર ગુજરાતીમાં લાવવાનો યશ એમને જાય છે. 'અર્ઘ્ય', 'પનઘટ', 'અતીતની પાંખેથી', 'નિજલીલા', તેમના કાવ્યસંગ્રહો છે. 'સોનેરી ચાંદ રૂપેરી સૂરજ', 'કેવળબીજ' તેમના હાઈકુ સંગ્રહો છે. 'તરાપો', 'ઉજાણી' તેમના બાળકાવ્ય સંગ્રહો છે. 'સકલકવિતા' કવિની સમસ્ત કાવ્યરચનાનો ગ્રંથ છે. 'ગાતા આસોપાલવ', 'તૂટેલા તાર', 'સ્વર્ગ અને પૃથ્વી', 'મોટી બ્હેન', 'હીરાનાં લટકણિયાં', 'શ્રીફળ' તેમના વાર્તાસંગ્રહો છે. 'અંતરપટ' તેમની નવલકથા છે. 'સાહિત્યપલ્લવ' રૂપે તેમણે કરેલું પાઠ્યપુસ્તક સંપાદન નોંધપાત્ર છે.

હાઈકુ મૂળ જાપાનનો કાવ્યપ્રકાર છે. એ ત્રણ પંક્તિમાં પાંચ-સાત પાંચ અક્ષરોનું ચોક્કસ બંધારણ ધરાવે છે. સત્તર અક્ષરનું આ લઘુકાવ્ય સ્વરૂપ કોઈ વિચાર, સંવેદન કે પ્રકૃતિ દૃશ્યનું ચિત્ર દર્શાવતું હોય છે. અહીં ટેલીવિઝન આપણાં જીવનનું અભિન્ન અંગ બની ગયું છે છતાં દીકરો જ્યારે માતા-પિતાની ગોદમાં આવે છે ત્યારે ટેલિવિઝન પણ ગૌણ બની જાય છે, એ વાત રજુ થઈ છે. એટલે કે ગમે તેવા ભૌતિક સાધનોની વચ્ચે આકર્ષણ તો માનવીય સંવેદનનું જ હોય છે.

ટેલિવિઝન
બેકાર પડ્યું, છૈયો
ખૂંદતો ખોળો

– સ્નેહરશ્મિ

24 પ્રેરક પ્રસંગો

એક : **સંકલિત**

પ્રથમ પ્રસંગમાં કોઈ પણ કાર્ય કરતી વખતે શ્રદ્ધા અતિમહત્ત્વની છે એ ભાવ રજૂ થયો છે. એક નાની બાળકી પણ જે શ્રદ્ધાથી પ્રાર્થના કરવામાં આવી છે એ આ પ્રસંગનું કેન્દ્રબિંદુ છે. મોટાઓને શ્રદ્ધા નથી, બાળકીને છે માટે એ છત્રી લાવી છે.

બે :

નાનક સાહેબના પ્રેરક પ્રસંગમાં જન્મથી નહીં પણ કર્મથી માણસ મહાન અને આદરપાત્ર બને છે એ ભાવના રજૂ થઈ છે.

ત્રણ :

ત્રીજા પ્રેરક પ્રસંગમાં રઘુનાથજી પુરુષોત્તમ પરાંજપેના પ્રસંગ દ્વારા દેશ સેવા જ મુખ્ય ધર્મ છે. એ પ્રતિપાદિત કર્યું છે.

ચાર :

ચોથા પ્રેરક પ્રસંગમાં આંધળી વ્યક્તિના વ્યવહાર દ્વારા સ્ત્રી દાક્ષિણ્યની ઉજ્જવળ ભાવના વ્યક્ત થઈ છે.

પૂરક વાચન

1 પંડ્યનાં

નસીમ હરીશ મહુવાકર
(જન્મ : 23-4-1974)

તેમનો જન્મ ભાવનગરમાં થયો હતો. હાલ તેઓ મામલતદાર તરીકે ફરજ બજાવી રહ્યા છે. 'અમે', 'ફરીથી' એમના લઘુકથા સંગ્રહો છે.

'પંડ્યનાં', 'ગુજરાતી લઘુકથા સંચય'માંથી પસંદ કરવામાં આવી છે. લઘુકથામાં માત્ર એક નાનકડા પ્રસંગ દ્વારા જીવનના કોઈ મોટા સત્યની વાત રજૂ થાય છે. 'પંડ્યનાં'માં ડોશી એટલે ચિંતામાં છે કે ઘરમાં આવી જતા બધાં ગલૂડિયામાં એક કાળિયો હજી પાછો આવ્યો નથી, કારણ કે પંડ્યના એટલે કે પોતાના દીકરા તો મા-બાપની પાસે આવતા નથી. આ ગલૂડિયાં જ એવા છે કે રાત્રે પાછા આવી જાય છે. એમ એક નાનકડા પ્રસંગ દ્વારા ડોસા-ડોશીના જીવનની કરુણતા આ લઘુકથામાં ઉપસાવી આપી છે.

2	# એકલો જાને રે

મહાદેવભાઈ દેસાઈ

(જન્મ : 1-1-1892, અવસાન : 15-8-1942)

મહાદેવભાઈ દેસાઈનું વતન : દહેણ (જિ. સુરત) મહાદેવભાઈની ડાયરી (**1** થી **17**), સંત ફ્રાંસિસ, બે ખુદાઈ ખિદમતગારો, વીર વલ્લભભાઈ વગેરે તેમનું મહત્ત્વનું લેખન છે. અનુવાદમાં નોંધપાત્ર કાર્ય કર્યું છે.

સત્યને રસ્તે ચાલનારાએ કોઈની રાહ જોઈને બેસી ન રહેવું તેવી આ કાવ્યની શીખ છે. સત્પંથે ચાલનારને અનેક વિઘ્નો આવવાનાં. તેનાથી બધાં મોં ફેરવી બેસશે, શરૂઆતમાં સાથ આપનારા પણ ભીંસ પડતાં પાછા ભાગી જશે, આગલો રસ્તો ન સૂઝતાં મૂંઝવણો જ દેખાશે. આવે વખતે પણ પોતાની સાચી વાતને છોડી ન દેતાં મંડ્યા રહેવું. તકલીફો આવે તેને સહન કરવી અને આત્મસૂઝથી રસ્તો કાપવો જોઈએ.

મૂળ રવીન્દ્રનાથ ટાગોરના બંગાળી કાવ્યનો આ ગુજરાતી અનુવાદ વાંચીને ખુદ સ્વીન્દ્રનાથ પ્રસન્ન થયા હતા.

3 કાશીમાની કૂતરી

પન્નાલાલ નાનાલાલ પટેલ

(જન્મ : 7-5-1912, અવસાન : 6-4-1989)

(સમય : 1912) ગુજરાતની પૂર્વ સરહદે આવેલા ડુંગરપુર પાસેના માંડલી ગામમાં જન્મેલા શ્રી પન્નાલાલ પટેલે સાહિત્યમાં મુખ્યત્વે ત્રણ ક્ષેત્રો ખેડ્યાં છેઃ નવલકથા, ટૂંકી વાર્તા અને નાટક. 'વળામણાં', 'મળેલો જીવ', 'માનવીની ભવાઈ' વગેરે ગ્રામજીવનને લગતી અને માનવજીવનના સનાતન ભાવોને કલામય રીતે આલેખતી નવકલથાઓ, 'વાત્રકને કાંઠે,' 'સાચાં સમણાં' જેવી અનેક ટૂંકી વાર્તાઓ અને 'એળે નહિ તો બેળે' જેવી નાટયરચનાઓથી એમણે ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. માનવભાવોના એમના નિરૂપણમાં અનુભવનું બળ વરતાય છે. એમને જ્ઞાનપીઠનો એવૉર્ડ પ્રાપ્ત થયો હતો.

પ્રસ્તુત કૃતિમાં એક તરફ કૂતરી માટેની કાશીમાની લાગણી અને બીજી તરફ એમનું ઘવાયેલું અહમ્ - એના તાણાવાણા, દુષ્કાળના કપરા દિવસોની ભૂમિકામાં, લેખકે કલાત્મક રીતે ગૂંથ્યા છે. કૂતરીનું વર્તન અને કાશીમાના ભાવપલટા લેખકે બારીકાઈથી આલેખ્યા છે. કાશીમા પોતાની જાત સાથે વાત કરે છે ત્યાં કૂતરી માટેની એમની લાગણી, એને મારી તેનો પસ્તાવો, પોતાના અહમ્ માટેની શરમ, મારે હાથે જ આવું થવા નિર્માયું હશે એવો નસીબવાદનો સધિયારો - એક સાથે કેવા કેવા ભાવો લેખકે નિરૂપ્યાં છે, લોકબોલીની છટાઓ, એની લઢણો દ્વારા લેખક એ કુશળતાથી કરી શક્યા છે.

4 ઉપયોગી ટાંકણી લઈ લઈએ

કુમારપાળ દેસાઈ

(જન્મ : 30-8-1942)

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા ગામના વતની શ્રીકુમારપાળ દેસાઈનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેઓ ગુજરાતીના અધ્યાપક હતા. વાર્તા, બાળ-સાહિત્ય અને પ્રૌઢ સાહિત્યમાં એમનું નોંધપાત્ર અર્પણ છે. ''અખબારી લેખન'' અને ''સાહિત્ય અને પત્રકારત્વ'' એ બે એમના ઉલ્લેખપાત્ર પ્રકાશનો છે. કવિ આનંદઘન વિશેનો સંશોધનગ્રંથ અને શબ્દસંનિધિ એ અભ્યાસલેખોના સંગ્રહો છે. ''અપંગના ઓજસ''માં એમણે અપંગ વ્યક્તિઓની સિદ્ધિઓને આકર્ષક રીતે રજૂ કરી છે. વર્તમાનપત્રોમાં તેઓ નિયમિત રીતે લોકભોગ્ય શૈલીમાં કટારો લખે છે. રમત-ગમત એમના ખાસ રસનો વિષય છે. હાલ તેઓ ''ગુજરાત વિશ્વકોશ''માં મુખ્ય કામગીરી સંભાળવા સાથે લેખન કાર્ય કરી રહ્યા છે.

આ નિબંધમાં લેખકે નિંદા કે ટીકાને ગૌણ ગણીને, તેમાંથી ઉપયોગી બાબત ગ્રહણ કરવા ઉપર ભાર મૂક્યો છે. પુરુષાર્થી અને મોટા મનવાળા માણસો ટીકાથી ડરતા નથી. અંતે જતાં તેઓ સાચા ઠરે છે. ટીકાને કેવી રીતે જોઈ શકાય તે લેખકે સચોટ રીતે સમજાવ્યું છે.

ગુજરાતી

(પ્રથમભાષા)

ધોરણ 10

અનુક્રમણિકા

1.	વૈષ્ણવજન	(પદ)	નરસિંહ મહેતા	1
2.	રેસનો ઘોડો	(નવલિકા)	વર્ષા અડાલજા	4
3.	શીલવંત સાધુને	(ભજન)	ગંગાસતી	11
4.	ભૂલી ગયા પછી	(એકાંકી)	રઘુવીર ચૌધરી	14
●	**વ્યાકરણ : એકમ-1**			22
5.	દીકરી	(ગઝલ)	અશોક ચાવડા 'બેદિલ'	40
6.	વાઈરલ ઈન્ફેક્શન	(નિબંધ)	ગુણવંત શાહ	43
7.	હું એવો ગુજરાતી	(ગીત)	વિનોદ જોશી	48
8.	છત્રી	(હાસ્યનિબંધ)	રતિલાલ બોરીસાગર	51
●	**વ્યાકરણ : એકમ-2**			56
9.	માધવને દીઠો છે ક્યાંય ?	(ઉર્મિગીત)	હરીન્દ્ર દવે	60
10.	ડાંગવનો અને...	(નિબંધ)	મહેન્દ્રસિંહ પરમાર	63
11.	શિકારીને	(ઉર્મિકાવ્ય)	કલાપી	68
12.	ચોપડાની ઈન્દ્રજાળ	(આત્મકથાખંડ)	ચંદ્રકાંત પંડ્યા	71
●	**વ્યાકરણ : એકમ-3**			77
13.	વતનથી વિદાય થતાં	(સોનેટ)	જયંત પાઠક	84
14.	જન્મોત્સવ	(નવલિકા)	સુરેશ જોષી	87
15.	બોલીએ ના કાંઈ	(ગીત)	રાજેન્દ્ર શાહ	92
16.	ગતિભંગ	(લઘુકથા)	મોહનલાલ પટેલ	95
17.	દિવસો જુદાઈના જાય છે	(ગઝલ)	ગની દહીંવાલા	98
●	**વ્યાકરણ : એકમ-4**			101
18.	ભૂખથી ભૂંડી ભીખ	(નવલકથાખંડ)	પન્નાલાલ પટેલ	106
19.	એક બપોરે	(ઉર્મિકાવ્ય)	રાવજી પટેલ	114
20.	વિરલ વિભૂતિ	(ચરિત્ર નિબંધ)	આત્માર્પિત અપૂર્વજી	117
21.	ચાંદલિયો	(લોકગીત)	-	122
22.	હિમાલયમાં એક સાહસ	(પ્રવાસ)	જવાહરલાલ નહેરુ	125
23.	દુહા-મુક્તક-હાઈકુ	(દુહા-મુક્તક-હાઈકુ)	રઈશ મણિયાર, બરકત વિરાણી, મુરલી ઠાકુર, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ	129
24.	ઘોડીની સ્વામીભક્તિ	(લોકકથા)	જોરાવરસિંહ જાદવ	134
●	**વ્યાકરણ : એકમ-5**			139

● પૂરક વાચન ●

1.	બહાદુર બાળકો	(પ્રેરક પ્રસંગો)	સંકલિત	144
2.	નદી વિયોગ	(લલિત નિબંધ)	પ્રફુલ રાવલ	146
3.	તારે પગલે	(ઊર્મિકાવ્ય)	રવીન્દ્રનાથ ટાગોર	148
4.	મારી બા	(ચરિત્ર)	શરીફા વીજળીવાળા	149
5.	વીરભૂમિ	(એકાંકી)	અરવિંદ પંડ્યા	153

●

1 વૈષ્ણવજન

નરસિંહ મહેતા

(સમય : ઈ.સ. પંદરમી સદી)

નરસિંહ મહેતાનો જન્મ ભાવનગર જિલ્લાના તળાજામાં થયો હતો. તેમની કર્મભૂમિ જૂનાગઢ હતી. તેમના જીવન વિશે આધારભૂત વિગતો મળતી નથી. તેઓ 'આદિકવિ' તરીકે જાણીતા છે. તેઓ ઉત્તમ ઊર્મિકવિ છે. તેમની 'શામળશાનો વિવાહ', 'હાર', 'હૂંડી', 'મામેરું', 'શ્રાદ્ધ' જેવી ચરિત્રાત્મક કાવ્યરચનાઓ છે. એમનાં પદ 'પ્રભાતિયાં' તરીકે જાણીતાં છે. 'ચાતુરીઓ', 'હિંડોળાનાં પદ', 'વસંતનાં પદ', 'કૃષ્ણલીલાનાં પદ' વગેરે તેમની રચનાઓ છે. એમનાં પદોમાં ઉપનિષદવાણીનું ભાષાબળ છે.

ભક્તકવિ નરસિંહ મહેતાનાં અનેક પદો સદીઓથી ગુજરાતની પ્રજાના હૈયે અને હોઠે વસેલાં છે. 'વૈષ્ણવજન' તો પદ ગાંધીજીને અતિપ્રિય હતું. એ કારણે ગુજરાત બહાર ભારત અને વિશ્વમાં પણ આ પદ જાણીતું થયું છે. આ પદમાં વૈષ્ણવજન એટલે કે સાદી ભાષામાં જેને ભગવાનનો માણસ અથવા સજ્જન કહીએ છીએ એનાં લક્ષણો બતાવવામાં આવ્યાં છે. જે બીજાનું દુઃખ જાણે, કોઈની પર ઉપકાર કરે છતાં મનમાં અભિમાન ન રાખે, બધાંને માન આપે, કોઈની નિંદા ન કરે, મન-વચન-કર્મથી શુદ્ધ હોય, બધાં તરફ સમભાવ રાખનાર હોય, પર સ્ત્રીને માતાની દૃષ્ટિથી જુએ, અસત્ય વચન ન બોલે, બીજાના ધનને હાથ પણ ન અડાડે, મોહ-માયા ત્યાગી દીધાં હોય અને મનમાં વૈરાગ્ય ધારણ કર્યો હોય, લોભ-કપટ-કામ-ક્રોધરહિત હોય તે ખરો સજ્જન છે. એવા માણસના દર્શનથી આપણી ઈકોતેર પેઢી તરી જાય.

2 રેસનો ઘોડો

વર્ષા અડાલજા

(જન્મ : 10-4-1940)

વર્ષા ગુણવંતરાય આચાર્યનો જન્મ મુંબઈમાં થયો હતો. તેમણે આકાશવાણી મુંબઈમાં પ્રવક્તા તરીકે કાર્ય કર્યું હતું. રંગભૂમિ સાથે પણ સંકળાયેલાં હતાં. 'ગાંઠ છૂટ્યાની વેળા', 'અણસાર', 'ખરી પડેલો ટહુકો', 'રેતપંખી', 'મારે પણ એક ઘર હોય' 'ક્રોસ રોડ' એ તેમની નોંધપાત્ર નવલકથાઓ છે. 'એ', 'સાંજને ઉંબર', 'વર્ષા અડાલજાની શ્રેષ્ઠ વાર્તાઓ' તેમના નોંધપાત્ર વાર્તાસંગ્રહો છે. નાટક અને નિબંધમાં પણ તેમનું પ્રદાન છે. તેમને સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને દિલ્હીના ઍવૉર્ડ પ્રાપ્ત થયા છે.

શિક્ષણનો પાયાનો સિદ્ધાંત આનંદ આપવાનો છે. બાળકને સારો માણસ બનાવવાનો છે. વાલીઓની અપેક્ષાઓને કારણે આજનું શિક્ષણ વધુ સ્પર્ધાત્મક બન્યું છે, પરિણામે નાનપણથી જ વધુ ગુણ પ્રાપ્ત કરવાના ભારણને કારણે તેનું બાળપણ છીનવાઈ જાય છે. એ બાબતે લાલબત્તી ધરતી આ વાર્તા છે. બાળકોને પોતાની રીતે વિકસવા દેવાની શીખ આ કૃતિમાંથી મળે છે. ઘડપણમાં માતા-પિતાને પૈસા કરતાં પોતાના સંતાનોના સહારાની વધુ અપેક્ષા હોય છે. ડૉક્ટર બનીને પરદેશ જનાર છોકરા કરતાં દેશમાં રહીને પરિવાર સાથે આનંદથી રહેતો દીકરો કુટુંબ, સમાજ અને દેશ માટે વધુ આવકાર્ય છે એવા ઘણા મુદ્દાઓ પર પ્રકાશ પાડતી આ વાર્તા છે.

3 શીલવંત સાધુને

ગંગાસતી

(જન્મ : 1846, અવસાન : 1894)

ગંગાબા કહળસંગ ગોહિલનો જન્મ ભાવનગર જિલ્લાના રાજપરામાં થયો હતો. તેમણે સમાધિ લેતાં પહેલાં તેમનાં શિષ્યા પાનબાઈને બાવન દિવસ સુધી એક-એક રચના સંભળાવી હતી, જે આજે ભજનો રૂપે પ્રચલિત છે. 'વીજળીને ચમકારે', 'મેરુ રે ડગે', 'શીલવંત સાધુને', 'ભક્તિ કરવી તેણે' વગેરે ગંગાસતીનાં જાણીતાં પદો છે.

ગંગાસતી યોગમાર્ગે ખૂબ આગળ વધેલાં હતાં. જ્ઞાનમાર્ગની ઉત્તમ રચનાઓ તેમની પાસેથી મળે છે. મનુષ્યને મળેલા ક્ષણિક જીવનનો સદ્‌ઉપયોગ કરી, ભક્તિથી જીવનને તરબોળ કરવાની તેમણે વાત કરી છે.

ગંગાસતીનાં ઘણાં ભજન પ્રચલિત બન્યાં છે જેમ કે 'મેરુ તો ડગે પણ જેના મન ના ડગે' અને 'વીજળીને ચમકારે મોતીડાં પરોવો'. પ્રસ્તુત ભજનમાં એક આદર્શ સંત કેવા હોય એની વાત કરી છે. જેનામાં સર્વ ગુણનો વિકાસ થયો હોય એ શીલ છે. જેનું ચિત્ત શુદ્ધ હોય, જેના મનમાં શત્રુ કે મિત્ર એવા કોઈ ભેદ ન હોય, પ્રભુમાં જ જેનું મન પરોવાયેલું હોય, મન-વચન-કર્મ જેનાં એક હોય, આઠે પ્રહર આનંદમાં રહેતા હોય એવા સાધુને વારે વારે નમવાની વાત ગંગાસતીએ કરી છે.

4 ભૂલી ગયા પછી



રઘુવીર ચૌધરી

(જન્મ : 5-12-1938)

રઘુવીર દલસિંહ ચૌધરીનું વતન બાપુપુરા (જિ.ગાંધીનગર) છે. નવલકથા, વાર્તા, નાટક, એકાંકી, નિબંધ, વિવેચન, રેખાચિત્ર, પ્રવાસ, ચિંતન, સંપાદન એમ સાહિત્યના મોટાભાગના પ્રકારોમાં તેમનું નોંધપાત્ર પ્રદાન છે. 'અમૃતા', 'વેણુવત્સલા', 'ઉપરવાસ કથાત્રયી', 'લાગણી', 'ગોકુળ-મથુરા-દ્વારકા', 'સોમતીર્થ' તેમની નોંધપાત્ર નવલકથાઓ છે; 'આકસ્મિક સ્પર્શ', 'નંદીઘર', 'પ્રાણપ્રતિષ્ઠા' તેમના મહત્ત્વના વાર્તાસંગ્રહો છે; 'અશોકવન','ઝૂલતા મિનારા','સિકંદર સાની',નાટકના અને 'ડિમલાઈટ','ત્રીજો પુરુષ' એકાંકીના નોંધપાત્ર સંગ્રહો છે; 'સહશની ભવ્યતા' અને 'તિલક' રેખાચિત્રનાં પુસ્તકો છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક, ગુજરાત સાહિત્ય અકાદમી એવોર્ડ અને સાહિત્ય અકાદમી દિલ્હીનો ઍવોર્ડ, દર્શક ઍવોર્ડ તથા સાહિત્ય માટેનો સર્વોચ્ચ રાષ્ટ્રીય જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત થયેલા છે.

આ એકાંકીમાં સંબંધ, વિચ્છેદ અને ફરી સંબંધ બંધાવાની ઘટનાઓ છે. અને તેનું કારણ પિતા વિરાટનું પુત્રી મનીષાની ક્ષમતા વિશેનું અજાણપણું છે. મનીષા અને નરેન લગ્ન ન કરી શક્યાં, પરંતુ તેમનો પ્રેમ જળવાયો છે. આબુ ઉપર પર્વતારોહણ દરમિયાન એક કુટુંબને રીંછથી બચાવવાનું મનીષાનું પરાક્રમ સૌને નવેસર વિચાર કરવા પ્રેરે છે. બાહ્ય બનાવો અને અંદર વહેતા પ્રવાહને લેખકે સંવાદમાં એવી રીતે ગૂંથ્યા છે કે એકાંકીનું રહસ્ય, પાત્રોનો પરિચય અને સુખદ અંત અહીં અખંડ રીતે પ્રગટ થાય છે. લેખકની સંવાદશક્તિ આ એકાંકીને બળકટ બનાવે છે.

5 દીકરી

અશોક ચાવડા 'બેદિલ'

(જન્મ : 23-8-1978)

અશોક પીતાંબર ચાવડાનું જન્મ સ્થળ સુરેન્દ્રનગર જિલ્લાનું મનડાસર ગામ છે, હાલ ગુજરાત આયુર્વેદિકયુનિવર્સિટીમાં મદદનીશ રજિસ્ટ્રાર તરીકે કાર્યરત છે. પગલાં તળાવમાં, પગરવ તળાવમાં તેમના ગઝલસંગ્રહો છે. 'ડાળખીથી સાવ છૂટા' પ્રતિબધ્ધ કવિતાનો સંગ્રહ છે. સાહિત્ય અકાદમી દિલ્હીનો યુવા પુરસ્કાર અને ગુજરાત સાહિત્ય અકાદમીના યુવા ગૌરવ પુરસ્કાર તથા અન્ય પુરસ્કારોથી તેઓ પુરસ્કૃત થયા છે.

આ કાવ્ય ગઝલ સ્વરૂપ છે. તેમાં વહાલનો દરિયો દીકરીના ગૌરવભર્યા સ્થાન અને માનની સંવેદનાનું આલેખન થયું છે. જાણે સ્વર્ગની એકેક દેવીની ઝલક દીકરીમાં જોવા મળે છે. દીકરી સ્નેહનું ઝરણું છે. તેની હાજરી સુગંધ અને શીતળતા આપે છે. ખડકમાંથી શિલ્પ કોતરાય એમ માબાપ દીકરીને ઉછેરે છે. ભારતીય સંસ્કૃતિનાં પ્રતીકો દ્વારા દીકરીનું વ્યક્તિત્ત્વ પ્રગટ થયું છે. મોટી થયા પછી સમજણી દીકરી બાપનો હાથ દે છે, સહાયભૂત થાય છે એ નાજુક ચિત્ર યાદગાર છે. દીકરીની વિદાય પછી ભીની થતી પાંપણમાં દરેક વખતે દીકરી પ્રત્યક્ષ થાય છે. પિતાની નજરે આલેખાયેલું દીકરીનું વત્સલ અને મધુર વ્યક્તિત્ત્વ છે. દીકરીના વ્યક્તિત્ત્વની મહત્તા અને માતાપિતાના મનોભાવોને ગઝલમાં સુંદર વાચા આપવામાં આવી છે.

6 વાઈરલ ઈન્ફેક્શન

ગુણવંત શાહ

(જન્મ : 12-03-1937)

ગુણવંત ભૂષણલાલ શાહનું વતન સુરત જિલ્લાનું રાંદેર છે. તેમણે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, અમેરિકાની મિશિગન યુનિવર્સિટી અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે સેવાઓ આપેલી છે. 'કાર્ડિયોગ્રામ', 'રણ તો લીલાંછમ', 'વગડાને તરસ ટહુકાની', 'વિચારોના વૃંદાવનમાં' તેમના નોંધપાત્ર નિબંધસંગ્રહો છે. 'બિલ્લો ટિલ્લો ટચ' અને 'જાત ભણીની જાત્રા' તેમની આત્મકથા છે. 'ગાંધીનાં ચશ્માં', 'રામાયણ : માનવતાનું મહાકાવ્ય' અને 'મહાભારત : માનવસ્વભાવનું મહાકાવ્ય' તેમના વ્યક્તિ-વિચાર-ચિંતનના ગ્રંથો છે. તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' તથા 'દર્શક' એવોર્ડ અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારાનાં 'સાહિત્યરત્ન' એવોર્ડ મળ્યો છે. ભારત સરકારના 'પદ્મશ્રી' પુરસ્કારથી પણ તેઓ સન્માનિત થયા છે.

આ નિબંધમાં લેખકે આપણા સમાજની અનેક મર્યાદાઓ તરફ આંગળી ચીંધી છે. આપણે આરોગ્યની કાળજી બરોબર લેતા નથી, જેના કારણે અનેક હઠીલા રોગો શરીરમાં ઘર કરી જાય છે. 'પહેલું સુખ તે જાતે નર્યા' એ આપણે ત્યાં કહેવત છે, પણ જીવનમાં ભાગ્યે જ કોઈ ઉતારે છે. કુટેવો અને આરોગ્ય એક સિક્કાની બે બાજુ છે. અહીં લેખક આપણું ધ્યાન દોરે છે કે જો સફાઈનો મહિમા થશે તો આપોઆપ આરોગ્યમાં પણ સુધારો થશે. એ જ રીતે પાન, ગુટખા, સિગારેટ, જેવાં વ્યસનોમાં લોકો ડૂબેલા છે. માત્ર પ્રેમતત્ત્વ જીવનને સુંદર બનાવે છે એ સંદેશ પણ આ નિબંધમાં પડેલો છે. સરળ ગદ્યમાં અનેક મહાનુભાવોના સંદર્ભો દ્વારા લેખકે પોતાની વાતને ધારદાર બનાવી છે અને પ્રજાકીય જાગૃતિનું કામ કર્યું છે.

7 હું એવો ગુજરાતી

વિનોદ જોશી

(જન્મ : 13-08-1955)

વિનોદ હરગોવિંદદાસ જોશીનું વતન બોટાદ છે. તેઓ ભાવનગર યુનિવર્સિટીમાં ભાષાભવનમા પ્રાધ્યાપક અને અધ્યક્ષ તરીકે કાર્યરત છે. ગીત, દીર્ઘકાવ્ય અને વિવેચનમાં તેમનું વિશેષ પ્રદાન છે. 'ઝાલર વાગે જૂઠડી' 'શિખંડી' 'તુણ્ડિલતુણ્ડિકા' તેમના મહત્ત્વના કાવ્યસંગ્રહો છે. 'અભિપ્રેત' 'નિવેશ', 'રેડિયો નાટક સ્વરૂપ સિદ્ધાંત', 'સોનેટ' તેમના વિવેચન ગ્રંથો છે. તેમને ગુજરાતી સાહિત્ય અકાદમીના પુરસ્કારો અને ગુજરાત રાજ્યનો સાહિત્ય ગૌરવ એવોર્ડ એનાયત થયેલા છે.

ગુજરાતના મહિમાનું વર્ણન કરતાં કાવ્યોમાં આ એક વિશિષ્ટ કાવ્ય છે.ગુજરાતી હોવાના ગૌરવથી ગીતરચનાની શરૂઆત થાય છે. પ્રકૃતિએ સર્વ વિશેષતાઓથી ગુજરાતને રળિયાત કર્યું છે. અહીં નદીઓ, પહાડો, રણ, જંગલ અને સમુદ્ર બધું જ મળ્યું છે એ કારણે ગુજરાતી પ્રજાનું ખમીર ખીલી ઉઠ્યું છે. અહીં ગાંધી-સરદાર જેવા પ્રેરણા પુરુષો પાક્યા છે જે સદીઓ સુધી વિશ્વને જ્યોત બનીને માર્ગ બતાવતા રહેશે. ગુજરાત સંતો અને શૂરવીરોની ભૂમિ છે. સિંહો જેવી અનેક વિરલ પ્રજાતિને ગુજરાતની પ્રજાએ સાચવી છે. એની સાંસ્કૃતિક વિરાસત પણ અનન્ય છે. આ બધું જ હોવા છતાં ગુજરાતી હોવાનું પ્રાદેશિક અભિમાન નહિ પણ ભારતમાતાના એક અંશ હોવાના ગૌરવ સાથે ગીત વિરમ્યું છે. ગુજરાત એની સમગ્ર વિશેષતાઓ સાથે આ ગીતમાં નિરૂપાયું છે.

8 છત્રી

રતિલાલ બોરીસાગર

(જન્મ : 31-08-1938)

રતિલાલ મોહનલાલ બોરીસાગરનો જન્મ સૌરાષ્ટ્રના સાવરકુંડલામાં થયો હતો. તેઓ વર્ષો સુધી અધ્યાપક રહ્યા હતા. ત્યારબાદ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળમાં નાયબ નિયામક તરીકે રહ્યા હતા. 'મરક મરક', 'આનંદલોક', 'એન્જોયગ્રાફી', 'તિલક કરતાં ત્રેસઠ થયાં' વગેરે તેમના હાસ્યલેખોના નોંધપાત્ર સંગ્રહો છે. તેમણે 'સંભવામિ યુગેયુગે' હાસ્યનવલ લખી છે. હાસ્ય સાહિત્યનું સંપાદન તેમણે સૂક્ષ્મતાથી કરેલું છે. 'બાલવંદના' તેમનું બાળસાહિત્યનું પ્રદાન છે. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, મારવાડી સમ્મેલન-મુંબઈ તથા સાહિત્ય સભાના વિવિધ એવોર્ડ પ્રાપ્ત થયા છે.

છત્રી હાસ્ય નિબંધમાં લેખકના છત્રી સાથેના અનેક પ્રસંગો નિરૂપાયા છે. છત્રીની ખરીદી વખતે થતા અનુભવ અને વારંવાર છત્રી ખોવાઈ જવાથી એને સાચવી રાખવા માટેના ઉપાયોમાંથી હાસ્ય નિષ્પન્ન થાય છે. અંતે છત્રી ખોવાઈ જતાં એના ઉપર લખેલા નામ, સરનામાના કારણે છત્રી જેને મળી છે તેનો પત્ર આવે છે ને લેખક છત્રી લેવા રાજકોટ જાય છે. પણ પાછા આવે છે ત્યારે બસમાં ફરી પાછા છત્રી ભૂલીને આવે છે. આમ માણસનું ભૂલકણાપણું છત્રી જેવી સામાન્ય લાગતી વસ્તુ સાથે જોડીને લેખકે નિર્દોષ હાસ્ય નિષ્પન્ન કર્યું છે.

9 માધવને દીઠો છે ક્યાંય ?

હરીન્દ્ર દવે

(જન્મ : 19-9-1930, અવસાન : 29-3-1995)

હરીન્દ્ર જયંતીલાલ દવેનું વતન ખંભરા (કચ્છ) છે. તેઓ વ્યવસાયે પત્રકાર હતા. કવિતા, નવલકથા, નાટક, વિવેચન, નિબંધ જેવાં વિવિધ ક્ષેત્રો તેમણે ખેડ્યાં હતાં. 'આસવ', 'મૌન', 'સૂર્યોપનિષદ', 'હયાતી' તેમના કાવ્યસંગ્રહો છે. તેઓ મુખ્યત્વે કવિ છે. તેમનાં ગીતોનું માધુર્ય ધ્યાન ખેંચે છે. 'અગનપંખી', 'પળનાં પ્રતિબિંબ', 'માધવ ક્યાંય નથી', 'મુખવટો', 'અનાગત', 'ગાંધીની કાવડ' તેમની નોંધપાત્ર નવલકથાઓ છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને દિલ્હીનો એવોર્ડ એનાયત થયા હતા.

ગુજરાતીમાં લખાયેલાં કૃષ્ણ વિરહનાં કાવ્યોમાં આ કાવ્ય અનેક રીતે નોખું પડે છે. વાંસળી એ તો કૃષ્ણ સાથે અવિનાભાવી રીતે જોડાયેલી છે, પણ અહીં તો વાંસળી પોતે કૃષ્ણથી વિખૂટી પડેલી છે. વાંસળીનો સૂર કૃષ્ણને શોધતો હોય છે. એ શોધ સાથે જોડાય છે બાળકૃષ્ણના જીવનનાં પ્રતીકો, કદંબ, યમુના, રાધા, મોરપિચ્છ. આ બધાંનો કાવ્યાત્મક વિનિયોગ કવિએ કર્યો છે. યમુનાના વહેણ સાથે રાધાની આંખની ઉદાસી, ચાંદની સાથે રાતરાણી, મોરપિચ્છ સાથે સુંવાળા રંગ, આકાશ સાથે ચંદ્રનું સાયુજ્ય રચીને કૃષ્ણનો વિરહ કવિએ તીવ્ર બનાવ્યો છે. કૃષ્ણથી વિખૂટા પડવાથી શરૂ થતા ગીતના અંતે જળનું તેજ જોઈને પરખાય છે કે ચોક્કસ અંદર કૃષ્ણ હશે ત્યાં કાવ્ય વિરમે છે. ભાવની સાથે લયનું ખેંચાણ પણ આ ગીતનું સબળ પાસું છે.

10 ડાંગવનો અને...



મહેન્દ્રસિંહ પરમાર

(જન્મ : 2-10-1967)

મહેન્દ્રસિંહ તખ્તસિંહ પરમારનું વતન સુરેન્દ્રનગર જિલ્લાનું કુકણા ગામ છે. તેઓ ભાવનગર યુનિવર્સિટીના ભાષાભવનમાં અધ્યક્ષ તરીકે કામગીરી કરે છે. તેઓ વાર્તાકાર, વિવેચક અને દિગ્દર્શક તરીકે જાણીતા છે. તેમનું ગદ્ય આગવી ભાત પાડે છે. તેમના 'પ્રથમ' નામના વિવેચન સંગ્રહ, 'પોલિટેકનિક' નામે વાર્તાસંગ્રહ અને 'રખડુનો કાગળ' નામે નિબંધસંગ્રહ પ્રગટ થયા છે.

આ નિબંધ 'રખડુનો કાગળ' માંથી લેવામાં આવ્યો છે. પોતે કરેલા નર્મદા કિનારા અને ડાંગનાં જંગલોના પ્રવાસનાં સંસ્મરણોને લેખક પત્ર રૂપે પોતાના બાપુજીને લખે છે. જેમાં લેખકનો રખડુ સ્વભાવ, સંવેદનશીલ હૃદય અને સૌન્દર્યદૃષ્ટિ અનુભવાય છે. અહીં લેખકનો નર્મદા સાથેનો સૂક્ષ્મ નાતો છે તો સાથે ગુજરાતના એક રળિયામણા પ્રદેશ ડાંગના પ્રાકૃતિક સૌન્દર્યની, ત્યાંના લોકોની વિશેષતાઓ પણ આ નિબંધમાં અત્યંત લાઘવથી વર્ણવાઈ છે. એ સાથે લેખકનું સંવેદન પણ ઘૂંટાતું જાય છે. આ આખી વાત કરવા માટે પત્ર શૈલી પસંદ કરીને લેખકે પોતાની અને ભાવકની વચ્ચે અંગત સેતુ રચ્યો છે. નિબંધનું ગદ્ય પ્રવાહી છતાં ઊંડાણવાળું છે. ગુજરાતી ગદ્યની એક જુદી તરેહ એમાં છે.

11 શિકારીને

કલાપી

(જન્મ : 26-01-1874, અવસાન : 09-06-1900)

તેમનું મૂળ નામ સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ છે. અમરેલી જિલ્લાના લાઠીના રાજવી પરિવારમાં તેમનો જન્મ થયો હતો. 'કલાપીનો કેકારવ' સંગ્રહમાં તેમની કવિ તરીકેની પ્રતિભાનો પરિચય થાય છે. પ્રકૃતિનાં મનોહારી દૃશ્યો અને માનવહૃદયના ભાવો તેમની કવિતામાં કેન્દ્રસ્થાને છે. 'કાશ્મીરનો પ્રવાસ' તેમનો પ્રવાસગ્રંથ છે.

આ કાવ્યમાં પ્રકૃતિજગત, પ્રાણીજગત સાથેનું સૌહાર્દ અને સૌન્દર્યદૃષ્ટિને આવરી લીધા છે. કાવ્યનાયક યુવાનને વારતાં કહે છે કે, 'તું આ સંહાર રહેવા દે'. આ આખું વિશ્વ સંતનો આશ્રમ છે. વેદોની વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના અહીં વણાયેલી છે. આ સૃષ્ટિમાં પંખી, ફૂલ, ઝરણાં બધું જે છે તે એકરૂપ છે. વળી, સૌન્દર્યનો એક મૂળગામી પ્રશ્ન અહીં છે કે તીરથી મારીને તો માત્ર પક્ષીનું સ્થૂળ શરીર જ મળશે. એનો આત્મા કે એનાં ગીત નહિ મળે. આ જ વાત મનુષ્યને પણ એટલી જ લાગુ પડે છે. સુંદરતા પામવા માટે પહેલાં આપણે સુંદર બનવું પડે. આ માત્ર શરીરની સુંદરતાની વાત નથી, પણ સમગ્ર વ્યક્તિત્વની સુંદરતાની વાત છે. કાવ્યાંતે સમગ્ર સૃષ્ટિ તરફ અનુકંપા રાખવાની વાત કવિએ કહી છે. આ કૃતિ અનુષ્ટુપ છંદમાં રચાયેલ છે.

12 ચોપડાની ઈન્દ્રજાળ

ચંદ્રકાન્ત પંડ્યા

(જન્મ : 31-8-1920, અવસાન : 13-10-2001)

ચંદ્રકાંત જેઠાલાલ પંડ્યાનો જન્મ વલસાડ જિલ્લાના ધરમપુરમાં થયો હતો. તેમણે મુંબઈ યુનિવર્સિટીમાંથી ટી.ડી.ની પદવી મેળવી હતી. સંગીતમાં પણ નિપુણતા મેળવી હતી. શિક્ષક તરીકે હાલોલ અને નવસારીમાં કામગીરી કરી હતી. સામાજિક અને સેવાક્ષેત્રમાં તેમનું પ્રદાન નોંધપાત્ર છે. 'બાનો ભીખુ ભા.૧-૨', 'સુદામે દીઠી દ્વારામતી' (યુરોપ પ્રવાસ), 'ઘડીક સંગ શ્યામ રંગનો' (આફ્રિકાનો પ્રવાસ), 'વસાહતીઓનું વતન' (અમેરિકા પ્રવાસ) તેમનાં નોંધપાત્ર પુસ્તકો છે. સાહિત્યિક પત્રકારત્વમાં પણ તેમનું યોગદાન છે.

ભીખુએ બાળપણમાં જોયેલી વ્યાજખોરી અને ગરીબી આ આત્મકથા ખંડમાં રજૂ થઈ છે. અહીં શાહુકારો દ્વારા ગરીબ, અભણ લોકોનું કેવું શોષણ થતું એનું તાદૃશ્ય ચિત્ર ઉપસાવ્યું છે. આવું માત્ર ગુજરાતમાં જ છે એવું નથી, પણ સમગ્ર ભારતમાં આ પરિસ્થિતિ છે. એક તરફ વ્યાજ પર વ્યાજ ચડાવતા શાહુકારો છે, તો બીજી તરફ એ જ શાહુકારના દીકરા તરફ વાત્સલ્યભાવ દાખવતા દેણદાર લોકો છે. જીવલાની કરુણ સ્થિતિ જોઈને કિશોર ભીખુમાં સૂક્ષ્મ પરિવર્તન આવે છે. જેના કારણે એ દેવાના ચોપડા ફાડી નાખીને કરજમાંથી મુક્ત કરે છે. પોતાનાં પિતા અને માતા પણ વ્યાજ વસૂલાતની ઈન્દ્રજાળમાં કેવી રીતે રચ્યાં-પચ્યાં હતાં એ નિખાલસતા આ પાઠનું જમા પાસું છે. અહીં ચોપડાની ઈન્દ્રજાળ એટલે કે વ્યાજની એવી જાળ કે જેમાંથી ગરીબ ક્યારેય છટકી શકતો નથી તેનું હૃદયસ્પર્શી આલેખન થયું છે.

13 વતનથી વિદાય થતાં

જયંત પાઠક

(જન્મ : 20-10-1920, અવસાન : 01-03-2003)

જયંતલાલ હિંમતલાલ પાઠકનો જન્મ ગોઠ (જિ.પંચમહાલ)માં થયો હતો. તેમણે દાહોદ અને સુરતની કૉલેજમાં અધ્યાપક તરીકે કામગીરી કરી હતી. 'મર્મર', 'સંકેત', 'વિસ્મય', 'મૃગયા', 'અનુનય' વગેરે કવિતાસંગ્રહો છે 'ક્ષણોમાં જીવું છું' તેમની સમગ્ર કવિતાનો ગ્રંથ છે.

'વનાંચલ' તેમની નોંધપાત્ર સ્મરણકથા છે. 'આધુનિક કવિતા પ્રવાહ', 'આલોક','ભાવયિત્રી','કિમપિ દ્રવ્યમ્' એમના વિવેચન ગ્રંથો છે. તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સાહિત્ય અકાદમી, દિલ્હીનો ઍવોર્ડ પ્રાપ્ત થયેલા છે.

વર્ષો પછી વતનમાં ગયેલા કાવ્યનાયકને વતનથી વિદાય થવાનું હોય છે ત્યારે અનુભવાતી પીડા આ સોનેટમાં વ્યક્ત થઈ છે. ઘણાં વર્ષો પછી જે વન-જન, ખેતર-કોતર, ડુંગર-નદી મળ્યાં હતાં એમને છોડવાની ક્ષણ આવી ગઈ છે. જેમ ઢોર વેચાઈ ગયા પછી પોતાના મૂળ ઘરને ઝંખતું હોય એમ કવિ પોતાના મૂળ પરિવેશને ઝંખ્યા કરે છે. પગ ઉપડતા નથી. જેમ વહી ગયેલું પાણી પાછું આવતું નથી એમ વહી ગયેલો સમય પણ પાછો આવતો નથી. એક કૂતરો પણ થોડી વાર પાછળ પાછળ આવીને એની હદ પૂરી થતાં પાછો વળી જાય છે એ સ્વાભાવિકતાભર્યું આલેખન થયું છે. અંતે કાવ્યનાયકને ભ્રમ થાય છે કે જેમ બાળક રિસાય અને એની મા એને પાછું બોલાવતી હોય એમ મને મારી મા બોલાવે છે. પણ આ માત્ર ભ્રમ છે, હકીકત નહિ. આમ વતનવિચ્છેદને કારણે અનુભવાતી કરુણતાને ખૂબ સુન્દર રીતે કવિએ આ સોનેટમાં મૂકી આપી છે.

14 જન્મોત્સવ



સુરેશ જોષી

(જન્મ : 30-05-1921, અવસાન : 03-09-1986)

સુરેશ હરિપ્રસાદ જોષીનો જન્મ સુરત જિલ્લાના બારડોલી તાલુકાના વાલોડ ગામમાં થયો હતો. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ભાષાભવનના અધ્યક્ષ તરીકે સેવા નિવૃત્ત થઈ જીવનના અંત સુધી વડોદરામાં જ વસ્યા. 'મરણોત્તર' અને 'છિન્નપત્ર' તેમની નોંધપાત્ર નવલકથાઓ છે. 'ગૃહપ્રવેશ' તેમનો નોંધપાત્ર વાર્તાસંગ્રહ છે. 'જનાન્તિકે', 'ઇદમસર્વમ', 'ઇતિ મે મતિ' જેવા સંવેદનાસભર નિબંધસંગ્રહો છે. 'કિંચિત્', 'ચિંતયામિ મનસા', 'અષ્ટમોધ્યાય' જેવા વિવેચનગ્રંથો આપ્યા છે. તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' તથા ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને દિલ્હીના એવોર્ડ પ્રાપ્ત થયેલા છે.

'ગૃહપ્રવેશ' વાર્તાસંગ્રહમાંથી લેવામાં આવેલી આ વાર્તામાં સમયના એક જ બિંદુ પર બે પરિસ્થિતિનું સમાંતર આલેખન થયું છે. જેમાં અસિતના ટેકનોલૉજીના જ્ઞાનના કારણે થતો કૃષ્ણજન્મ, એની સાથે ભળેલું લોકોનું કુતૂહલ અને આનંદનો પ્રસંગ છે. જ્યારે કિસનનો જન્મ કાનજી માટે આનંદનો અવસર નથી. અહીં કૃષ્ણના જન્મની પરિસ્થિતિ હળવી શૈલીમાં રજૂ થઈ છે તો કિસનના જન્મની પરિસ્થિતિ અત્યંત કરુણતાથી રજૂ થઈ છે. વાર્તાના અંતે કાનજી પોતાના દીકરાના પગ તોડાવીને જીવનભર ભીખ દ્વારા રૂપિયા કમાવાનો રસ્તો કરી દે છે. માણેકની લાચારી અને દુઃખ વધારે પીડાદાયક છે. એક માને એના બાળકનું મુખ પણ બતાવ્યા વગર જીવનભર અપંગ બનાવી દેવા માટે મોકલી આપવામાં આવે છે. આમ જન્મની બે પરિસ્થિતિને એક સાથે બતાવીને વાસ્તવિક્તાને અત્યંત કરુણ રીતે આલેખાઈ છે.

15 બોલીએ ના કાંઈ

રાજેન્દ્ર શાહ

(જન્મ : 28-1-1913, અવસાન : 10-1-2010)

રાજેન્દ્ર કેશવલાલ શાહ કપડવંજના વતની હતા. 'ધ્વનિ', 'આંદોલન', 'ઉદ્‌ગીતિ', 'શાંત કોલાહલ', 'મધ્યમા', 'વિષાદનો સાદ', વગેરે તેમના કાવ્ય સંગ્રહો છે. 'મોરપીંછ', 'આંબે આવ્યા મોર' જેવા બાળકાવ્યના સંગ્રહો છે. એમણે કેટલાંક પદ્ય રૂપકો, એકાંકીઓ, વાર્તાઓ અને અનુવાદો પણ આપ્યા છે. 'ધ્વનિ' કાવ્યસંગ્રહ માટે તેમને 'જ્ઞાનપીઠ' પુરસ્કાર મળ્યો હતો. તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક', ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને દિલ્હીના એવોર્ડ પ્રાપ્ત થયેલા હતા.

આ ગીતમાં આપણી વ્યથા એ બીજાને મન રસની કથા હોઈ શકે, એટલે વ્યથાને સહન કરવી અને કોઈને ફરિયાદ ન કરવી એ આ ગીતનો ભાવ સૌંદર્યરાગી રીતે આલેખ્યો છે. માણસો વિનાના મારગ પર આપણે આપણા જ શબ્દો ગાતાં ચાલવાનું છે. કોઈ ગામ આવે, અનેક લોકોને મળીએ છતાં આપણે તો એકલા જ ચાલવાનું છે, ભલેને સરસ તારા મઢી રાત હોય કે રણનો તડકો હોય. આપણી વ્યથાને આપણે જ સહન કરવાની છે. મનમાં ભલે દુઃખોનો અગ્નિ હોય પણ બહારથી તો શીતળતા જ રાખવાની છે. સરળ બાનીમાં લખાયેલું આ ગીત જીવનની એક હકારાત્મક બાજુને રજૂ કરે છે.

16 ગતિભંગ

મોહનલાલ પટેલ

(જન્મ : 30-04-1927)

મોહનલાલ ભાઈદાસ પટેલનું વતન ઉત્તરગુજરાતનું પાટણ છે. વર્ષો સુધી શિક્ષણકાર્ય કર્યા બાદ હાલ નિવૃત્ત જીવન ગાળે છે. 'પ્રત્યાલંબન', 'ઝાકળમાં સૂરજ ઊગે' એમની લઘુકથાઓના સંગ્રહો છે. 'બંધન', 'રેડ એન્ડ', 'હાસ્યમર્મર', 'લાંછન' તેમની નવલકથાઓ છે. 'ગુડ મોર્નિંગ અમેરિકા', એમનો પ્રવાસગ્રંથ છે. 'મોપાંસાની શ્રેષ્ઠ વાર્તાઓ' એમનું અનુવાદનું પુસ્તક છે.

કથાસાહિત્યનું લઘુ સ્વરૂપ એટલે લઘુકથા. નવલકથામાં નાયક કે નાયિકાના સમગ્ર જીવનનું વર્ણન હોય છે. જ્યારે ટૂંકીવાર્તામાં નાયક કે નાયિકાના જીવનનો એક મહત્ત્વનો પ્રસંગ કેન્દ્રમાં હોય છે. લઘુકથામાં માનવજીવનની એક ક્ષણનો મહિમા છે, જે અત્યંત લાઘવથી અંતે ચોટ આપી જાય છે. 'ગતિભંગ' લઘુકથાની શરૂઆતમાં ગાડી પકડવા ઉતાવળે પગલે જતા ડુંગર અને એની પત્નીનું ચિત્ર છે. પત્ની વારેવારે પાછળ ફરીને કશુંક શોધી રહી છે. વાર્તાને અંતે કરુણસભર ચોટ છે. માતાને પોતાની પાછળ મૃત્યુ પામેલી દીકરીનાં પગલાંની છાપ દેખાય છે. અહીં માત્ર ચાલવાની ગતિનો જ ભંગ નથી પણ પાત્રોના વિચારોની ગતિનો પણ ભંગ છે.

17 દિવસો જુદાઈના જાય છે

ગની દહીંવાલા

(જન્મ : 17-08-1908, મૃત્યુ : 05-03-1987)

અબ્દુલ ગની દહીંવાલા તેમનું મૂળ નામ છે. તેમનો જન્મ સુરતમાં થયો હતો. તેમણે પ્રાથમિક શાળા સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓ દરજીકામ કરતા હતા. તેમનું મહત્ત્વનું પ્રદાન ગઝલમાં છે. 'ગાતાં ઝરણાં, 'મહેક', મધુરપ', 'ગનીમત' અને 'નિરાંત' તેમના ગઝલ - મુક્તકના સંગ્રહો છે. 'જશ્ને શહાદત' એમની હિંદીમાં લખેલી નૃત્યનાટિકા છે. 'પહેલો માળ' ત્રિઅંકી નાટક છે.

આ ગઝલ ગુજરાતભરમાં ખૂબ જાણીતી થયેલી છે. પ્રેમની ગંભીરતા, ઉદાત્તતાને સુંદર ઉપમાઓ દ્વારા આ ગઝલમાં મૂકી આપી છે. પ્રથમ શેરમાં જીવન તરફની આશાનો સંકેત છે. આજે ભલે જુદાઈના દિવસો છે પણ એક દિવસે આ જુદાઈ મિલનમાં પરિણમશે, એટલું જ નહિ પણ શત્રુઓ જ હાથ પકડીને પ્રિય વ્યક્તિ પાસે લઈ જશે. માણસે ક્યાંક દૂર દૂર જવા કરતાં બીજા માણસના મન સુધી પહોચવું એ બહુ મોટી વાત છે.

પ્રિયપાત્રને પોતાનાથી ઊંચે સ્થાપીને છેક સુધી સાથ નિભાવવાની વાત પણ રાજરાણીના ચીર, રંક નારની ચૂંદડી અને કફનના પ્રતીક દ્વારા રજૂ કરી છે. અંતિમ શેરમાં પ્રેમની ચરમ ભવ્યતા વ્યક્ત થઈ છે. 'જો હૃદયની આગ વધી 'ગની' તો ખુદ ઈશ્વરે જ કૃપા કરી, કોઈ શ્વાસ બંધ કરી ગયું કે પવન ન જાય અગન સુધી'માં જુદાઈની પીડા વધી તો મૃત્યુ સામે આવી ગયું. હૃદયની આગ - પીડા પવન સુધી એટલે કે બહાર નીકળે એની પહેલાં શ્વાસ બંધ થઈ ગયા એ ચરમ ક્ષણ પર આવીને ગઝલ પૂરી થાય છે.

18 ભૂખથીય ભૂંડી ભીખ

પન્નાલાલ પટેલ

(જન્મ : 07-05-1912, અવસાન : 06-04-1989)

પન્નાલાલ નાનાલાલ પટેલનો જન્મ માંડલી (હાલ રાજસ્થાનમાં આવેલા) ગામમાં થયો હતો. ગુજરાતી સાહિત્યના પ્રથમ પંક્તિના સાહિત્યકાર તરીકે તેમણે નામના મેળવી હતી. 'વળામણાં', 'મળેલા જીવ', 'માનવીની ભવાઈ' તેમની નોંધપાત્ર નવલકથાઓ છે. 'સુખ દુઃખનાં સાથી', 'વાત્રકને કાંઠે', 'ઓરતા' તેમના વાર્તાસંગ્રહો છે. 'એળે નહિ તો બળે'માં નાટ્યરચનાઓ સંગ્રહિત છે. તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' તથા સાહિત્યનો સર્વોચ્ચ ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત થયો છે.

લેખકની વિખ્યાત નવલકથા 'માનવીની ભવાઈ'માંથી આ અંશ લેવામાં આવ્યો છે. કાળુ અને રાજુ નવલકથાનાં મુખ્ય પાત્રો છે. તેમના ગામના લોકો સાથે છપ્પનિયા દુકાળમાં ટકવા ડેગડિયા આવ્યાં છે. ભૂખથી માણસો મરી રહ્યા છે. સુંદરજી શેઠ સદાવ્રત ખોલે છે. બધા અનાજ લેવા કતારમાં ઊભા છે. પણ કાળુ ખેડૂત છે, આ અનાજમાં તેનું પકવેલું ધાન્ય પણ હશે. એનો આત્મા કકળી ઊઠે છે. શેઠ એની લાગણીની કદર કરે છે. કાળુને લાગે છે કે દુકાળની આ સ્થિતિ ખાંડણિયામાં મૂકેલા માથા જેવી છે, ઘા પર ઘા પડવાના જ છે. કાળુ ખેડૂતપુત્ર હોવાથી માને છે કે ભૂખથીય ભૂંડી ભીખ છે. ભીખ માણસના આત્માને હણી નાખે છે. દુષ્કાળ સામે, કુદરતના કોપ સામે ઝઝૂમતા માણસની વેદના અહીં હૃદયસ્પર્શી રીતે પ્રગટ થઈ છે.

19 એક બપોરે

રાવજી પટેલ

(જન્મ : 15-11-1939, મૃત્યુ : 10-08-1968)

રાવજી છોટાલાલ પટેલનો જન્મ ખેડા જિલ્લાના ડાકોર પાસે વલ્લવપુરાના ખેડૂત પરિવારમાં થયો હતો. તેમનો એકમાત્ર કાવ્યસંગ્રહ 'અંગત' છે. તેમનાં ઊર્મિકાવ્યો, ગીતો અને દીર્ઘકાવ્યોમાં અનેક રંગદર્શી ભાવછટાઓનું ચોટદાર ચિત્રણ થયું છે. 27 વર્ષની યુવાન વયે ટી.બી. ના કારણે તેમનું અકાળે અવસાન થયું હતું. તેમણે 'અશ્રુઘર' અને 'ઝંઝા' એમ બે નોંધપાત્ર નવલકથાઓ આપી છે. 'વૃત્તિ અને વાર્તા' એમનો વાર્તાસંગ્રહ છે.

કૃષિ કવિ તરીકેની રાવજી પટેલની પ્રતિભાને દૃઢ બનાવતી આ તેમની જાણીતી રચના છે. કટાવ અને મનહર જેવા મિશ્ર છંદમાં અને બોલચાલની લઢણમાં રચાયેલી આ રચનામાં ખેડૂતની એક વેદનાશીલ બપોરનું આલેખન છે. સારસી એ પ્રિયતમા કે પત્નીનું પ્રતીક છે તો સાથે સાથે એ જીવનનું પણ પ્રતીક બને છે. કાવ્યમાં વપરાયેલા બધા જ શબ્દો ખેડૂત જીવન સાથે જોડાયેલા છે. કાવ્યનાયકના મનમાં એક એવી વેદના છે જેના કારણે એને આસપાસના કોઈ કાર્યમાં કે વસ્તુમાં રસ નથી રહ્યો. ટી.બી.ના રોગને કારણે મૃત્યુને નજીક આવતું જોવાના કારણે પણ આ ભાવ વ્યક્ત થયો હોય. છાશ, રોટલો, તમાકુ, તાપણી, મહુડો આ બધું જ રસથી છલકાતું જગત છે જેમાં કાવ્યનાયકને હવે કોઈ રસ નથી રહ્યો. બપોર પણ જીવનના મધ્યાહ્નનું જ પ્રતીક છે. વસ્તુ જગતના આવા નિરૂપણથી કવિએ કાવ્યને વધારે આસ્વાદ્ય બનાવ્યું છે.

20 વિરલ વિભૂતિ

આત્માર્પિત અપૂર્વજી

(જન્મ : 04-01-1977)

આત્માર્પિત અપૂર્વજીનો જન્મ મુંબઈમાં થયો હતો. યુવાવયથી જ તેઓ આધ્યાત્મિકતા તરફ વળ્યા હતા. તેમણે ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર મિશનના સંસ્થાપક ગુરૂદેવ રાકેશભાઈનું શિષ્યત્વ સ્વીકાર્યું છે. પોતાનું જીવન તેમણે સેવા અને સાધનાને સમર્પિત કર્યું છે. તેઓ શાસ્ત્રોના ઊંડા અભ્યાસી છે. વળી , ઉત્તમ વક્તા છે. દેશ-વિદેશમાં તેમણે અનેક શિબિરોનું સંચાલન કર્યું છે. તેઓ 'સદ્‌ગુરુ એકોઝ' માસિકના તંત્રી છે.

આ ચરિત્રનિબંધમાં શ્રીમદ્ રાજચંદ્રના જીવન અને દર્શનની ઝાંખી કરાવવામાં આવી છે. શ્રીમદ્ અર્વાચીન યુગના મહાન આધ્યાત્મિક સંત હતા. ટૂંકા આયુષ્યમાં તેઓ એક યુગપ્રવર્તક તરીકેનું જીવન જીવી ગયા. તેમના ઉચ્ચ જીવન અને નિર્મળ અધ્યાત્મજ્ઞાનથી ગાંધીજી અતિ પ્રભાવિત હતા. શ્રીમદ્‌જીમાં બાળપણથી જ અસાધારણ સ્મરણશક્તિ હતી. બાળપણથી જ એમનામાં કરુણા, જીવદયા, પરોપકારવૃતિ, નિર્મળતા, નિખાલસતા, તટસ્થતા, શુચિતા જેવા ગુણોનો ઉત્કર્ષ જોવા મળે છે. તેમનામાં ઊંચી કવિત્વશક્તિ પણ હતી. સાત વર્ષની બાળવયે જાતિસ્મરણ એટલે કે તેમને પોતાના સેંકડો પૂર્વભવોનું ભાન જાગ્યું હતું. ૧૯ વર્ષની ઉંમરે તેમને શતાવધાની શક્તિ સિદ્ધ થયેલી હતી. આ સિદ્ધિ બદલ તેમને 'સાક્ષાત્ સરસ્વતી' નું બિરુદ પ્રદાન થયેલું. એમનું પોતાનું જીવન જ એક આદર્શ અધ્યાત્મ-ગ્રંથ જેવું પવિત્ર અને પ્રેરક હતું.

21 ચાંદલિયો

- લોકગીત

લોકગીતનો કોઈ રચયિતા નથી હોતો, એમ કહેવા કરતાં એમ કહી શકાય કે લોકસમૂહ લોકગીતોનો રચયિતા હોય છે. માત્ર એક વ્યક્તિથી નહિ પરંતુ અનેકોની ઉત્સાહભરી સર્જકતાથી રચાયેલું ગીત જે કંઠોકંઠ અને કર્ણોપકર્ણ રીતે કોઈ એક પ્રસંગ કે ઘટના આધારીત આનંદ, ઉત્સાહ, ઉમંગ કે વંદનાની સર્જનાત્મક અભિવ્યક્તિ છે.

ઝવેરચંદ મેઘાણી સંપાદિત 'રઢિયાળી રાત' સંગ્રહમાંથી આ લોકગીત લેવામાં આવ્યું છે. શરદપૂનમની રૂપાળી રાત્રીએ ગરબે રમતી યુવતીના ભાવોની ભરતીનો હિલ્લોળ આમાં છે. પૂર્વભવનાં માતા-પિતા જેવાં સાસુ-સસરા, ચંપાના છોડ જેવા જેઠ, ચંપાના

22 હિમાલયમાં એક સાહસ

જવાહરલાલ નહેરુ

(જન્મ : 14-11-1889, અવસાન : 27-05-1964)

જવાહરલાલ મોતીલાલ નહેરુનો જન્મ અલ્હાબાદમાં થયો હતો. જવાહરલાલ નહેરુના કુટુંબીઓ મૂળે કાશ્મીરના વતની હતા. વિદેશમાં વકીલાતનો અભ્યાસ કરીને તેમણે અલ્હાબાદમાં વકીલાત શરૂ કરી. ગાંધીજી સાથે આઝાદીની લડતમાં જોડાઈને સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રણી બન્યા. તેમને સાહિત્યમાં ખૂબ રસ હતો. 'ડિસ્કવરી ઓફ ઈન્ડિયા' 'ગ્લિમ્પસિસ ઓફ વર્લ્ડ હિસ્ટ્રી', જેવાં પુસ્તકો તેમણે અંગ્રેજીમાં લખ્યાં છે. તેમની દીકરીને સ્વતંત્રતા વિશે લખેલા ૩૦ પત્રોનું પ્રકાશન 'લેટર ફ્રોમ એ ફાધર ઓફ હીઝ ડૉટર' નામથી થયું છે. તેઓ ભારતના પ્રથમ વડાપ્રધાન હતા. ભારત સરકાર તરફથી તેમને 'ભારતરત્ન'નું સન્માન એનાયત થયું હતું.

અંગ્રેજી ભાષામાં લખાયેલી જવાહરલાલ નહેરુની 'મારી જીવનકથા'ના મહાદેવભાઈ દેસાઈએ કરેલા ગુજરાતી અનુવાદમાંથી આ અંશ લેવામાં આવ્યો છે. સાહસિક નહેરુએ પોતાની એક ટુકડી સાથે હિમાલય સ્થિત અમરનાથની ગુફા સુધી પહોંચવાના ભોમિયા સાથે પ્રવાસ શરૂ કર્યો.

હિમાચ્છાદિત શિખરો અને હિમનદીઓ વચ્ચેના આ સાહસિક પ્રવાસનું સ-રસ વર્ણન આ કૃતિમાં જોવા મળે છે. અંતિમ ચરણમાં જરૂરી સાધનોના અભાવે હિમનદી પસાર કરતાં ખોભણમાં નહેરુનો પગ લપસી પડતાં દોરડાને કારણે બચે છે. નાછૂટકે પ્રવાસ અધૂરો રાખી પરત ફરવું પડે છે. સાહસ અને હિમાલયપ્રેમ આ કૃતિમાંથી પ્રગટ થાય છે. સાદી, સરળ અને સહજ શૈલીમાં લખાયેલાં મનભાવન વર્ણનોને કારણે કૃતિ હૃદયસ્થર્શી બની શકી છે.

23 લઘુકાવ્યો : દુહા-મુક્તક-હાઈકુ

રઈશ મણિયાર

(જન્મ : 19-08-1966)

રઈશ મણિયારનું મૂળ વતન વલસાડ પાસેનું પારડી ગામ છે. તેઓ એમ.ડી. (બાળરોગ નિષ્ણાત) થયેલા છે. 'કાફિયા નગર', 'શબ્દ મારા સ્વભાવમાં જ નથી'અને 'નિહાળતો જા' તેમની નોંધપાત્ર કૃતિઓ છે. 'અસ્તિત્વ અને વ્યક્તિત્વ', 'ગઝલ:, રૂપ અને રંગ', 'ગઝલનું છંદોવિધાન' તેમના વિવેચનના ગ્રંથો છે. 'બાળ ઉછેરની બારાખડી' તેમનું નોંધપાત્ર પુસ્તક છે.

મુક્તક એ કાવ્ય સાહિત્યનું લઘુ સ્વરૂપ છે. બે, ચાર કે છ પંક્તિઓમાં લાઘવથી કવિ વિષય કે સંવેદનને રજૂ કરતા હોય છે. આ જગતમાં અનેક પ્રકારના સંઘર્ષો છે એમાં હાર્યા વગર સતત આગળ વધવાનું છે. સુખ અને દુ:ખ તો એક સિક્કાની બે બાજુ છે. સુખમાં છકી નથી જવાનું ને દુ:ખમાં તૂટી નથી જવાનું. આ દુનિયામાં એવો કોઈ મુગટ એટલે કે એવી જવાબદારી નથી કે જેમાં ભાર ના હોય. આનંદથી એ ભારને પણ વહન કરવાનો ભાવ આ મુક્તકમાં છે.

બરકત વીરાણી 'બેફામ'

(જન્મ : 25-11-1923, મૃત્યુ : 02-01-1994)

'બેફામ'નું મૂળ નામ બરકતઅલી ગુલામહુસેન વીરાણી હતું. તેઓ ભાવનગર જિલ્લાના ઘાંઘળી ગામના વતની હતા. આકાશવાણી, મુંબઈમાં એડિટર તરીકેની કામગીરી બાદ નિવૃત્ત થયા હતા. 'માનસર ઘટા' અને 'પ્યાસ' એમના ગઝલ સંગ્રહો છે. એમની 'આગ અને 'અજવાળા' તથા 'જીવતા સૂર' વાર્તાઓ પ્રકાશિત થયેલી છે. 'રસ સુગંધ ભાગ-1 અને ભાગ-2' એમની નવલકથાઓ છે.

આ મુક્તકમાં કર્મનો મહિમા છે. માણસની સફળતા એની હાથની રેખાઓમાં નહિ પણ એની મહેનતમાં હોય છે. કોઈ ઈમારત બનાવતાં પહેલાં એનો નકશો બનવવામાં આવે છે, પરંતુ નકશો એ ઈમારત નથી. એમ નસીબ એ જીવન નથી. જીવન તો માણસની મહેનત અને પ્રયત્નથી બને છે.

મુરલી ઠાકુર

(જન્મ : 1910, મૃત્યુ : 1975)

મુરલીધર રામચંદ્ર ઠાકુર સાબરકાંઠા જિલ્લાના ઉમેદગઢના વતની હતા. તેઓ ગુજરાતીના અધ્યાપક અને ત્યારબાદ આકાશવાણીમાં ગુજરાતી કાર્યક્રમોના નિર્માતા બન્યા હતા. 'સફર અને બીજાંકાવ્યો' માં તેમનાં કાવ્યો સંગ્રહાયાં છે. 'મેળો' તેમનાં બાળગીતોનો સંગ્રહ છે. 'પ્રેમલ જ્યોત'માં તેમની વાર્તાઓ ગ્રંથસ્થ થઈ છે. 'ગાંધીવાણી' નામે તેમનો અભ્યાસગ્રંથ પ્રસિદ્ધ થયો છે.

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

(જન્મ : 11-11-1937, મૃત્યુ : 31-07-1981)

અનિરુદ્ધ લાલજીભાઈ બ્રહ્મભટ્ટનું વિરમગામ પાસેનું દેત્રોજ તેમનું વતન છે. તેઓ અધ્યાપક તરીકે કાર્ય કરતા હતા.

કવિ, વિવેચક, વાર્તાકાર અને નિબંધકાર તરીકે તેઓ જાણીતા છે. 'કિમપિ' એમનો કાવ્યસંગ્રહ છે. 'અજાણ્યું સ્ટેશન' વાર્તાસંગ્રહ છે. 'નામરૂપ'માં તેમના ચરિત્રનિબંધો છે. 'ચલ મન વાટે-ઘાટે' ના ચાર ભાગમાં તેમની નિબંધિકાઓ પ્રગટ થયેલી છે. 'ઋષિવાણી' નામના ગ્રંથમાં અધ્યાત્મ અને ચિંતન વિષયક લેખો છે.

24 ઘોડીની સ્વામીભક્તિ



જોરાવરસિંહ જાદવ

(જન્મ : 10-02-1940)

જોરાવરસિંહ દાનુભા જાદવ ધંધુકા તાલુકાના આકરુ ગામના વતની છે. સહકારી સંસ્થામાંથી અધિકારી તરીકે નિવૃત્ત થઈ અમદાવાદમાં રહે છે. તેમણે લોકસાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં કાર્ય કરેલું છે, સંપાદન કરેલું છે. 'મરદકસુંબલ રંગ ચડે', 'આપણા કસબીઓ', 'મરદાઈ માથા સાટે' અને 'લોકજીવનનાં મોતી', 'લોકસંસ્કૃતિમાં પશુઓ', એમના લોકકળા અને લોકજીવનને સ્પર્શતા ગ્રંથો છે. વિચરતી જાતિની લોકકળાઓને તેમણે વાચા આપી છે તેમને વિવિધ પુરસ્કારો મળ્યા છે.

આ લોકકથામાં આંબા પટેલનો અશ્વશોખ અને અશ્વ પ્રત્યેના સંતાન જેવા વાત્સલ્યનું આલેખન થયું છે. સાથે સાથે જાતવાન ઘોડીની વફાદારી અને સ્વામીભક્તિ પણ નિરૂપાઈ છે. સૌરાષ્ટ્રની તળપદ બોલીનું જોમ અને માધુર્ય, પ્રેમભર્યું જીવન પણ આ લોકકથામાં સજીવ થઈ ઊઠ્યું છે. માનવ અને પ્રાણીની પરસ્પરની પ્રીતને પણ આ કથા આકર્ષક ઉઠાવ આપે છે.

2 નદી વિયોગ

પ્રફુલ્લ રાવલ
(જન્મ : 5-9-1948)

પ્રફુલ્લ જગજીવનદાસ રાવલનું વતન વીરમગામ છે. ચરિત્રનિબંધ અને લલિત નિબંધમાં તેમનું વિશેષ પ્રદાન છે 'નોખાં - અનોખાં', 'બા એટલે', 'ચરિત્ર મુકુર', 'નહિ વીસરાતા ચહેરા' એમનાં નોંધપાત્ર ચરિત્રાલેખનો છે. 'આવતી કાલની શોધમાં' અને 'મિનોઈ સાચું કહેતી હતી' તેમના કાવ્યસંગ્રહો છે. 'નાજુક ક્ષણ' અને 'સાવ અચાનક' તેમના લઘુકથાના સંગ્રહો છે. 'શબ્દતીર્થ' તેમનો વિવેચનસંગ્રહ છે તેમનો કૃતિઓ પુરસ્કૃત પણ થઈ છે.

વતનપ્રેમ દરેક વ્યક્તિના મનમાં સચવાયેલો રહે છે. પોતાના ગામને પાદરે પહેલાં જે નદી હતી તે હવે લુપ્ત થઈ ગઈ છે તેથી નદી ન હોવાનો વિયોગ આ કૃતિમાં ભારોભાર અનુભવાય છે. ક્યાંક જોવા મળતી કાવ્યાત્મક શૈલી મનભર બનાવે છે. લોકમાતા તરીકે સર્વસ્વીકૃત નદીની પ્રવાસિતાને લેખક યાત્રાધામ તેમજ જ તીર્થસ્થાન માની ને સ્મરે છે.

3 તારે પગલે



રવીન્દ્રનાથ ટાગોર

(જન્મ : 07-05-1861, અવસાન : 07-08-1941)

રવીન્દ્રનાથ દેવેન્દ્રનાથ ટાગોરનો જન્મ કોલકત્તામાં થયો હતો. તેમણે કાવ્ય, વાર્તા, નવલકથા, નાટક, ચરિત્રલેખો, નિબંધો દ્વારા બંગાળી સાહિત્યમાં વિપુલ અને સમૃદ્ધ પ્રદાન કર્યું છે. 'માનસી', 'ચિત્રા', 'ચૈતાલી', 'બલાકા' એમના મહત્ત્વના કાવ્યસંગ્રહો છે. એમના 'ગીતાંજલિ' કાવ્યસંગ્રહને સાહિત્યનો વિશ્વવિખ્યાત નોબેલ પુરસ્કાર મળેલો. 'પોસ્ટ માસ્તર', 'કાબુલીવાલા', 'દીદી', 'નષ્ટનીડ' એમની ઉત્તમ વાર્તાઓ છે. 'ઘરે બાહિરે' અને 'ગોરા' એમની વિશ્વવિખ્યાત નવલકથાઓ છે. ગુજરાતી અને તમામ ભારતીય ભાષાઓમાં એમનું સાહિત્ય અનુવાદિત થયેલું છે.

'તારે પગલે' ગીત પ્રકૃતિનાં વિધવિધ રૂપોની રમણીયતા પ્રગટ કરે છે. કવિને તમામ રૂપોમાં મધુમય છંદનો અનુભવ થાય છે. કવિ જાણે પ્રકૃતિને અને તેનીય પાછળ પ્રભુને પગલે પગલે આ અનુભૂતિ કરી રહ્યા છે. સંધ્યારાણી, ગોપિકાઓ અને ઉત્સવગાનમાં મિલનનું ગીત ગૂંજી રહ્યું છે. ગીત જાણે મૂળ ગુજરાતીમાં લખાયું હોય એટલું ભાવવાહી રીતે કવિ સુન્દરમ્ અનુવાદિત કર્યું છે.

4 મારી બા

શરીફા વીજળીવાળા

(જન્મ : 04-08-1962)

શરીફા કાસમભાઈ વીજળીવાળા ભાવનગર જિલ્લાના જાંથરી ગામનાં વતની છે. પીએચ.ડી.નો અભ્યાસ કર્યો છે. એમ.ટી.બી. કોલેજમાં અને હાલ નર્મદ યુનિવર્સિટીમાં ગુજરાતીનાં અધ્યાપિકા છે. વિવેચક, અનુવાદક, સંપાદક તરીકે વિખ્યાત છે. 'ટૂંકી વાર્તામાં કથનકેન્દ્ર', 'વાર્તાસંદર્ભ', 'સંપ્રત્યય', 'નવલવિશ્વ' તેમના નોંધપાત્ર વિવેચન ગ્રંથો છે. 'મન્ટોની વાર્તાઓ', 'વિભાજનની વાર્તાઓ', ઇંતિઝાર 'હુસૈનની વાર્તાઓ', 'સ્ટેફાન ત્સ્વાઈકની વાર્તાઓ'ના તેમના અનુવાદો જાણીતા છે. અસગર વજાહતના ઉર્દૂ નાટક 'જેણે લાહોર જોયું નથી' ના અનુવાદ માટે તેમને સાહિત્ય અકાદમી, દિલ્હીનો અનુવાદ પુરસ્કાર એનાયત થયેલો છે. સંપાદક તરીકે પણ તેમનું કાર્ય નોંધપાત્ર છે.

બાળકના મનમાં માતાનું સ્થાન અનન્ય હોય છે. ખૂબ મુશ્કેલીઓ વેઠીને બાળકને ઉછેરતી માતા તેમની જરૂરિયાતોને સમયસર યથાશક્તિ પૂર્ણ કરવાનો પ્રયત્ન કરે છે. જરૂર જણાય ત્યાં તેને ટકોરે છે. વાત્સલ્યમૂર્તિ એવી માતા બાળકનો સંસ્કારપિંડ ઘડે છે તેની સમજ મોટી ઉંમરે દરેક બાળકને થાય છે. ત્યારે માતા પ્રત્યેનો અહોભાવ વધી જાય છે. સરળ અને બોલચાલની લઢણની શૈલીથી રચના રસાળ બની છે.

ગુજરાતી

(પ્રથમ ભાષા)

ધોરણ 11

અનુક્રમણિકા

1.	નાવિક વળતો બોલિયો	પદ	ભાલણ	1
2.	પોસ્ટ ઑફિસ	નવલિકા	ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ'	3
3.	એમ ઉગાર્યો ચંદ્રહાસ	આખ્યાનખંડ	પ્રેમાનંદ	10
4.	અમૃતા	ચરિત્રનિબંધ	કિશનસિંહ ચાવડા	14
•	**વ્યાકરણ અને લેખન :**	શબ્દપ્રયોગ, શબ્દ ઘડતર (પ્રત્યયો)		18
5.	છપ્પા/ઉખાણાં	છપ્પા/ઉખાણાં	અખો	24
6.	સુંદરીની શોધ	આત્મકથા ખંડ	જયશંકર 'સુંદરી'	27
7.	વનમાં ચાંદલિયો ઊગ્યો	લોકગીત	સંકલિત	32
8.	બૂરાઈના દ્વાર પરથી	નવલિકા	ઝવેરચંદ મેઘાણી	34
•	**વ્યાકરણ અને લેખન :**	શબ્દભંડોળ		40
9.	ચક્રવાક મિથુન	ખંડકાવ્ય	મણિશંકર ભટ્ટ 'કાન્ત'	45
10.	જીભ	હાસ્ય નિબંધ	જ્યોતીન્દ્ર દવે	51
11.	સીમ અને ઘર	સૉનેટ	ઉમાશંકર જોશી	56
12.	પ્રસંગદીપ	પ્રસંગકથા	ભરત ભટ્ટ	58
•	**વ્યાકરણ અને લેખન :**	વાક્યવિષયક સજ્જતા		62
13.	પરાજયની જીત	ખંડકાવ્ય	પ્રહ્લાદ પારેખ	70
14.	વાત એક શાપની	નવલિકા	મહેશ યાજ્ઞિક	74
15.	મારા ફળીનાં ઝાડવાં બે	ગીત	દેવજી રા. મોઢા	79
16.	તપસ્વી સારસ્વત	ચરિત્રલેખ	ચંદ્રકાન્ત શેઠ	81
•	**વ્યાકરણ અને લેખન :**	પરિચ્છેદ, સર્વનામ, સંયોજક, પ્રાસ		84
17.	ભજન કરે તે જીતે	ભજન	મકરંદ દવે	89
18.	હુકમ, માલિક	એકાંકી	ચિનુ મોદી	91
19.	કાવ્યદ્વયી	ઊર્મિકાવ્યો	પ્રિયકાન્ત મણિયાર / સુંદરમ્	98
20.	સ્ટેચ્યૂ રમવાની મજા	લલિત નિબંધ	અનિલ જોશી	101
•	**વ્યાકરણ અને લેખન :**	વિરામચિહ્નો, જોડાક્ષરો, જોડણી		104
21.	ભગવાનનો ભોગ	ઊર્મિકાવ્ય	રમેશ પારેખ	107
22.	જમાના પ્રમાણે	નવલિકા	વસુબહેન ભટ્ટ	110
23.	સહી નથી	ગઝલ	'જલન' માતરી	116
24.	રેફરન્સ બુક	લઘુકથા	ઈજ્જતકુમાર ત્રિવેદી	118
25.	દુહા, મુક્તક, હાઈકુ		દુલા ભાયા 'કાગ' અને અન્ય	120
26.	બે દૃષ્ટાંત		રવિશંકર મહારાજ	125
•	**વ્યાકરણ - લેખન :**	નિબંધ, અહેવાલલેખન, વિચારવિસ્તાર		129

પૂરક વાચન

1.	અનૂદિત કાવ્ય			
	1. કબાટમાંનાં પુસ્તકો	ઊર્મિકાવ્ય	શંકર વૈદ્ય	134
	2. એને તું હજી વધુ આપ	ઊર્મિકાવ્ય	કૈલાસ બાજપેયી	135
2.	રોજિંદા જીવનનું વ્યાકરણ	ચિંતનલેખ	નગીનદાસ પારેખ	136
3.	આભાર માન	ગઝલ	રાજેશ વ્યાસ 'મિસ્કીન'	140
4.	કાન	નવલિકા	મધુરાય	141

•

1 નાવિક વળતો બોલિયો

ભાલણ

(પંદરમી સદી ઉત્તરાર્ધ-સોળમી સદી પૂર્વાર્ધ)

ભાલણનું અપર નામ પુરુષોત્તમ હતું. જ્ઞાતિએ મોઢ બ્રાહ્મણ હતા, અટક ત્રવાડી હતી. એમનું વતન પાટણ હતું. સંસ્કૃત તેમજ વ્રજભાષાનું જ્ઞાન ધરાવતા હતા. 'દશમસ્કંધ'માં આવતાં વ્રજભાષાનાં પદ કવિએ પોતે રચેલાં હોય એવું લાગે છે. 'ગુર્જર ભાષા' તરીકે ગુજરાતી ભાષાને ઓળખાવનાર ભાલણે ગુજરાતી કવિતામાં કડવાબદ્ધ આખ્યાનોનો સ્થિર પાયો નાખવાનું કાર્ય કર્યું. એમનાં આખ્યાનોમાં પહેલી વખત ઊથલો કે વલણ વગરનાં કડવાં જોવા મળે છે, એથી જ તે 'આખ્યાનના પિતા' તરીકે ઓળખાય છે. પૌરાણિક આખ્યાનોમાં તેઓ મૂળ કથાને વફાદાર રહે છે. મુખ્યત્વે આખ્યાનકવિ, પદકવિ અને અનુવાદક તરીકે જાણીતા છે.

'નળાખ્યાન', 'જાલંધરઆખ્યાન', 'ધ્રુવઆખ્યાન', 'ચંડીઆખ્યાન', 'મૃગીઆખ્યાન', 'રામવિવાહ' જેવાં આખ્યાનો તેમણે રચ્યાં છે. તેમની યશોદાયી કૃતિ 'કાદંબરી' તેમજ 'દશમસ્કંધ' અને 'રામબાલચરિત' સવિશેષ ધ્યાનપાત્ર છે.

પ્રસ્તુત કાવ્યના કેન્દ્રમાં, એમના વાલ્મીકિરચિત રામાયણનો કેવટ પ્રસંગ છે. અયોધ્યાથી વનવાસ જવા નીકળેલા રામને નદી ઓળંગવા હોડીની જરૂર પડે છે. લક્ષ્મણ-સીતાને નાવમાં બેસાડવા નાવિક તૈયાર છે, પણ રામને નાવમાં બેસાડવાની 'ના' કહે છે. નાવિકે સાંભળ્યું છે કે ઋષિના શાપથી પથ્થર બનેલી અહલ્યા રામની ચરણરજથી જીવિત સ્ત્રી બની ગઈ છે. હવે જો રામની ચરણરજ હોડીને સ્પર્શે તો હોડી પણ સ્ત્રી બની જાય એવી ભોળી સમજ નાવિકને મૂંઝવે છે. નાવિકને ઘેર એક સ્ત્રી (પત્ની) તો છે જ, ચરણસ્પર્શથી બીજી સ્ત્રી થાય તો બંને સ્ત્રીઓનું ભરણપોષણ તે કેવી રીતે કરે ? આજીવિકાનું એકમાત્ર સાધન હોડી જ છીનવાઈ જાય! ગુરુ વિશ્વામિત્ર નાવિકની મૂંઝવણ દૂર કરવા વચ્ચેનો માર્ગ કાઢે છેઃ તેઓ નાવિકને ગંગાજળથી રામના પગ ધોવા કહે છે; જેથી રજ ધોવાઈ જાય, ચરણ સ્વચ્છ થાય અને હોડી નારી બનતાં બચી જાય ! અંતે ભોળો (પ્રભુના પગ ધોવા ઇચ્છતો) નાવિક રામના પગ ધુએ છે અને સંતોષ પામે છે. મુંઝાતા નાવિકનું ભોળપણ, પરોક્ષ રીતે શ્રીરામનાં ચરણ ધોવાની હોશિયારી, મધ્યસ્થી વિશ્વામિત્રની કુનેહ અને સર્વજ્ઞ શ્રીરામનું માર્મિક હાસ્ય આખ્યાનખંડને રસપ્રદ બનાવે છે.

2 પોસ્ટઑફિસ

ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ'

(જન્મ : 12-12-1892; અવસાન : 11-3-1965)

ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી 'ધૂમકેતુ'નો જન્મ સૌરાષ્ટ્રના વીરપુરમાં થયો હતો. ઈ.સ.1920માં અંગ્રેજી-સંસ્કૃત વિષયો સાથે સ્નાતક થયા. ગોંડલ રાજ્યની રેલવે ઑફિસમાં તેમજ એ પછી ગોંડલની હાઈસ્કૂલમાં નોકરી કરી. ઈ.સ.1923થી અમદાવાદમાં સ્થાયી થયા. બાળપણમાં સાંભળેલી વાર્તાઓ, બાલ્યાવસ્થાનો વાંચનશોખ, શ્રીમાન નથુરામ શર્માના આશ્રમનું પુસ્તકાલય, આસપાસની પ્રકૃતિ આદિ ધૂમકેતુના સાહિત્યસર્જનનાં પ્રેરક બળો રહ્યાં છે.

નવલિકા, નવલકથા, નિબંધ, ચરિત્ર, નાટક-એમ વિવિધ સાહિત્યસ્વરૂપોમાં તેમણે કરેલા ખેડાણથી ગુજરાતી સાહિત્ય સમૃદ્ધ થયું છે. ટૂંકી વાર્તાના સ્વરૂપ-ઘડતરમાં તેમનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. તેમની વાર્તા 'પોસ્ટઑફિસ'ના 'ધ લેટર' અનુવાદને વિશ્વકક્ષાના ઉત્તમ વાર્તાઓના સંપાદનમાં સ્થાન મળ્યું છે. 'તણખામંડળ ભાગ-1 થી 4', 'અવશેષ', 'પ્રદીપ', 'ત્રિભેટો', 'આકાશદીપ' જેવા ચોવીસ વાર્તાસંગ્રહોમાં ચારસો જેટલી નવલિકાઓ તેમણે આપી છે. ભાવનાશીલ પાત્રોનું નિર્માણ, કાવ્યમય વર્ણનો અને મનોહર ગદ્યશૈલીને લીધે એમની વાર્તાઓ આકર્ષક બની છે.

'ચૌલાદેવી', 'આમ્રપાલી', 'વૈશાલી' તેમજ 'ધ્રુવદેવી' એમની ઐતિહાસિક નવલકથાઓ છે. 'પૃથ્વીશ', 'રાજમુગટ', 'પરાજય' અને 'જીવનનાં ખંડેર' જેવી સામાજિક નવલકથાઓ તેમણે આપી છે. 'જીવનપથ', 'જીવનરંગ' તેમની આત્મકથાનાં પુસ્તકો છે. 'જીવનચક્ર', 'પગદંડી', 'જીવનવિચારણા' વગેરે એમના નિબંધસંગ્રહો છે. 'એકલવ્ય અને બીજાં નાટકો' તેમજ 'ઠંડી ક્રૂરતા અને બીજાં નાટકો' એમના નાટ્યસંગ્રહો છે. ખલીલ જિબ્રાનના 'ધ પ્રોફેટ'નો અનુવાદ 'વિદાય વેળાએ' એમનું નોંધપાત્ર પ્રદાન છે. ઈ.સ.1935 માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક મળેલો. ઈ.સ. 1953માં તેમને નર્મદચંદ્રક અર્પણ થયેલો. ઈ.સ.1944માં વડોદરામાં મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં સાહિત્યવિભાગના પ્રમુખ હતા.

'પોસ્ટઑફિસ' એ માત્ર ધૂમકેતુની જ નહિ, પરંતુ ગુજરાતી સાહિત્યની નોંધપાત્ર કૃતિ તરીકે પોંખાઈ છે. સમગ્ર વાર્તાના કેન્દ્રમાં અલીડોસો કૉચમૅન છે. એક જમાનામાં શિકારી હતો. તરફડતાં પ્રાણીઓને જોઈને આનંદ લૂંટતો હતો. આજે દીકરી મરિયમના વિરહ-અગ્નિમાં શેકાઈ રહ્યો છે. મરિયમની ટપાલ લેવા પોસ્ટઑફિસમાં વહેલી સવારથી આંટા મારે છે. નિયમિત પોસ્ટઑફિસમાં એ ઉપહાસનું પાત્ર બની ગયો છે. પોસ્ટમાસ્તર પોતે જ એવી પરિસ્થિતિમાં મુકાય છે કે એમને અલીની વેદના-વ્યથા સમજાય છે. લેખકે કથાની ગૂંથણી સરસ કરી છે. એક તરફ સંવેદનશીલ માનવીનું મન છે, તો બીજી તરફ જડતંત્ર છે. આ બંને પરિસ્થિતિઓની વચ્ચે બે પિતાના હૃદયનું સમસંવેદન, સામ્પ્રત જીવન માટે બોધ બની જાય છે.

3 એમ ઉગાર્યો ચંદ્રહાસ

પ્રેમાનંદ

(સત્તરમી સદી)

પ્રેમાનંદનો જન્મ વડોદરામાં થયો હતો. એમના પિતાનું નામ કૃષ્ણરામ ભટ્ટ હતું. કથાકાર તરીકેનો પોતાનો કૌટુંબિક વ્યવસાય કરીને તેઓ ગુજરાન ચલાવતા હતા. વ્યવસાય અર્થે તેઓ સુરત અને નંદરબાર પણ ગયા હતા. માણ ઉપર હાથથી તાલ આપીને કથા પ્રસંગોનું પઠન અને ગાયન કરવામાં કુશળ પ્રેમાનંદે સાભિનય રજૂઆત દ્વારા આખ્યાનોને લોકપ્રિય કર્યાં હતાં. નરસિંહ, સુદામા જેવા ભક્તોના જીવનપ્રસંગો તથા પુરાણોમાંથી કથાવસ્તુ લઈને પ્રેમાનંદે આનંદ સાથે જ્ઞાન આપતી અનેક આખ્યાનરચનાઓ ગુંજતી કરી હતી. આખ્યાનની કથનકળામાં પ્રવીણ હોવા સાથે પ્રેમાનંદ વર્ણનો, પાત્રાલેખન, રસનિરૂપણ અને એ દ્વારા વાતાવરણચિત્રણમાં પણ કુશળ હતા. એમનાં આખ્યાનોને ઉત્તમ બનાવવામાં એમની રસનિરૂપણ તેમજ ભાષાશક્તિનો મહત્ત્વનો ફાળો છે.

'ઓખાહરણ', 'અભિમન્યુઆખ્યાન', 'ચંદ્રહાસાખ્યાન', 'સુદામાચરિત', 'મામેરું', 'નળાખ્યાન', 'રણયજ્ઞ', 'દશમસ્કંધ' જેવી કૃતિઓ રચીને પ્રેમાનંદે ગુજરાતી આખ્યાન કવિતાને સમૃદ્ધ કરીને, ગુજરાતી સંસ્કારોને પોષવાનું પ્રશસ્ય કાર્ય કર્યું છે.

પ્રેમાનંદના ચંદ્રહાસઆખ્યાનના આ કડવા-15માં પ્રધાન ધૃષ્ટબુદ્ધિ જેને મરી ગયેલો સમજતો હતો, તે ચંદ્રહાસ જીવતો છે એ જાણી તેને મારવા તત્પર બને છે. ચંદ્રહાસને 'વિષ' આપવા પોતાના પુત્ર મદનને લખેલો પત્ર તેની સાથે જ રવાના કરે છે. કૌતલપુરના પાદરે પહોંચી ચંદ્રહાસ વિશ્રામ કરે છે. તે સમયે ધૃષ્ટબુદ્ધિની વિષયા નામે પુત્રી સખીઓ સાથે ઉપવનમાં આવી છે. ત્યાં સૂતેલા ચંદ્રહાસને જોઈને મુગ્ધ થઈ જાય છે. યૌવનસહજ આવેશમાં વિષયા ચંદ્રહાસ ઉપર મોહિત થાય છે. આ કડવામાં પ્રેમાનંદે તેનું રસિક વર્ણન કર્યું છે. ચંદ્રહાસને મુગ્ધભાવે નિરખતી વિષયા સૂતેલા ચંદ્રહાસની કમરમાં બાંધેલો પત્ર હળવેથી સેરવી લે છે. ચંદ્રહાસને મારી નાખવાની પિતાની યોજના વિશે વાંચીને તે ચંદ્રહાસને ઉગારવા એક નેત્રનું કાજળ અને બીજા નેત્રનું જળ લઈ તરણા વડે 'વિષ' ને બદલે 'વિષયા' લખી ચંદ્રહાસને ઉગારી લે એવી હાજરબુદ્ધિનું આ કડવું પ્રેમાનંદની સર્જનશક્તિનું પણ ઉત્તમ ઉદાહરણ છે.

4 અમૃતા

કિશનસિંહ ચાવડા

(જન્મ: 17-11-1904; અવસાન : 01-12-1979)

નિબંધકાર, નવલકથાકાર, વાર્તાકાર, ચરિત્રકાર, સંપાદક તેમજ અનુવાદક કિશનસિંહ ગોવિંદસિંહ ચાવડા 'જિપ્સી'નો જન્મ વડોદરામાં થયો હતો. તેઓ સુરત જિલ્લાના સચીન પાસેના ભાંજ ગામના હતા. તેમણે વડોદરા, ગૂજરાત વિદ્યાપીઠ-અમદાવાદ. તેમજ શાંતિનિકેતન-કલકત્તા ખાતે શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. મુંબઈની ફેલોશિપ હાઈસ્કૂલમાં થોડો સમય શિક્ષક તરીકે સેવા આપી હતી. વડોદરામાં 'સાધના મુદ્રણાલય'ની સ્થાપના કરી. પાછળથી અલમોડા પાસેના મિરતોલા આશ્રમમાં નિવાસ કર્યો હતો.

જીવનશ્રદ્ધા અને જીવનમાંગલ્યની ભૂમિકા પરથી રંગદર્શી માનસની અનેક મુદ્રાઓ ઉપસાવતું ચિત્રાત્મક શૈલીનું એમનું ગદ્ય, ગુજરાતી ગદ્યસાહિત્યમાં વૈયક્તિક પરિમાણ પ્રગટાવે છે.

'રેખાચિત્ર', 'સંસ્મરણ', અને 'આત્મકથા'ના ત્રિવિધ સ્તરને સ્પર્શતા 'અમાસના તારા' પુસ્તકમાંના પ્રસંગોમાં જીવનના અનુભવોનું વિધાયક બળ છે. 'જિપ્સીની આંખે'માં સંસ્મરણોનો સુચારુ આલેખ છે. 'તારામૈત્રક' અંગત ચરિત્રરેખાઓનું નોંધપાત્ર પુસ્તક છે. 'સમુદ્રના દ્વીપ' જીવન વિશેના માર્મિક લેખોનો સંગ્રહ છે. 'અમાસથી પૂનમ ભણી'માં આધ્યાત્મિક લેખો છે. તેમણે 'ધરતી પુત્રી' નવલકથા તેમજ 'કુમકુમ' અને 'શર્વરી' વાર્તાસંગ્રહો પણ આપ્યા છે. 'હિન્દી સાહિત્યનો ઈતિહાસ' અને 'કબીર સંપ્રદાય' એમના અભ્યાસગ્રંથો છે. કેટલાંક સંપાદનો તેમજ અનુવાદો પણ તેમણે પ્રકાશિત કર્યાં છે. તેમને નર્મદ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો.

પ્રસ્તુત કૃતિ 'અમૃતા'માં લેખક પોતાની નાની બહેન પ્રત્યેના સ્નેહને પ્રગટ કરે છે. ભાઈના લગ્નપ્રસંગે અમુની વેદના તેમજ અમુના લગ્નટાણે ભાઈની વેદનાને લેખકે એટલી રસપ્રદ શૈલીમાં વ્યક્ત કરી છે કે વાચકની આંખ સહજ રીતે જ ભીંજાઈ જાય! અમુનો સાસરવાસ અને તેની બીમારી પછી, તેની કાયમી વિદાય તો વાચકને અવાચક બનાવી મૂકે છે. કથાની સાથે અમુનો માતા-પિતા અને પોતાની સાથેના સ્નેહસંબંધને પણ લેખકે પ્રસંગોપાત ગૂંથ્યો છે, જે અમુના ચરિત્રને સરસ રીતે ઉઠાવ આપે છે. અમુનો પાંચીકાપ્રેમ, એ પાંચીકાપ્રેમને કારણે પ્રગટેલો ભાઈ પ્રત્યેનો સ્નેહ, અમુના અસ્થિવિસર્જન સાથે થયેલ પાંચીકા વિસર્જન અને ભાઈની વ્યથામય સ્થિતિ –આ બધું જાણે-અજાણે ચિત્રપટ ઉપર જોતાં - અનુભવતાં હોઈએ એવું લાગે છે!

5 છપ્પા/ઉખાણાં

અખો

(17 મું શતક પૂર્વાર્ધ)

અખા ભગત મૂળ અમદાવાદ પાસેના જેતલપુરના વતની હતા અને જ્ઞાતિએ સોની હતા. તેઓ વેદાંતી કવિ છે. ગુજરાતના જ્ઞાનમાર્ગી કવિઓમાં તેઓ શ્રેષ્ઠ છે. તત્ત્વજ્ઞાન અને કવિતાનો સુભગ સમન્વય એમની કવિતામાં સુપેરે પ્રગટ થતો જોવા મળે છે. વેદાંતદર્શન તેમજ જીવનના અનુભવોથી પ્રૌઢ બનેલો જ્ઞાનવિચાર એમની કવિતાનું આભૂષણ છે.

જીવનમાં એક પછી એક થયેલાં સ્વજનોનાં મૃત્યુ, ધર્મની બહેન જમનાએ સોનાના હાર સંબંધી ઉઠાવેલી શંકા તેમજ ટંકશાળના ઉપરી તરીકે હલકી ધાતુ ભેળવવા અંગે તેમના પર આવી પડેલા આળને કારણે તેઓ એકાંતપ્રિય, ગંભીર તેમજ વૈરાગી થઈ ગયા હતા.

'પંચીકરણ', 'ગુરુશિષ્યસંવાદ', 'અનુભવબિંદુ' તેમજ 'અખેગીતા' તેમની નોંધપાત્ર રચનાઓ છે, જોકે એમના છપ્પાઓને કારણે તેઓ વિશેષ જાણીતા અને લોકપ્રિય છે. સમાજનાં સામાજિક દૂષણો, પાખંડ, ઢોંગ, રૂઢિચુસ્તતા, કર્મકાંડ, દેહદમન, આચારજડતા, સાંપ્રદાયિક જડતા, પાખંડી ગુરુઓ સામે અખાએ તીખા પ્રહારો-કટાક્ષો કર્યા છે. દૂષણો પ્રતિ શબ્દબાણ છોડતાં એમની ભાષા અર્થઘન અને ઓજસ્વી લાગે છે. છપ્પા દ્વારા સામર્થ્ય અને ગૌરવ પ્રગટ કરતી તેમની ભાષાને કારણે અખાનું સ્થાન સાહિત્યમાં હંમેશાં મોખરે રહેશે.

છપ્પા એ છ ચરણ ધરાવતો કાવ્યપ્રકાર છે. અખાએ મોટેભાગે છપ્પામાં ચોપાઈ છંદનો ઉપયોગ કર્યો છે. મધ્યકાળ તેમજ અર્વાચીન કાળમાં કટાક્ષ અને સદાચાર-બોધ માટે છપ્પાનો ઉપયોગ થયો છે.

પહેલા છપ્પામાં અનુભવ-જ્ઞાનનો મહિમા કરવામાં આવ્યો છે. કવિએ અનુભવરૂપી પાંખ જેમની પાસે છે તેમણે સંસારની આંટી-ઘૂંટીથી ડરવા જેવું નથી એ વાત ઉંદર અને પંખીના દૃષ્ટાંત દ્વારા સમજાવી છે.

બીજા છપ્પામાં ભાષાને ગૌણ ગણી, ભાવનાનું મૂલ્ય કરવામાં આવ્યું છે. યુદ્ધમાં ભાષાથી નહીં પણ બળથી જ જિતાય છે! શિષ્ટ એવી સંસ્કૃત ભાષા સામે પ્રાકૃત-તળ-બોલીની અર્થક્ષમતા ચીંધી આપતો અખો મૂળાક્ષરના બાવન અક્ષરથી ઘેરાયેલા સંસારથી મુક્ત થઈ, પરમ તત્ત્વરૂપી ત્રેપનમા અક્ષરને આરાધવાની અનુભવજન્ય વાત કરે છે.

6 સુંદરીની શોધ

જયશંકર ભોજક

(જન્મ : 30-1-1889; અવસાન : 22-1-1975)

આત્મકથાકાર જયશંકર ભૂદરદાસ ભોજક 'સુંદરી' નો જન્મ ઉત્તર ગુજરાતના એમના વતન વિસનગરમાં થયો હતો. એમનો અભ્યાસ માત્ર બે ધોરણ સુધીનો હતો. ઈ.સ.1898 થી 1901 કલકત્તા ઉર્દૂ નાટક મંડળીમાં, ઈ.સ. 1901 થી 1932 મુંબઈ ગુજરાતી નાટક મંડળી સાથે સંકળાયેલા રહ્યા. ઈ.સ. 1948 થી 1962 સુધી અમદાવાદ રંગભૂમિની આબોહવા સર્જવામાં સક્રિય બન્યા. ઈ.સ. 1964 માં મુંબઈમાં મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના બાવીસમા અધિવેશનમાં કળાવિભાગના પ્રમુખ બન્યા. ઈ.સ. 1951માં રણજિતરામ સુવર્ણચંદ્રક અને 1971માં પદ્મવિભૂષણનો ઈલકાબ મળ્યો હતો.

જૂની રંગભૂમિના સુવિખ્યાત નટ 'સુંદરી'ની આત્મકથા 'થોડાં આંસુ, થોડાં ફૂલ'માંથી આ પાઠ લેવામાં આવ્યો છે. તેમણે તેમનું નટજીવન 'મુંબઈ ગુજરાતી નાટક મંડળી'માં વીતાવ્યું. ઈ.સ. 1901માં ભજવાયેલ 'સૌભાગ્યસુંદરી' નાટકમાં માત્ર 12 વર્ષની ઉંમરે તેમણે ભજવેલી 'સુંદરી બાલા'ની પ્રથમ ભૂમિકામાં જ સહજ, સરલ, લાવણ્યમય અભિનય પરથી તેમની ઓળખ કાયમ માટે 'સુંદરી' બની ગઈ. મુંબઈના ગેઈટી થિએટરમાં સળંગ બત્રીસ વર્ષ સુધી નાટકોમાં સ્ત્રીનાં વિવિધ પાત્રો ભજવી તેમણે પ્રેક્ષકોની અપાર ચાહના મેળવી. 'નટમંડળ, અમદાવાદ'ના ઉપક્રમે 'મેનાગુર્જરી' ઇત્યાદિ નાટકોના દિગ્દર્શનને અનુલક્ષીને આજીવન અભિનયના ક્ષેત્રે ઈ.સ. 1957માં રાષ્ટ્રપતિ સુવર્ણચંદ્રક મળ્યો.

પોતે પુરુષ હોવા છતાં સ્ત્રીનો અભિનય ક્યાંથી અને કેવી રીતે શીખતા ગયા તેના સ્વાનુભવનાં કેટલાંક બિંદુઓ પ્રસ્તુત પાઠમાં વર્ણવાયાં છે. શ્રી જયશંકર ભોજક અલ્પશિક્ષિત હોવાથી, પોતે બોલતા ગયા અને ડૉ. સોમભાઈ સી. પટેલ તથા ડૉ. દિનકર જયશંકર ભોજક લખતા ગયા અને ભાષાદૃષ્ટિએ મઠારતા ગયા, એ રીતે આ આત્મકથા એનો કાવ્યાત્મક શબ્દદેહ પામી.

7 વનમાં ચાંદલિયો ઊગ્યો

સંકલિત

લોકગીતનો કોઈ રચયિતા નથી હોતો એમ કહેવા કરતાં એમ કહી શકાય કે, લોકસમૂહ લોકગીતોનો રચયિતા હોય છે. માત્ર એક વ્યક્તિથી નહીં પણ અનેકોની ઉત્સાહભરી સર્જકતાથી રચાયેલું લોકગીત, કોઈ એક પ્રસંગ કે ઘટના આધારિત આનંદ-ઉત્સાહ-ઉમંગ કે વેદના-વ્યથા-વિરહની સર્જનાત્મક અભિવ્યક્તિ છે.

આ લોકગીતને એક પ્રકારનું સંવાદગીત પણ કહી શકાય. પ્રિયતમના આગમનથી આનંદ અનુભવતી પ્રિયતમાના જીવનની વિરહરૂપી રાત્રી, મિલનરૂપી દિવસ બની જતી આલેખાઈ છે! 'વન' એકલતાનું અને 'ચાંદલિયા' પ્રિયતમના આગમનનું સૂચન બની રહે છે. 'સૂરજ'ને, ઉદાસ સ્થિતિને ઉજાશમાં બદલી નાખતા પ્રતીકરૂપે જોઈ શકાય. આંગણે આવેલા પ્રિયતમને દાતણ-ન્હાવણ-ભોજન-મુખવાસ-પોઢણ જેવી સામગ્રી દ્વારા સમર્પણનો ભાવ દર્શાવતી પ્રિયતમા પ્રિયતમને રોકાઈ જવા ખૂબ આગ્રહ કરે છે, પણ મિત્રો સાથે હોવાથી રોકાઈ ન શકતો પ્રિયતમ મિત્રોને છોડીને રોકાવાની મજબૂરી દર્શાવી મિત્રપ્રેમ પણ વ્યક્ત કરે છે. વિરહના ભાવોને ઉલ્લાસના સૂરોમાં રજૂ કરતું આ લોકગીત ગુજરાતી લોકજીભે રમતી લોકપ્રિય રચના છે.

8 બૂરાઈના દ્વાર પરથી

ઝવેરચંદ મેઘાણી

(જન્મ : તા.28-8-1896, મૃત્યુ : તા.9-3-1947)

કવિ, નવલકથાકાર, વાર્તાકાર, લોકસાહિત્યના સંશોધક-સંપાદક, વિવેચક, અનુવાદક ઝવેરચંદ કાળિદાસ મેઘાણી સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ગામમાં જન્મ્યા હતા. બગસરા તેમનું વતન હતું. સૌરાષ્ટ્રમાં વિવિધ સ્થળે અભ્યાસ કર્યો. 1916માં અંગ્રેજી-સંસ્કૃત વિષયો સાથે જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજ માંથી સ્નાતક થયાં. ભાવનગરની સનાતનધર્મ હાઈસ્કૂલમાં ખંડસમયના શિક્ષક તરીકે નોકરી કરી. કલકત્તામાં ઍલ્યુમિનિયમના કારખાનામાં મેનેજર થયા. પોતાના બાળપણના અને સૌરાષ્ટ્રના અનુભવોને આધારે તેમણે 'ચોરાનો પોકાર' લેખ લખ્યો. અમૃતલાલ શેઠના 'સૌરાષ્ટ્ર દૈનિક'માં પત્રકાર થયા અને રાણપુર વસ્યા. મેઘાણીને તેમનું પ્રિય કામ મળ્યું. અનેક વિસ્તારમાં ફરી વળીને દુહાગીરો, કથાકારો, વૃદ્ધજનો, સ્ત્રી-પુરુષો પાસેથી લોકગીતો અને લોકકથાઓ નોંધીને તેનું સંશોધન, સંપાદન, લેખન શરૂ કર્યું.

'સૌરાષ્ટ્રની રસધાર', 'સોરઠી બહારવટિયા', 'સોરઠી', 'દાદાજીની વાતો' એવાં લોકવાતાનાં સંપાદનો તથા 'કંકાવટી', 'રઢિયાળી રાત', 'ચૂંદડી', 'હાલરડાં', 'ઋતુગીતો' એવાં લોકગીતોનાં સંપાદનોમાં મેઘાણીની સૂઝ અને પરખ દેખાય છે. મેઘાણીના આ ભગીરથ કાર્યને કારણે સ્મૃતિને આધારે જળવાતો લોકસાહિત્યનો સમૃદ્ધ વારસો આપણને પ્રાપ્ત થયો છે.

'સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં', 'લોકસાહિત્યનું સમાલોચન', 'ધરતીનું ધાવણ' જેવા ગ્રંથોમાં લોકસાહિત્યની મીમાંસા કરી તેની વિલક્ષણતાનો પરિચય કરાવ્યો છે. ગાંધીયુગ અને સ્વતંત્રતા સંગ્રામને ઝીલતા 'યુગવંદના', 'સિંધુડો' જેવા કાવ્યસંગ્રહો તેમણે આપ્યા છે. રાષ્ટ્રપ્રેમ, દીનદુઃખી પ્રત્યે હમદર્દી વ્યક્ત કરતાં ગીતો-કાવ્યો તેમણે આપ્યાં છે.

'બૂરાઈના દ્વાર પરથી' નવલિકામાં ઝવેરચંદ મેઘાણીએ ઝમકુનું જનમનું સુમેળભર્યું સ્નેહાળ દામ્પત્યજીવન તો આલેખ્યું જ છે સાથે-સાથે મહેનત-મજૂરી કરનારા માણસો જીવનભર પરસેવો પાડે તો પણ તેમના જીવનમાં દારુણ ગરીબી અને શોષણ લખાયેલાં જ રહે છે તેવો સૂર આલેખી આપ્યો છે. સામે પક્ષે લેખકે અમીર માણસોનાં મન સંકુચિત અને શોષણખોર, સ્વાર્થી અને સંવેદનહીન મનોદશાને અહીં સરસ અભિવ્યક્તિ આપી છે.

9 ચક્રવાકમિથુન

મણિશંકર ભટ્ટ 'કાન્ત'

(જન્મ: 20-11-1863; અવસાન: 16-06-1923)

કવિ, નાટ્યકાર શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત'નો જન્મ અમરેલી જિલ્લાના ચાવંડ ગામમાં થયો હતો. વિદ્યા અને વ્યવસાયનાં કેટલાંક વર્ષો તેઓ મુંબઈમાં રહેલા. તેમણે શિક્ષક, અધ્યાપક, આચાર્ય અને શિક્ષણાધિકારી તરીકે જુદાં જુદાં સ્થળોએ પોતાની સેવાઓ આપી હતી. 'પૂર્વાલાપ' એમનો એકમાત્ર કાવ્યસંગ્રહ છે. ગુજરાતી કાવ્યસાહિત્યને એમના કાવ્યસંગ્રહ તેમજ તેમાંનાં ખંડકાવ્યોથી વિશેષ સમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે. 'ઉપહાર', 'સાગર અને શશી' જેવાં ઉત્તમ ઊર્મિકાવ્યો સાથે તેમણે ઉત્કૃષ્ટ ખંડકાવ્યો, દેશભક્તિનાં કાવ્યો તેમજ સુંદર પ્રાર્થનાઓની ભેટ ધરી છે. એમની સર્જકપ્રતિભા 'ખંડકાવ્યો'માં સોળે કળાએ ખીલેલી જોવા મળે છે. સંઘર્ષને અંતે પણ પ્રેમપ્રાપ્તિ મુશ્કેલ છે, જીવનનિયતિની પ્રબળતાને પરિણામે પ્રાપ્ત થતી કરુણા એમની કવિતાને ચિરકાલીન બનાવે છે.

ચક્રવાકમિથુનને કવિએ મનુષ્યપ્રેમની મૂર્તિરૂપ કલ્પ્યું છે. અહીં પક્ષીયુગલનો અનિવાર્ય વિયોગ એ મનુષ્યચિત્ત અને સૃષ્ટિક્રમ વચ્ચેના વિરોધાભાસને પ્રગટ કરે છે. દિવસ દરમિયાન પક્ષીયુગલ સુખની ક્ષણો માણી શકે છે, પરંતુ સૂર્યાસ્તની સાથે જ બંનેને વિખૂટાં પડી જવું પડે છે, એ જ એમની નિયતિ છે.

પરસ્પર વિયોગે ઝૂરતા આ યુગલના પ્રણયની તૃપ્તિ થવી શક્ય નથી, માટે ચક્રવાકી ચક્રવાકને કહે છે, 'ચાલો, આપણે એવા સ્થળે ચાલ્યાં જઈએ જ્યાં સૂર્યનો પ્રકાશ લાંબા સમય સુધી રહેતો હોય', ત્યારે ચક્રવાક ચક્રવાકીને કહે છે, 'હે પ્રિય સખી! જ્યાં દિવસો લાંબા હોય ત્યાં રાત્રીઓ પણ લાંબી જ હોવાની, માટે પ્રણયસુખની આશા જ ઠગારી છે' અને અંતે સૂર્યને ઝંખતું આ યુગલ આકાશમાં ઊંચે ને ઊંચે ઊડે છે. આખરે પંખીયુગલ સૂર્યાસ્ત થતાં અંધકારભરી ખીણમાં ઝંપલાવે છે, ત્યાં એમને દિવ્ય પ્રકાશનાં દર્શન થાય છે.

આ દિવ્ય પ્રકાશનું દર્શન કવિની સ્વિડનબોર્ગી ધર્મશ્રદ્ધાના પરિણામરૂપ છે, તેમની ઈશ્વરસંબંધી બદલાયેલી માન્યતાનું એ પરિણામ છે. તેમની ઈશ્વરસંબંધી ધર્મશ્રદ્ધા બદલાઈ નહોતી ત્યારે ખંડકાવ્યની અંતિમ પંક્તિ હતી: 'કયહીં **ચેતન** એક દીસે નહીં!'- ધર્મશ્રદ્ધા બદલાતાં પંક્તિમાં ફેરફાર થયો: 'કયહીં **અચેતન** એક દીસે નહીં!' એક પંક્તિના આ ફેરફારથી સમગ્ર કાવ્યની અર્થચ્છાયા બદલાઈ ગઈ. કાન્તની સર્જનશક્તિ તેમજ કાવ્યસામર્થ્યનું આ જ્વલંત ઉદાહરણ છે. ચક્રવાકયુગલની બીજી દુનિયાની ખોજ સફળ થાય છે. સર્વત્ર પ્રકાશમય ચૈતન્ય જ જણાવા લાગે છે. આ રચનામાં ભાવાનુકૂળ છંદોવિધાન થયું છે, જે નોંધનીય છે.

10 જીભ

જ્યોતીન્દ્ર દવે

(જન્મ : 21-10-1901; અવસાન : 11-9-1980)

હાસ્યલેખક જ્યોતીન્દ્ર હરિશંકર દવેનો જન્મ પોતાના વતન સુરતમાં થયો હતો. તેમણે કૉલેજ સુધીનું શિક્ષણ સુરતમાં લીધું. 1933-37 દરમિયાન સુરતની એમ.ટી.બી. કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક રહ્યા. જીવનનો મોટો ભાગ તેઓ મુંબઈમાં વસ્યા હતા. છેલ્લે માંડવી (કચ્છ)ની કૉલેજમાં ત્રણેક વર્ષ આચાર્ય રહ્યા હતા. તેઓ વિશેષ લોકપ્રિય અને અગ્રણી નિબંધકાર હતા. હાસ્યલેખક તરીકેની શક્તિ અને હાસ્યપ્રેરક વ્યાખ્યાનો આપવાની ઉત્તમ આવડત એ બંને ગુણોનો એમાં ફાળો હતો. તેઓ ભારતીય કાવ્યમીમાંસાના અભ્યાસી હતા. તેમણે નાટક અને અનુવાદો પણ આપ્યા છે.

'રંગતરંગ ભાગ-1 થી 6', 'મારી નોંધપોથી', 'રેતીની રોટલી', 'પાનનાં બીડાં', 'અલ્પાત્માનું આત્મપુરાણ', 'નજર: લાંબી અને ટૂંકી', 'ત્રીજું સુખ', 'રોગ, યોગ અને પ્રયોગ', 'જ્યાં ત્યાં પડે નજર મારી' તથા પ્રતિનિધિ હાસ્યલેખોનો સંગ્રહ 'જ્યોતીન્દ્ર તરંગ' છે, જેમાં ઉત્તમ હાસ્યનિબંધો છે. ધનસુખલાલ મહેતા સાથે તેમણે 'અમે બધાં' નામની હાસ્યસભર નવલકથા આપી છે. હાસ્યની વિવિધ પ્રયુક્તિનો આશ્રય લેતી એમની શૈલી હાસ્ય જન્માવે છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક અને નર્મદ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયા હતા.

આ કૃતિમાં 'જીભ' વિશે જણાવતાં લેખક કહે છે કે મનુષ્યની સર્વ ઇન્દ્રિયોમાં જીભનું સ્થાન વિશિષ્ટ છે. જીભ એક છે પણ બે કામ કરે છે-સ્વાદ ચાખવાનું અને બોલવાનું. જીભ જન્મથી મરણ અને મરણ પછી પણ વાણીરૂપે અમર રહે છે. રસાસ્વાદનો અધિકાર પણ જીભને મળ્યો છે. જ્ઞાન અને કર્મનો સુંદર સમન્વય તે સાધી શકે છે. શરીરના વ્યાધિઓનો પરિચય પણ જીભથી થાય છે. જીભથી મનુષ્યના સંસ્કારોની ઓળખ થાય છે. માન અને અપમાનના અનુભવો જીભથી જ થાય છે. કેટલીક જીભ કાતરનું કામ કરે છે તો કેટલીક સોયની ગરજ સારે છે. મનુષ્યની તંદુરસ્તી, નીતિ, વિવેક, ધર્મ આદિ એનું આખું જીવન જીભને આધારે વિકસે છે કે વણસે છે. ઈશ્વરે જીભને છૂટી કરી શકાય એવી રચના કરી હોત તો કેટલું સારું થાત! કંકાસ, મારા-મારી, ગાળાગાળીના પ્રસંગે જીભને કાઢી ગજવામાં મૂકી દઈ આવા કેટલાય પ્રસંગો સુધારી શકાયા હોત. ક્યારેક કોઈની જીભ અદલાબદલી થઈ જાત પણ તેમાંય ફાયદો જ થાત. રામનું રટણ કરનારી જીભ કોઈ ખ્રિસ્તીના મોંમાં તો રહીમને ભજનારની જીભ કોઈ બ્રાહ્મણના મુખમાં જઈ ચડે તો આપોઆપ રામ, રહીમ અને ગોડની એકતા સિદ્ધ થઈ જાત! આ નિબંધમાં હળવો-ગંભીર વિષય લઈ લેખક ઉત્તમ કક્ષાનું હાસ્ય જન્માવી શક્યા છે એટલું જ નહીં, આ હળવાશની સાથે-સાથે જીવનની ગંભીર સમસ્યાઓના સમાધાનની કલ્પના કરી ઉત્તમ ઉપદેશ પણ આપ્યો છે.

11 સીમ અને ઘર

ઉમાશંકર જોશી

(જન્મ: 27-7-1911; અવસાન: 19-12-1988)

ઉમાશંકર જેઠાલાલ જોશી 'વાસુકિ'નો જન્મ ઉત્તર ગુજરાતના ઈડર પાસેના બામણા ગામમાં થયો હતો. સમર્થ કવિ, વિવેચક, સંશોધક, અનુવાદક તેમજ સંપાદક તરીકે વિશેષ જાણીતા છે. તેમણે પ્રવાસ, વાર્તા, એકાંકી તેમજ નવલકથા ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. 'વિશ્વશાંતિ', 'ગંગોત્રી', 'નિશીથ', 'પ્રાચીના', 'આતિથ્ય', 'વસંતવર્ષા', 'મહાપ્રસ્થાન', 'અભિજ્ઞા', 'ધારાવસ્ત્ર' તેમજ 'સપ્તપદી', કાવ્યસંગ્રહો તેમણે આપ્યા છે. એ સંગ્રહોમાંની તમામ કવિતા 'સમગ્ર કવિતા' રૂપે પ્રગટ થઈ છે. સંવાદકાવ્ય તથા પદ્યનાટક જેવા કાવ્યપ્રકારોમાં એમનું વિશેષ પ્રદાન રહ્યું છે. નિરૂપણ રીતિ તેમજ છંદોલયની વિવિધ તરાહો એમનાં કાવ્યોમાં જોવા મળે છે. પ્રકૃતિનું રમ્ય-રૌદ્ર સૌંદર્ય, માનવપ્રેમ, વિશ્વશાંતિ તેમજ ધર્મસંસ્કૃતિ જેવા જીવનના ગહન-ગંભીર વિષયોનું દર્શન એમનાં કાવ્યોમાં પ્રગટ થતું રહ્યું છે. 'સંસ્કૃતિ' માસિકના તેઓ તંત્રી હતા. 'સંસ્કૃતિ' દ્વારા તેમણે સાહિત્ય, શિક્ષણ તેમજ પ્રજાના સંસ્કારજીવનનાં સતત ચિંતા અને ચિંતન કર્યાં છે. 'પુરાણોમાં ગુજરાત' તેમજ 'અખોઃ એક અધ્યયન' એમના મહત્ત્વના સંશોધનગ્રંથો છે. 'સમસંવેદન', 'શૈલી અને સ્વરૂપ', 'કવિની સાધના', 'શ્રી અને સૌરભ', 'કવિની શ્રદ્ધા' એમના વિવેચન ગ્રંથો છે. 'અંદામાનમાં ટહુક્યા મોર', 'યુરોપયાત્રા', 'ચીનમાં ૫૪ દિવસ', 'યાત્રી' એમનાં પ્રવાસ અંગેનાં પુસ્તકો છે. 'હૃદયમાં પડેલી છબીઓ'ના બે ભાગ, 'ઈશામુ શિદા અને અન્ય' એમનાં ચરિત્રાત્મક લખાણોનાં પુસ્તકો છે. 'નિશીથ' કાવ્યગ્રંથ માટે, 1967ના વર્ષનો ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર કન્નડ કવિ પુટપ્પા સાથે સંયુક્ત રીતે મળ્યો હતો. ભાષાસાહિત્યના અધ્યાપકથી લઈને ગુજ. યુનિ.ના કુલપતિ, રાજ્યસભાના સભ્ય, સાહિત્ય અકાદમી દિલ્લીના અધ્યક્ષ તેમજ 'વિશ્વભારતી'ના કુલપતિ તરીકે તેમણે સેવાઓ આપી હતી.

'સીમ અને ઘર' કવિ ઉમાશંકર જોશીની શેકસપિયરશાઈ સૉનેટની ઉત્તમ પ્રકારની રચના છે. સીમમાં ચરીને ઘરે પાછી ફરેલી ગાયોનાં આંચળ જ્યારે વાછરડાંના મુખમાં આવે છે ત્યારે આખી લીલીછમ સીમનું સત્ત્વ પેલા વાછરડાને ધાવણમાં મળતું હોવાની કલ્પના કવિ કરે છે. કવિની કલ્પના જ એટલી સત્ત્વશીલ છે કે કૃતિમાં આપોઆપ સૌંદર્ય નિખરી ઊઠે છે, પરિણામે આ સૉનેટ આસ્વાદ્ય બની રહે છે. 14 પંક્તિની આ રચના, લય અને છંદ ધ્યાનાકર્ષક છે. આ સૉનેટમાં સર્જકના અંતરમાં ચાલતાં મનોમંથનો અદ્‌ભુત રીતે પ્રગટ્યાં છે. તેમનાં મનોમંથનો અને અનુભવની ફલશ્રુતિ- તો અસ્તિત્વનો છલોછલ અમૃતકુંભ પ્રાપ્ત કરવામાં છે. સૉનેટનાં વિષયવસ્તુને યથાર્થ રીતે પ્રગટ કરવામાં કવિએ સાધેલો પ્રકૃતિનો સમુચિત વિનિયોગ તેમજ ભાવાનુરૂપ છંદોવિધાન આસ્વાદ્ય છે.

12 પ્રસંગદીપ

ભરત ભટ્ટ

(જન્મ : 07-10-1940)

ભરત નાનાભાઈ ભટ્ટનો જન્મ ભાવનગરમાં થયો હતો. તેમણે ગ્રામ દક્ષિણામૂર્તિ આંબલા, લોકભારતી સણોસરા, ગુજરાત વિદ્યાપીઠ-અમદાવાદ તથા સૌરાષ્ટ્ર યુનિ. ભાવનગરમાં અભ્યાસ કર્યો છે. તેઓ સ્નાતક, એમ.એ. ગુજરાતી-હિન્દી તથા ઈતિહાસ વિષયમાં થયા છે. તેમણે ઘરશાળા-ભાવનગર, વળિયા કૉલેજ-ભાવનગર તથા લોકભારતી મહાવિદ્યાલય-સણોસરામાં ગુજરાતી-ઇતિહાસના અધ્યાપક તરીકે કામ કર્યું છે. તેઓ ઈ.સ. 2000માં નિવૃત્ત થઈને હાલ અમદાવાદમાં સ્થાયી થયા છે.

તેઓ સાહિત્ય, ઇતિહાસ, રમત-ગમત, ભૂગોળ, કેળવણી, પ્રવાસ અને અધ્યાત્મસાહિત્ય પર લેખન કરતા રહ્યા છે . તેમણે કુલ પચીસેક પુસ્તકો આપ્યાં છે.

તેમના પુસ્તક 'આનંદ મંગલ લોકે'ને 2009નો ગુ. સા. અકાદમીનો પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

વિદ્યાર્થીનું માનસ હંમેશાં કલ્પનાશીલ હોય છે, એમાંય વિદ્યાર્થીઓનું જૂથ એકત્ર થાય પછી તો પૂછવું જ શું? નિત-નવા પ્રશ્નો, કલ્પનાઓ તેમના મનમાં ન જાગે તો જ નવાઈ !

અહીં દક્ષિણામૂર્તિ-આંબલા સંસ્થામાં વિદ્યાર્થીઓના ચિત્તે આકાર લેતી કલ્પનાઓ અને પ્રયોગોનું એક ઉત્તમ અધ્યાપકની અદાથી નાનાભાઈએ કરેલું નિરાકરણ પ્રેરણાપ્રદ છે. પ્રશ્નોને દબાવી દેવાથી પ્રશ્નોનું નિર્મૂલન થતું નથી. અનુભવી દૃષ્ટા, ઉત્તમ શિક્ષક અને કેળવણીકારના વિદ્યાર્થીઓ સાથેના વ્યવહારનું અહીં નિરૂપણ છે. આ પ્રસંગો આશરે ઈ. 1925 આજુબાજુના છે. 'નાનાભાઈ ભટ્ટ : પ્રસંગદીપ'માંથી આ પ્રસંગો લીધા છે.

13 પરાજયની જીત

પ્રહ્લાદ પારેખ

(જન્મ: 12-10-1912; અવસાન: 2-1-1962)

કવિ પ્રહ્લાદ પારેખનો જન્મ ભાવનગરમાં થયો હતો. તેઓના ઘડતરમાં ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થાનો મુખ્ય ફાળો રહ્યો છે. શ્રી નાનાભાઈ ભટ્ટ તેમજ શ્રી હરભાઈ ત્રિવેદી જેવા શિક્ષણવિદો પાસે તેઓ સંસ્કાર-ઘડતર પામેલા. ગુજરાતી કાવ્યસાહિત્યમાં 1940 પછી એમના 'બારીબહાર' કાવ્યસંગ્રહથી સૌંદર્યાભિમુખ કાવ્યધારા શરૂ થઈ. 'બારીબહાર' સંગ્રહની બીજી આવૃત્તિમાં એમનાં 'સરવાણી' કાવ્યસંગ્રહનાં કાવ્યો સમાવી લેવાયાં છે. પ્રકૃતિ અને માનવપ્રેમનાં ગીતો તેમજ છંદોબદ્ધ કાવ્યો ઇન્દ્રિયગ્રાહ્ય અભિવ્યક્તિ તેમજ નિરાળી લયસમૃદ્ધિથી વિશેષ ધ્યાનપાત્ર બન્યાં છે. ઉમાશંકર જોશીની પ્રસ્તાવનાનો લાભ આ સંગ્રહને મળ્યો છે. 'રાજકુમારની શોધમાં' તેમજ 'કરુણાનો સ્વયંવર' જેવી દીર્ઘ-બાળવાર્તાઓ પણ તેમણે આપી છે.

કવિ પ્રહ્લાદ પારેખે પ્રસ્તુત ખંડકાવ્યમાં કલિંગના યુદ્ધને વિષય તરીકે નિરૂપ્યું છે. મગધના રાજવી અશોકે કલિંગ પર આક્રમણ કરી ભયંકર માનવસંહાર કરી વિજય મેળવ્યો. સમ્રાટ અશોકે કલિંગ નગરી પરનો પોતાનો વિજય પ્રત્યક્ષ નિહાળ્યો. આખી નગરીને સ્મશાનમાં ફેરવાઈ ગયેલી તેમણે પ્રત્યક્ષ નિહાળી. ધરતી પર સર્વત્ર મૃત માનવદેહો છવાયેલા હતા. જાણે સમ્રાટની વિજયગાથા આ શબોની લિપિમાં સમાઈ ગઈ હતી. આવો માનવસંહાર જોતાં અશોકનું હૈયું પશ્ચાત્તાપ અનુભવી રહ્યું. જે વિજયથી માનવીનાં હૈયાં ન જીતાય એ જીતને જીત કેમ કહેવાય? તલવારની ધારથી મેળવેલા વિજયની 'હાર'માં અશોકને પોતાની 'હાર' (પરાજય)ની પ્રતીતિ થાય છે. અશોક ખડ્ગથી સત્તા વિસ્તારવાની લાલચને છોડી દે છે અને હિંસાનો ત્યાગ કરી અહિંસાનો માર્ગ સ્વીકારે છે. ઊંડા મનોમંથન પછી સમ્રાટ અશોકે કરુણાને પ્રબોધતા બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો. જગતભરમાં કરુણા અને અહિંસાનો સંદેશ ફેલાવ્યો. આ કાવ્યમાં ગંભીર વિષયની પસંદગી હોવા છતાં કેન્દ્રવર્તી ચરિત્રનું મનોમંથન, ભાવોનું નિરૂપણ અને એને અનુકૂળ છંદોની પસંદગીને કારણે આ ખંડકાવ્ય આસ્વાદ્ય બની રહે છે.

14 વાત એક શાપની

મહેશ યાજ્ઞિક

(જન્મ : 21-12-1953)

મહેશ વાસુદેવભાઈ યાજ્ઞિકનો જન્મ ધંધુકા(જિ. અમદાવાદ)માં થયો હતો. તેઓએ વાણિજ્ય પ્રવાહમાં સ્નાતક સુધીનો અભ્યાસ કર્યો.એલ.આઈ.સી.માં નોકરી, હવે સેવાનિવૃત્તિ. તેમણે સાત નવલિકાસંગ્રહ આપ્યા, તેમણે નવલકથાઓ પણ લખી. તેમાં 'રેશમડંખ', 'ખેલંદો', 'વંશવિચ્છેદ', 'છળકપટ', જેવી લોકપ્રિય નવલકથાઓ આપી છે. વિવિધ સામયિકો અને વર્તમાનપત્રોના ખ્યાતનામ કટારલેખક (કૉલમિસ્ટ). 'રેશમખંડ' જેવી એમની યશકલગી સમી નવલકથા ઉપરથી એ જ નામે હિન્દીમાં સિરિયલ પણ બનેલી. પાંત્રીસ વાર્તાઓના સંગ્રહને ગુજરાત સાહિત્ય અકાદમી(2010)નું તૃતીય પારિતોષિક પ્રાપ્ત થયેલું.

'વાત એક શાપની' વાર્તા, મહેશ યાજ્ઞિકની અતિ લોકપ્રિય વાર્તામાંની એક છે. કર્મનો સિદ્ધાંત ભારતીય તત્ત્વચિંતનમાં પ્રમુખસ્થાને રહ્યો છે. આજે પણ આપણા લોકજીવનમાં કર્મના સિદ્ધાંતની યથાર્થતા વિશે ચર્ચા થતી આપણે સાંભળીએ છીએ. '...તારું ધનોતપનોત નીકળી જશે... તારી વાંહે કોઈ રોવાવાળું નહીં રે...' એ શાપિત વચનો વાર્તાના અંતને કરુણ બનાવે છે. કર્મનો હિસાબ દરેકે ચુકવવો જ પડે છે એ વાત સમગ્ર વાર્તા દ્વારા સ્પષ્ટ થાય છે.

15 મારા ફળીનાં ઝાડવાં બે...

દેવજી રા. મોઢા

(જન્મ : 8-5-1913; અવસાન : 21 -11-1987)

કવિ દેવજી રામજી મોઢા 'શિરીષ'નો જન્મ પોરબંદરમાં થયો હતો. ઈ.સ.1930માં મેટ્રિક થયા, ઈ.સ.1944માં મુંબઈ યુનિવર્સિટી સાથે સંલગ્ન ડી. જે. સિંધ કોલેજમાંથી એમ.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી. ઈ.સ.1948માં વતન પોરબંદર આવ્યા અને નવી શાળા નવયુગ વિદ્યાલયમાં આચાર્ય થયા. ઈ.સ.1963માં શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કર્યો ઈ.સ.1977 માં શિક્ષણક્ષેત્રે લાંબો સમય સેવા આપી, એ સંસ્થામાંથી જ નિવૃત્ત થયા.

'પ્રયાણ', શ્રદ્ધા', 'આરત', 'અનિદ્રા', 'વનશ્રી', 'રાધિકા', 'શિલ્પા', 'અમૃતા', વગેરે એમના કાવ્યસંગ્રહો છે. પ્રકૃતિપ્રેમ, સામાજિક અસમાનતા અંગેની વ્યથા, દેશપ્રેમ જેવા ભાવો એમનાં કાવ્યોમાં નિરૂપણ પામ્યા છે. તળપદી સરળ-સહજ ભાષામાં એમનાં કાવ્યોની ભાવાભિવ્યક્તિ નોંધપાત્ર છે.

આ ગીતમાં કવિ બે વૃક્ષો વચ્ચેનો વાર્તાલાપ કલ્પે છે. કાવ્ય-નાયકના ફળિયામાં ઊગેલાં બે ઝાડવાંમાંનું એક દૂરના જંગલમાં જવા ઈચ્છે છે. જંગલમાં રહેલાં પોતાનાં ભાઈ-ભાંડુ સાથે બાકીનું જીવન જીવવા ઝંખે છે. અહીં હવે એને એકલું લાગે છે. બીજા વૃક્ષનો જવાબ સરસ છેઃ જંગલમાં જીવનું જોખમ છે. કઠિયારો ક્યારે કુહાડીથી કાપી નાખે, નક્કી નહીં ! અહીં સુરક્ષિત છીએ. વળી, જે વ્યક્તિએ પોતાને ઉછેર્યાં, મોટા કર્યાં; હવે ફળ અને છાંયો આપવાનો સમય થયો ત્યારે એને છોડીને જતું રહેવું યોગ્ય નથી! બીજું વૃક્ષ તો અહીં જ રોકાઈને, પોતાને ઉછેરનારને અંત સુધી ઉપયોગી થવાની ભાવના સેવતું તેના ચૂલાનું બળતણ થવા પણ તૈયાર છે! ઉપકારનો બદલો ઉપકારથી આપવાની ભાવનાનો સંકેત કરતું આ ગીત વૃક્ષની ઉદારતાનો તો પરિચય કરાવે જ છે, જીવનપર્યન્ત અને મૃત્યુ પછી પણ બીજાને ઉપયોગી થવાનો માનવીને બોધ પણ આપે છે. માનવજીવનની સાર્થકતા અન્યને ઉપયોગી થવામાં છે એ વાત કવિએ બે વૃક્ષોના રૂપક દ્વારા સમજાવી છે.

16 તપસ્વી સારસ્વત

ચંદ્રકાન્ત શેઠ
(જન્મ: 3-2- 1938)

ચંદ્રકાન્ત ત્રિકમલાલ શેઠ ખેડા જિલ્લામાં આવેલા ઠાસરાના વતની છે. તેઓ કવિ, નાટ્યકાર, ચરિત્રકાર, વાર્તાકાર, હાસ્યકાર તેમજ લલિતનિબંધોના સર્જક છે. આ ઉપરાંત એમણે વિવેચન, અનુવાદ અને સંપાદન વગેરે ક્ષેત્રોમાં પણ નોંધપાત્ર પ્રદાન કરેલું છે. ગુજરાતીના અધ્યાપક તરીકે નિવૃત્ત થયા પછી તેઓ હાલ ગુજરાત વિશ્વકોશ શ્રેણીના સંપાદન કાર્ય સાથે જોડાયેલા છે. 'પવન રૂપેરી', 'ઊઘડતી દીવાલો', 'પડઘાની પેલે પાર', 'ગગન ખોલતી બારી, 'શગે એક ઝળહળીએ', 'જળ, વાદળ ને વીજ', 'ગગનઘરા પર તડકા નીચે' જેવા તેમના અનેક કાવ્યસંગ્રહો છે. 'ચાંદલિયાની ગાડી', 'હું તો ચાલુ મારી જેમ' અને 'ઘોડે ચડીને આવું છું'–એ એમનાં બાળકાવ્યોના સંગ્રહો છે. 'નંદ સામવેદી' લલિતનિબંધોનો સંગ્રહ તેમજ 'ધૂળમાંની પગલીઓ' શૈશવનાં સ્મરણોની રોચક કથા છે. તેમને ગુજરાતી સાહિત્યસભા તરફથી રણજિતરામ સુવર્ણચંદ્રક તથા દિલ્હી સાહિત્ય અકાદમીનો એવોર્ડ પણ મળ્યા છે.

પ્રસિદ્ધ વિદ્વાન શ્રી કે. કા.શાસ્ત્રી વિશે ચંદ્રકાન્ત શેઠે સઘન વ્યક્તિચિત્ર આલેખ્યું છે. શાસ્ત્રીજીનું જીવન-કવન સમગ્ર રીતે અહીં આલેખાયું છે. એમની આંતરબાહ્ય છબી આ વ્યક્તિચિત્રમાં સુપેરે ઝિલાઈ છે.

17 ભજન કરે તે જીતે

મકરંદ દવે

(જન્મ: 13-11-1922; અવસાન : 31-01-2005)

કવિ, નવલકથાકાર, નિબંધકાર, ચરિત્રકાર અને આધ્યાત્મસાધક મકરંદ વજેશંકર દવેનો જન્મ ગોંડલમાં થયો હતો. માધ્યમિક સુધીનું શિક્ષણ ગોંડલમાં, રાજકોટ આર્ટ્સ કૉલેજમાં દાખલ થયા પછી 42ની લડત માટે ઈન્ટર આર્ટ્સથી અભ્યાસ છોડ્યો. અનેક દૈનિકપત્રો, સામયિકો સાથે તેઓ જોડાયા અને સાહિત્યિક પત્રકાર તરીકે તેમણે નોંધપાત્ર કામગીરી કરેલી છે.

સૌંદયપ્રીતિ, માનવહૃદયની સંવેદનાનું ઝીણું આલેખન, સૌરાષ્ટ્રની વાણીનાં ઓજ તથા માધુર્ય, કાવ્યબાનીની સુઘડતા એમના કાવ્યલેખનને આગવો મિજાજ બક્ષે છે. આધ્યાત્મ અને ધર્મના સ્તર પર રહી ભજન-ગીતોમાં એમના ઉન્મેષો પરંપરાની વાણીમાં પોતીકો અવાજ ભેળવવામથે છે. ગૂઢ અનુભવ અને ગહન ચિંતનને કવિ રસમય અભિવ્યક્તિ આપી શકે છે.

'તરણાં', 'જયભેરી', 'ગોરજ', 'સૂરજમુખી', 'સંજ્ઞા', 'સંગતિ' જેવા એમના કાવ્યસંગ્રહો છે. 'ઝબૂકવીજળી ઝબૂક' તેમનો બાળકાવ્યસંગ્રહ છે તો 'શેણી વિજાણંદ' ગીતનાટિકા છે. પુરાણકથાને ગૂંથતી 'માટીનો મહેકતો સાદ' એમની નવલકથા છે. 'બે ભાઈ' બાળનાટ્યસંગ્રહો છે. 'પીડ પરાઈ'માં પ્રંસગચિત્રો છે. 'અંતર્વેદી', 'યોગપથ', 'સહજને કિનારે', 'ભાગવતી સાધના', 'ગર્ભદીપ', 'ચિરંતના' જેવા ગ્રંથોમાં એમનું ચિંતન પ્રગટ થયું છે. 'સત કેરી વાણી' એમનો સંપાદિત ભજનસંગ્રહ છે. 'ઘટને મારગે' અને 'ટારઝન જંગલનો રાજા' એમના અનુવાદો છે.

તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક', 'નરસિંહ મહેતા ઍવોર્ડ, તેમજ 'સાહિત્ય ગૌરવ' પુરસ્કાર પ્રાપ્ત થયો છે. વલસાડ પાસેના નંદીગ્રામમાં, જીવનની પોતીકી શૈલી તેમજ ચોક્કસ ઉદ્દેશોને સાર્થક કરતી 'ડૉમ્યુન લાઈફ' તેમણે વિકસાવી છે.

18 હુકમ માલિક

ચિનુ મોદી

(જન્મ: તા. 30-09-1939)

કવિ, નાટ્યકાર, નવલકથાકાર, વાર્તાકાર, વિવેચક ડૉ.ચિનુભાઈ ચંદુલાલ મોદી 'ઈર્શાદ'નો જન્મ ઉત્તર ગુજરાતના વિજાપુરમાં થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ વિજાપુરમાં અને માધ્યમિક શિક્ષણ ધોળકા અને અમદાવાદમાં લીધું હતું. એમ.એ., એલ.એલ.બી., પી.એચ.ડીની પદવી પ્રાપ્ત કરીને વિવિધ સ્થળોએ અને અમદાવાદમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે દીર્ઘ સેવાઓ બાદ નિવૃત્ત થયા છે. 'રે', 'કૃતિ', 'ઉન્મૂલન' અને હોટલ પોએટ્સ ગ્રુપ ઍસોસિએશનના તંત્રી રહ્યા હતા.

'ઊર્ણનાભ', 'શાપિત વનમાં', 'દેશવટો', 'ક્ષણોના મહેલમાં', 'દર્પણની ગલી', 'ઈર્શાદગઢ', 'અફવા' એમના ગઝલ-કાવ્યસંગ્રહ છે. 'તરબી' પ્રકારની નવા સ્વરૂપવાળી ગઝલ કવિનો પોતીકો ઉન્મેષ છે. 'બાહુલ' અને 'નળાખ્યાન' એમનાં ખંડકાવ્યો છે. 'ડાયલનાં પંખી', 'કોલબેલ', 'હુકમ માલિક' તેમના એકાંકીસંગ્રહો છે. 'લીલાનાગ', 'ભાવચક્ર', 'ભાવ-અભાવ' એમની નવલકથાઓ છે. 'ડાબી મૂઠી જમણી મૂઠી' એમનો વાર્તાસંગ્રહ છે. તેમણે સંશોધનો-સંપાદનો આપ્યાં છે. સર્જક તરીકે તેઓ પ્રયોગશીલ રહ્યા છે.

આ એકાંકીમાં પ્રેમકથાના પુરાકલ્પનનો સરળ વિનિયોગ થયો છે. આ એકાંકીમાં 'અધિકાર' અને 'જીન' બે પાત્રો છે. અધિકાર, અધિકારી-શાસક છે અને જીન સેવક છે, જે માગે એ હાજર કરી દેનારો જીન છે. અધિકારને કોઈ અગવડ નથી, તેમ છતાં અધિકારનું ઘર ઘર નથી, કારાવાસ છે. કારણ કે જીનની શરત મુજબ બીજા કોઈ પણ માણસને એના ઘરમાં પ્રવેશનો અધિકાર નથી. છેલ્લા પચીસ વર્ષથી અધિકાર અહીં એકલો રહે છે. જીન એની તહેનાતમાં રહે છે. અધિકારની ત્રણ તાળીથી જીન હાજર થઈ તેની તમામ ઇચ્છાઓની પૂર્તિ કરી દે છે, પરંતુ આટ-આટલી સુવિધાઓ વચ્ચે પણ અધિકાર હિજરાય છે. જીન માત્ર હુકમની જ ભાષા સમજે છે. તેને લાગણી સાથે કોઈ લેવાદેવા નથી. અધિકારની સંવેદના જ કૃતિનું કેન્દ્રબિંદુ છે. એકવિધતાથી કંટાળેલો અધિકાર એકવાર ઘરનું બારણું ખોલી નાખે છે ને એકાએક એક છોકરો ઘરમાં આવી ચઢે છે, ને જીન તેને મારી નાખે છે. છોકરાના મૃત્યુ પછી અધિકારનું શરીર લકવાગ્રસ્ત બની જાય છે. દવાનો સમય થતાં તે બે તાળી પાડે છે, પરંતુ હવે તેને જીનમાંથી છૂટવું છે તો બીજી તરફ તેની જિજીવિષા પણ તીવ્ર છે. ત્રીજી તાળી પાડવા જતાં પોતાના હાથને તે રોકી રહ્યો છે. વધુ પડતા શ્રમથી તે મોતને ભેટે છે અને તે જ વખતે ડાબો હાથ જમણા હાથ પર પડતા ત્રીજી તાળી પાડે છે, ને જીન પ્રગટ થઈ જાય છે. સમગ્ર એકાંકીમાં હુકમ માલિક શબ્દો યંત્રવત્ બોલાયા છે, પરંતુ રચનાને અંતે ધારદાર અને સચોટ બની રહે છે. ખરેખર તો સાચો અધિકારી પેલો અધિકાર નહીં પરંતુ જીન છે, તે વાતની પ્રતીતિ અહીં થાય છે.

19 કાવ્યદ્વયી

1. ખીલા

પ્રિયકાન્ત મણિયાર

(જન્મ: 24-1-1927; મૃત્યુ: 25-6-1976)

પ્રિયકાંત મણિયાર મૂળ અમરેલી ના વતની હતા. અમદાવાદમાં મણિયારાના ચૂડી બનાવવાના વ્યવસાય અર્થે વસવાટ કરેલો. આ વ્યવસાય સાથે જ એમણે ધ્યાનપાત્ર કાવ્યસર્જન કર્યું હતું. પ્રથમ કાવ્યસંગ્રહ 'પ્રતીક'થી જ કાવ્યરસિકોનું ધ્યાન ખેંચેલું. 'પ્રતીક', 'અશબ્દ રાત્રિ', 'સ્પર્શ', 'સમીપ', પ્રબલ ગતિ', 'લીલેરો ઢાળ' અને 'વ્યોમલિપિ' એમના કાવ્યસંચયો છે. 'આ નભ ઝૂક્યું તે' -એમની સમગ્ર કવિતાનો સંચય છે. પ્રેમ, પ્રકૃતિ અને જીવનલીલાનું માર્મિક આલેખન કરનાર આ કવિએ વિવિધ ભાવોનાં સુચારુ ગીતો આપ્યાં છે. છાંદસ અને અછાંદસ કવિતા દ્વારા એમણે આધુનિક ગુજરાતી કવિતામાં સારું પ્રદાન કર્યું છે. ઈ.સ.1982માં 'લીલેરો ઢાળ' કાવ્યસંગ્રહને સાહિત્ય અકાદમી દિલ્લીનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

આ ઉત્તમ પ્રતીકાત્મક રચના છે. ઈશુ ખ્રિસ્તને ક્રોસ પર ખીલે જડી દેવાનો પ્રસંગ આ કાવ્યમાં નિરૂપાયો છે. ઈશુખ્રિસ્તને મૃત્યુદંડ આપનાર અવિચારીઓ તો ચાલ્યા ગયા છે, પરંતુ ઈશુના કરુણાસભર ક્રોસ પર લોહી નીતરતા દેહને કવિ સૂર્ય અને ચંદ્રના સંદર્ભ દ્વારા અર્થસભર બનાવે છે. આ દેહને એક વૃદ્ધ એકીટશે નિહાળી રહ્યો છે. જે ખીલા ઘડનાર-લુહાર છે. તે વિચારી રહ્યો છે કે પ્રાણઘાતક ખીલા તો મેં ઘડેલા. શું મેં આને માટે આ ખીલા ઘડ્યા'તા? સર્જન કરનાર પ્રત્યેક હાથ હંમેશાં પવિત્ર જ હોય. કારણ કે એના સર્જન સાથે સદુપયોગની ભાવનાને પણ તે ઘડતો હોય છે, પરંતુ તેનો દુરુપયોગ થાય તો એનાં સપનાં ભાંગી જતાં હોય છે. કાવ્યમાં વપરાયેલા બે શબ્દો 'ઘડ્યા' અને 'જડ્યા'માં કર્મ અને એના પરિણામની પ્રક્રિયાનો નિર્દેશ કરાયો છે. ક્યારેક સર્જકનું સર્જન વિનાશક રૂપે જોવા મળે છે ત્યારે સર્જક પીડાગ્રસ્ત બની જતો હોય છે.

20 સ્ટેચ્યૂ રમવાની મઝા

અનિલ જોશી

(જન્મ : તા. 28-7-1940)

કવિ, નિબંધકાર, અનિલ રમાનાથ જોશીનું જન્મસ્થળ અને વતન ગોંડલ છે. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ ગોંડલ અને મોરબીમાં લીધું. એચ.કે.આર્ટ્સ કૉલેજ, અમદાવાદથી સ્નાતક થયા. તેઓ શિક્ષક, પરિચય ટ્રસ્ટના સહસંપાદક અને મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં લેંગ્વેજ ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં ગુજરાતી ભાષાના મુખ્ય સલાહકાર તરીકે સંકળાયેલા હતા.

'કદાચ', 'બરફનાં પંખી' અને 'ઓરાં આવો તો વાત કરીએ' તેમના કાવ્યસંગ્રહો છે. આધુનિક ગીતકવિતાની ખૂબીઓ તેમની રચનાઓમાં છે, આધુનિક જીવનની અનુભૂતિને તાજગીભર્યાં પ્રતીકો-કલ્પનો દ્વારા તેમણે પ્રગટ કરી છે. આ ઉપરાંત ગઝલ અને અછાંદસ કાવ્યરચનાઓ પણ તેમણે આપી છે. 'સ્ટેચ્યૂ' એમનો અંગત નિબંધોનો તો 'પવનની વ્યાસપીઠ' તેમનો લલિતનિબંધોનો સંગ્રહ છે. તેમણે કેટલીક સુંદર બાળકથાઓ પણ આપી છે. તેમના 'સ્ટેચ્યૂ' નિબંધસંગ્રહને 1990ના વર્ષનો દિલ્લી સાહિત્ય અકાદમીનો પુરસ્કાર એનાયત થયો હતો.

'સ્ટેચ્યૂ રમવાની મઝા'માં વતનના સંસ્કારોની સ્મૃતિ લેખકે આલેખી છે. આ રચનામાં સર્જક પોતાની સંવેદનાને જાત અભિવ્યક્તિનું રૂપ આપવાની મથામણ કરી છે. કથાનાયક બાળપણમાં ભેરુઓ સાથે સ્ટેચ્યૂ બંધાવી ભેરુઓને થિજાવી દેવાનો આનંદ લેતા, પરંતુ ઝીણા નામના ભેરુને સ્ટેચ્યૂ કહેવાનો મોકો કોઈ ભેરુને મળતો નહિ. ઝીણાની ચપળતાનો કોઈ ઉપાય નહોતો, ઝીણાને સ્ટેચ્યૂ કહી થિજાવી દેવાનો મનસુબો કારગત નીવડ્યો નહીં, પરંતુ એક દિવસ અચાનક ઝીણો વીજળીના થાંભલા સાથે ચોંટી સ્ટેચ્યૂ થઈ ગયેલો. ઝીણાને કોઈએ સ્ટેચ્યૂ કહ્યું નહોતું છતાં તે સ્ટેચ્યૂની રમત પણ અદ્‌ભુત છે. તેનાં વિવિધ રૂપોનો સર્જક પરિચય કરાવે છે. આપણે ઈશ્વર સાથે પણ સ્ટેચ્યૂ બંધાવ્યું છે અને ઈશ્વર સ્ટેચ્યૂ કહેવામાં ઝીણા ભરવાડ જેવો જ ઉસ્તાદ છે. એટલે જ ગમે ત્યારે આપણને સ્ટેચ્યૂ કહી થિજાવી દે છે. આપણે પણ ઈશ્વરને સ્ટેચ્યૂ કહી મંદિરોમાં થિજાવી દીધા છે. જો આમ જ હોય તો પછી દુઃખી થઈ જીવ બાળવા કરતાં જીવન-રમતમાં ખેલદિલી દાખવી આનંદ પ્રાપ્ત કરી લેવો એ જ પરમ સત્ય છે.

21 ભગવાનનો ભાગ

રમેશ પારેખ

(જન્મ : 27-11-1940; અવસાન : 17-5-2006)

કવિ રમેશ મોહનલાલ પારેખનો જન્મ અમરેલીમાં થયેલો. ઈ.સ. 1958 માં પારેખ અને મહેતા વિદ્યાલય, અમરેલીમાંથી મેટ્રિક થયા. ઈ.સ. 1960થી જિલ્લા પંચાયત, અમરેલીમાં નોકરી કરી.

રમેશ પારેખ, સાતમા-આઠમા દાયકાના આપણા નોંધપાત્ર ઉત્તમ ગીતકવિ તરીકે ઊભરી આવ્યા. 'ક્યાં', 'ખડિંગ', 'ત્વ', 'સનનન', 'ખમ્મા આલા બાપુને', 'મીરાં સામે પાર', 'વિતાન સુદ બીજ', 'છાતીમાં બારસાખ', 'સ્વગત પર્વ', 'ચશ્માંના કાચ પર',— એ એમના કાવ્યસંગ્રહો છે. 'છ અક્ષરનું નામ'માં એમની ઈ.સ. 1970 થી 1991 સુધીની કવિતા ગ્રંથસ્થ થઈ છે, જ્યારે 'મન પાંચમના મેળામાં'ના ત્રણ ભાગમાં એમની સમગ્ર કવિતા ગ્રંથસ્થ થઈ છે.

લોકગીત-ભજનોની પરંપરાને આત્મસાત્ કરી તેનું અદ્યતન સંવેદનાની અભિવ્યક્તિમાં આગવું રૂપાંતર સાધીને તેમણે કવિતામાં પોતીકો અવાજ ઊભો કર્યો છે. ગીતોમાં તેમની સર્જકતા વિશેષ ઊભરી છે. રમેશ પારેખની કવિતાનું રૂપ રૉમેન્ટિક છે. એટલે જ તેઓ પોતાની ઉત્તમ કાવ્યરચનાઓ દ્વારા લોકપ્રિય થતા રહ્યા છે.

ગીત, ગઝલ તથા અછાંદસમાં રમેશ પારેખની ઊભરાતી સર્જકતાના કારણે નૂતન ઉન્મેષો જોવા મળે છે. રમેશ પારેખે 'હાઉક' 'ચીં' 'બાળસંગ્રહો' આપ્યાં છે ને 'દે તાલ્લી', 'હફરક લફરક' તેમની બાળવાર્તાઓ છે. 'સગપણ એક ઉખાણું' તેમજ 'સૂરજને પડછાયો હોય' એ એમનાં નાટકો છે. આધુનિક ટૂંકીવાર્તાના ક્ષેત્રે પણ તેમણે પદાર્પણ કર્યું હતું. પ્રસંગાપાત ચિંતનલેખો, કાવ્યાસ્વાદો, સંપાદન વગેરેમાંય તેમની કલમ ચાલી છે.

રમેશ પારેખને કુમારચંદ્રક , ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક, નર્મદચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક, સાહિત્ય અકાદમીનું પારિતોષિક, નરસિંહ મહેતા ઍવોર્ડ જેવાં સન્માન પ્રાપ્ત થયાં છે.

આ અછાંદસ કાવ્યમાં માનવીની સમગ્ર જીવનયાત્રાનો આલેખ પોતાની આગવી શૈલીથી આપતા કવિ બાળપણથી જીવનના અંતિમ પડાવ તરફની ગતિનો સંકેત કરે છે. આ ગતિ હળવાશથી ગંભીરતા તરફની છે, સરળથી સંકુલ તરફની છે.

બાળપણમાં મિત્રો સાથે બોર, કાતરા, ચીભડાં વીણી તેનો ભાગ પાડવામાં આવે ત્યારે બાળક સામાન્ય રીતે એક ભાગ ભગવાન માટે જુદો કાઢે! બાળકની શ્રદ્ધાને નમન કરવાનું મન થાય. કાવ્યનો ઉત્તરાર્ધ 'પછી મોટા થયા'-થી થાય છે. ઘણું કમાયા, ભેગું કર્યા પછી ભાઈઓ/પરિવારજનો વચ્ચે ઘર-વસ્તુના ભાગ પાડવાની માણસની સ્વાર્થવૃત્તિ બાળકોની નિર્દોષતા સામે ઝાંખી પડે છે. ભગવાનમાં હવે શ્રદ્ધા જ રહી નથી પછી તેનો શાનો ભાગ?! પણ ભગવાન સપનામાં તો આવે ને?! એ તો પોતાનો ભાગ પણ માગે! સદ્કાર્યો વિનાના ખાલી હાથ પાનખરની ડાળી જેવા ઉજ્જડ છે! દુઃખોનાં પર્યાય જેવાં આંસુ ભગવાનને આપવા સિવાય કશું બચ્યું નથી પણ, આ તો ભગવાન છે! એ પીડા આપે છે, તો પ્રેમ પણ આપે છે! ખાલીપાથી ભરેલી કવિની ઉજ્જડતાને એ અજાણ્યા મંત્રથી ભરી દે છે! જિંદગીનાં અડધાં વર્ષો માત્ર પોતાના માટે જ ખર્ચી નાખતા માનવી પાસે ભગવાનને આપવા જેવું કશું જ નથી ત્યારે ભગવાન એના બાકીનાં વર્ષો પોતાના માટે માગી લે છે! માત્ર સ્વહેતુથી જીવતા માણસે જીવનનો ઉત્તરાર્ધ સદ્કાર્યો દ્વારા સમાજસેવામાં ખર્ચવાનો અપ્રગટ સંદેશ કવિએ એમની વિલક્ષણ શૈલીથી આ કાવ્યમાં વહેતો મૂક્યો છે. ઈશ્વરથી દૂર થતા જતા માનવીનું ઈશ્વર સાથેનું પુનઃ અનુસંધાન પણ અહીં જોઈ શકાય.

22 જમાના પ્રમાણે

વસુબહેન ભટ્ટ
(જન્મ : 23-3-1924)

વસુબહેન જનાર્દન રામપ્રસાદ ભટ્ટનો જન્મ વડોદરામાં થયો હતો. હાલ તેઓ અમદાવાદમાં રહે છે. મુખ્યત્વે તેઓ વાર્તાકાર તરીકે જાણીતાં છે. 'પાંદડે પાંદડે મોતી', 'સરસિજ', 'દિવસે તારા, રાતે વાદળ', 'ઘડીક અષાઢ ને ઘડીક ફાગણ' તેમના વાર્તાસંગ્રહો છે. 'માણારાજ' તેમની હાસ્યસભર વાર્તાઓનો સંગ્રહ છે. 'ઝાકળપિછોડી' નામની એક લઘુનવલ પણ તેમણે લખી છે.

પોતાની સીધીસાદી અને સંસ્કારી નમાઈ પુત્રી નીલા જો જમાના પ્રમાણે પહેરી-ઓઢી નવતર ઠાઠ, ઠસ્સો અને ફૅશન અપનાવે તો લગ્ન માટે વહેલી પસંદગી પામે એવી માન્યતા ધરાવતા બિહારીના અતિસૂક્ષ્મ ચંચલ મનોભાવોનું નિરૂપણ આ વાર્તામાં થયું છે. વાર્તાકારે નીલાના પાત્રમાં એવું બાહ્ય પરિવર્તન લાવીને બિહારીને પ્રતીતિ કરાવી છે કે જીવનમાં કૃત્રિમતા કરતાં વ્યક્તિની સહજતા જ વિશેષ શોભી રહે છે. સ્થૂલ પ્રસંગનિરૂપણને બદલે બે પાત્રોના સંવાદ અને મનોમંથનનો પ્રયોગ કરીને લેખિકાએ પરિસ્થિતિને ટૂંકી વાર્તા માટે જરૂરી એવા લાઘવમાં રજૂ કરી કલાસૂઝ દાખવી છે.

23 સહી નથી

'જલન' માતરી
(જન્મ : 1-9-1934)

ગઝલકાર જલાલુદ્દીન સઆહુદ્દીન અલવી ખેડા જિલ્લાના માતર ગામના વતની છે. ગુજરાત વાહનવ્યવહાર નિગમમાંથી સેવામુક્ત થઈને હાલ તેઓ અમદાવાદમાં રહે છે. 'જલન' એમનો ગઝલસંગ્રહ છે. 'ઊર્મિની ઓળખ' એ 'કુમાર' માસિકમાં પ્રકાશિત શાયરોના પરિચયોનું સંપાદન છે.

ગઝલસર્જન અને મુશાયરા-પ્રવૃત્તિ એમ બંને રીતે ગુજરાતી ગઝલક્ષેત્રે એમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. પરંપરિત ગુજરાતી ગઝલસ્વરૂપ સાથે નિસ્બત ધરાવતા 'જલન' એમની ગઝલોમાં ભાષાની સાદગી તેમજ સહજ અભિવ્યક્તિ દ્વારા ભાવનો સાક્ષાત્કાર કરાવે છે. ગઝલો ઉપરાંત એમનાં મુક્તકો લાઘવ અને ચોટને કારણે વિશેષ નીવડ્યાં છે.

ગઝલ એ અરબી-ફારસી ભાષાનું સાહિત્ય સ્વરૂપ છે. ગઝલનો પ્રત્યેક શેર સ્વતંત્ર અર્થ ધરાવે છે. છતાં, એ બધા શેર કોઈ એક ભાવથી જોડાયેલા હોય છે.

આ ગઝલનો દરેક શેર સ્વતંત્ર છે. ગઝલકાર માનવીથી તેમ જિંદગીથી પણ ખાસ સંતુષ્ઠ નથી. શ્રદ્ધા અને બંદગીમાં સ્થિરતા અને એકાગ્રતાના એ આગ્રહી છે. પહેલા શેરમાં ધર્મને નામે રમખાણો ને આગ ચાંપતા માણસ કરતાં શયતાનને પ્રમાણમાં સારો ગણ્યો છે. બીજા શેરમાં પણ માણસજાતની દાનત સામે કવિને શંકા છે. પોતાના ભાગ્ય વિશે અસંતુષ્ઠ કવિ, એ ભાગ્ય માણસે નથી લખ્યું એનો સંતોષ લે છે! સ્વર્ગ ના હોવા વિશે પણ કવિને શંકા છે; પરિણામે મરવાની ઉતાવળ તેમને નથી. પર્વત અને નદીનો સંબંધ પિતા-પુત્રીનો અને નદી-સમુદ્રનો પતિ-પત્નીનો કવિઓએ કલ્પ્યો છે. ચોથા શેરમાં એનો લાભ કવિએ લીધો છે. શ્રદ્ધાને જ સત્યરૂપે જોવા તે કહે છે, શ્રદ્ધાને જ તે સર્વસ્વ માને છે. શયતાનથી પણ ક્રૂરતાપૂર્વક માણસ વર્તી શકે એ વાત છઠ્ઠા શેરમાં કરી છે. જીવનમાં દુઃખ, દર્દ, પીડા, વેદનાનો એટલો તો પ્રભાવ છે કે જરાક જેટલું સ્મિત અતિ ગૌણ બની રહે છે. બંદગીમાં મનની સ્થિરતાનો આગ્રહ છે. અંતિમ શેરમાં મૃત્યુના આઘાતને ગૌણ ગણતા કવિ જીવનના આઘાતથી જ વ્યથિત છે!

24 રેફરન્સ બુક

ઈજ્જતકુમાર ત્રિવેદી

(જન્મ : 05-4-1935; અવસાન : 26-6-2012)

હાસ્યલેખક, લઘુકથાકાર ઈજ્જતકુમાર રેવાશંકર ત્રિવેદીનો જન્મ લીલીયા (મોટા)માં થયો હતો. 1955 માં મહુવાથી મેટ્રિક, 1967માં ઈતિહાસ વિષય સાથે એમ.એ. થયા બાદ 1970 થી શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગરમાં પ્રાધ્યાપક તરીકે સેવા આપી હતી.

'મોનાલીસા' અને 'હળવે હાથે' એ બે હાસ્યલેખોના સંગ્રહો છે. 'કાસમ માસ્તરનું વસિયતનામું' ગુજરાતી સાહિત્યનો પહેલો લઘુકથાસંગ્રહ છે. 'કાંટા : ગુલાબ અને બાવળનાં', 'સુદામાનાં તાંદુલ', 'વામનનાં પગલાં', 'રાયના દાણા', 'ઘરદીવડા', અને 'સાતમો કોઠો' જેવા લઘુકથાઓના સંગ્રહો પ્રકાશિત થયા છે. એમની પાસેથી બસો ઉપરાંત લઘુકથાઓ પ્રાપ્ત થાય છે. ઘણી હિંદી-અંગ્રેજીમાં ભાષાંતર પામી છે. એમનું જીવનતપ લઘુકથાને અર્પણ રહ્યું છે. લઘુકથા-સાહિત્યસ્વરૂપના ઈતિહાસમાં તેમનું સ્થાન મહત્ત્વનું રહ્યું છે.

આ લઘુકથામાં માતૃપ્રેમની તીવ્ર ઝંખના અનુભવાય છે. દારુણ ગરીબીમાં પણ પોતાના પુત્રને ભણાવવાના અભરખા રાખનાર માતાના સ્નેહની અનુભૂતિ થાય છે. ભણી-ગણીને ડૉક્ટર થયેલો કથાનાયક જીવનમાં બાના જેવો નિર્વ્યાજ પ્રેમ કદાપિ પામી શક્યો નથી. જીવનમાં જ્યારે જ્યારે માતાની જગ્યાનો ખાલીપો અનુભવાય છે ત્યારે ત્યારે માતાની સ્મૃતિ રૂપે સાચવેલી વસ્તુઓનો પિટારો ખોલી બેસી જાય છે. ચિડાયેલી પત્નીના પ્રશ્નનો ઉત્તર આપતાં તે કહે છે. આ પોટલીમાં મારા જીવનની રેફરન્સ બુક છે. રેફરન્સ બુક માત્ર અભ્યાસ માટે જ નથી હોતી, જીવન-અભ્યાસ માટે પણ હોય છે. પરંતુ પત્નીને એ વાત સમજાવી શકે તેમ નથી. માતાનાં સ્મૃતિચિહ્નોમાંથી કથાનાયક સતત જીવનબળ મેળવે છે. જાણે એ પોટલી કથાનાયકની નોળવેલ ન હોય!

25 દુહા, મુક્તક, હાઈકુ

1. મા

દુલા ભાયા 'કાગ'
(જન્મ : 25-11-1902; અવસાન : 22-2-1977)

કવિ દુલા ભાયા 'કાગ'નો જન્મ ભાવનગર જિલ્લાના મજાદર ગામમાં થયો હતો. તેમણે પાંચ ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. રામાયણ-મહાભારત ઉપરાંત ચારણી સાહિત્યનો તેમનો અભ્યાસ નોંધપાત્ર હતો. ખેતી તેમજ ગોપાલનના વ્યવસ્થા કરતા કવિ કાગ કંઠ, કહેણી અને કવિતાનો સુમેળ સાધીને લોકગીતો, ભજનો તેમજ આખ્યાનોના જાહેર કાર્યક્રમો પણ આપતા.

જ્ઞાન, ભક્તિ અને નીતિ-આચરણ જેવા વિષયોને ચારણી છંદ, ભજન અને દુહા જેવા કાવ્યપ્રકારોમાં ઢાળનાર આ કવિએ 'કાગવાણી' ભાગ 1 થી 7 માં લોકપરંપરાના પ્રાચીન કલેવરમાં અર્વાચીન સંવેદનાઓ ગૂંથવાનો પ્રયત્ન કર્યો છે.

'વિનોબાબાવની', 'તો ઘર જાશે', 'જાશે ધરમ', 'શક્તિચાલીસા' ઉપરાંત 'ગુરુમહિમા', 'ચન્દ્રબાવની', 'સોરઠ બાવની' વગેરે કૃતિઓ એમણે રચી છે. ભારત સરકાર દ્વારા એમને પદ્મશ્રીનો ઍવોર્ડ મળ્યો છે.

દુહો ચારણી સાહિત્યનો કાવ્યપ્રકાર છે. એ માત્રામેળ છંદ પણ છે. દુહામાં માર્મિક વાણીથી થોડામાં ઘણું સૂચવાય છે. અહીં આપેલા બંને દુહામાં 'મા'નો મહિમા છે. પહેલા દુહાનો વિષય છે : મોટા થયા પછી 'મા'નો ખોળો છોડી દેતા કવિ, ફરી 'મા'નો ખોળો ખૂંદવાનીં બાળક બનવાની ઝંખના કરે છે.

બીજા દુહાનો વિષય છેઃ 'મા' શબ્દ કાને પડતાં જ બાળપણમાં માએ કરાવેલાં લાડ અને વહાલ કવિને સાંભરી આવે છે. કવિને મોટા થયા પછી મા-નો વિરહ સાલે છે. માનો ને મોટાઈ તુચ્છ લાગે છે. મા વિના જીવન નિરર્થક હોવાની વાત મા-નો મહિમા કરે છે.

2. દશા અને દિશા

વેણીભાઈ પુરોહિત
(જન્મ: 01-2-1916; અવસાન: 03-1-1980)

કવિ, વાર્તાકાર વેણીભાઈ જમનાદાસ પુરોહિત 'સંત ખુરશીદાસ'નો જન્મ સૌરાષ્ટ્રના જામખંભાળિયામાં થયો હતો. મુંબઈમાં સ્થાયી થયેલા વેણીભાઈએ પ્રાથમિક શિક્ષણ મુંબઈમાં અને માધ્યમિક શિક્ષણ જામખંભાળિયામાં લીધું હતું. તેઓ પત્રકાર હતા. ઈ. સ. 1942 ની લડતમાં દસ વર્ષ જેલવાસ ભોગવ્યો હતો.

એમણે ગીત, ભજન, ગઝલ, સૉનેટ, મુક્તક તેમજ લાંબી વર્ણનાત્મક રચનાઓ જેવા કાવ્યપ્રકારો અજમાવ્યા છે. છાંદસ અને અછાંદસ રચનાઓ એમણે લખી છે. કવિ તરીકેની એમની પ્રતિભા વિશેષ કરીને ગીતો તેમજ ભજનોમાં વધુ ખીલેલી જોવા મળે છે. 'સિંજારવ', 'ગુલઝાર શાયરી', 'દીપ્તિ' તેમજ 'આચમન' એમના કાવ્યસંગ્રહો છે. આ સંગ્રહોમાં લાંબી વર્ણનાત્મક રચનાઓ પણ છે. ભાવની સરળ-સહજ અભિવ્યક્તિ સાથે નાદ અને લયયુક્ત ભાષારચના એમની કવિતાની વિશેષતાઓ છે. 'કાવ્યપ્રયાગ'માં એમણે વિવિધ કવિઓની કાવ્યરચનાઓના આસ્વાદ કરાવેલા છે. 'અત્તરના દીવા', 'વાંસનું વન' તેમજ 'સેતુ' એમના વાર્તાસંગ્રહો છે.

'મુક્તક' શબ્દ 'મૌક્તિક' પરથી ઊતરી આવ્યો છે. 'મુક્તક' એટલે મોતી. મોતી જેવો ચળકાટ અને મોતી જેવું મૂલ્ય આ કાવ્યસ્વરૂપમાં હોય છે. અહીં આપેલા 'દશા અને દિશા' મુક્તકમાં કવિ 'દશા'ને જ સર્વસ્વ માની હારી-થાકી બેઠેલા માનવીને સાચી દિશા ચીંધે છે. જેમનામાં ખુમારી નથી, તેઓ જ દશાના ગુલામ છે! જિંદગીની સાચી દિશા તેમણે જાણી જ નથી; આથી જ તેઓ દશાને પૂજે છે, દશાથી ડરે છે. દશાને કવિ સડક સાથે સરખાવે છે. સડક તો સ્થિર છે, જડ છે. એ ક્યાંય જતી નથી. જવું તો આપણે પડે! એ જ સડકનો ઉપયોગ કરી આગળ વધનારને સફળતા પ્રાપ્ત થાય છે. 'દશા' અર્થાત્ ભાગ્યને આધારે બેસી રહેતા લોકોને 'દિશા' અર્થાત્ પુરુષાર્થનો મહિમા સમજાવતું આ મુક્તક શ્રમનો મહિમા કરે છે.

3. હાઈકુ

સ્નેહરશ્મિ

(જન્મ : 16-4-1903 અવસાન : 06-1-1991)

'સ્નેહરશ્મિ'નું મૂળ નામ ઝીણાભાઈ રત્નજી દેસાઈ. વલસાડ જિલ્લાના ચીખલી ગામમાં એમનો જન્મઃ ઈ. સ. 1921 માં ગુજરાત વિદ્યાપીઠમાંથી વિનીત થયા. ઈ. સ. 1926 માં રાજ્યશાસ્ત્ર વિષય સાથે સ્નાતક થયા. મુંબઈ તેમજ અમદાવાદમાં શિક્ષણક્ષેત્રે અધ્યાપક, આચાર્ય તેમજ નિયામક રહ્યા.

મુખ્યત્વે કવિ. 'અર્ઘ્ય', 'પનઘટ', 'અતીતની પાંખમાંથી', 'ક્ષિતિજે જ્યાં લંબાવ્યો હાથ', 'નિજલીલા' વગેરે એમના કાવ્યસંગ્રહો છે. એમણે વાર્તા, નવલકથા, નાટક, ચરિત્ર તેમજ આત્મકથા જેવાં સાહિત્યસ્વરૂપોમાં ખેડાણ કર્યું છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક (ઈ.સ. 1967), તેમજ નર્મદચંદ્રક (ઈ.સ. 1985) પ્રાપ્ત થયા છે. જાપાનિઝ કાવ્યસ્વરૂપ હાઈકુને ગુજરાતીમાં દૃઢ કરવાનો યશ એમને ફાળે જાય છે.

મુરલી ઠાકુર

(જન્મ : 23-2-1910, અવસાન : 22-4-1975)

કવિ, વાર્તાકાર મુરલીધર રામચંદ્ર ઠાકુરનો જન્મ ઈડર તાલુકાના કુકડિયા ગામે થયો હતો. એમણે પ્રાથમિક શિક્ષણ એમના વતન સુવેર,ઉમેદગઢમાં લીધું હતું. એમ.એ.ની ઉચ્ચ શિક્ષણની પદવી તેમણે મુંબઈથી પ્રાપ્ત કરી હતી.

મુંબઈની સિડનહામ કૉલેજમાં અધ્યાપક થયા. ત્યાર પછી મુંબઈ આકાશવાણીમાં ગુજરાતી કાર્યક્રમોના નિર્માતા થયા. ફિલ્મ સેન્ટર બોર્ડના સભ્ય નિમાયા.

'સફર અને બીજાં કાવ્યો' (અન્ય સાથે), 'શરદુત્સવ'(નૃત્યનાટિકા), 'મેળો' (બાળગીતો) તથા 'પ્રેમળ જ્યોત' (વાર્તાઓ) એમના ગ્રંથો છે. જાપાનિઝ કાવ્યસ્વરૂપ હાઈકુને ગુજરાતીમાં પ્રચલિત કરવામાં, સર્જક તરીકે એમનો ફાળો નોંધપાત્ર છે.

રાવજી પટેલ

(જન્મ : 15-11-1939 અવસાન : 10-8-1968)

રાવજી છોટાલાલ પટેલનો જન્મ ખેડા જિલ્લાના ડાકોર પાસેના વલ્લવપુરા ગામે કૃષિ પરિવારમાં થયો હતો. ડાકોરની શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું પછી અમદાવાદમાં માધ્યમિક તેમજ બે વર્ષ સુધી કૉલેજ(આર્ટ્સ)નું શિક્ષણ લીધું. તેમની આર્થિક સ્થિતિ સારી નહોતી, તેથી કુમળી વયથી નોકરી કરવી પડી. તેમણે મિલમાં, વર્તમાનપત્રમાં તેમજ ગ્રંથાલયમાં નોકરી કરી. આર્થિક સંકડામણ તેમજ ક્ષય જેવા એ વખતે અસાધ્ય રોગથી તેમનું શરીર તેમજ મન ક્ષીણ થતાં ગયાં. માત્ર અઠ્ઠાવીસ વર્ષની ઉંમરે તેમનું નિધન થયું.

'અંગત' એમનો એકમાત્ર કાવ્યસંગ્રહ છે. એમનાં કાવ્યોમાં વિશિષ્ટ લયલીલાઓ, પ્રતીકાત્મક તેમજ વ્યંજનાત્મક અભિવ્યક્તિ જોવા મળે છે.

હાઈકુ જાપાની કાવ્યસ્વરૂપ છે. સત્તર અક્ષરના આ કાવ્યનું બંધારણ ત્રણ પંક્તિનું છે. પ્રથમ પંક્તિમાં પાંચ, બીજીમાં સાત ને ત્રીજી પંક્તિમાં પાંચ અક્ષરથી રચાતું આ કાવ્ય ક્યાંક ગહન-ચિંતન, તો ક્યાંક હળવાશ રજૂ કરે છે.

પહેલું હાઈકુ અંધકાર અને દીવાના પ્રતીકથી સત અને અસતને સૂચવી, અનેક અસત્યો મળીને પણ સત્યને ઝાંખું નહીં પાડી શકે તેનો બોધ આપે છે. બીજા હાઈકુમાં ઘર મોટું કે નાનું? એ મકાનના કદ કે વિસ્તારને આધારે નહીં પણ એ ઘરમાં રહેતા માનવીની નિષ્ઠા અને પ્રતિષ્ઠાને આધારે નક્કી થાય છે, એ વાત કવિ સૂરજના ઉજાસથી સૂચવી આપે છે. ત્રીજું હાઈકુ મૃત્યુની અનિવાર્યતા જાણવા છતાં પણ જીવવાનો આનંદ માણતા માણસને જાળ લઈને ઊભા માછીમાર સામે મોજથી તરતી માછલીના પ્રતીકથી સૂચવે છે.

26 બે દૃષ્ટાંત કથાઓ

રવિશંકર મહારાજ

(જન્મ : 25-2-1884; અવસાન : 02-7-1984)

સમાજસેવક રવિશંકર શિવરામ વ્યાસનો જન્મ રઢુ ગામમાં (તા. માતર) અને શિક્ષણ વતનગામ સરસવણી (મહેમદાવાદ)માં લીધું હતું. શરૂઆતમાં ભાવડા (તા. દહેગામ)માં શિક્ષક, 1903માં નોંધણી કારકુન રહ્યા બાદ 1922માં સુણાવમાં રાષ્ટ્રીય શાળાની સ્થાપના કરી. તેમના જીવનનું સૂત્ર હતું 'ઘસાઈને ઊજળા થાઓ'. પહેલાં પોતાની રીતે સેવાકાર્ય કરતા પછી મહાત્મા ગાંધી સાથે જોડાયા ને સત્યાગ્રહોમાં જેલોમાંય ગયા. વિનોબાજીના ભૂમિદાન યજ્ઞમાં ગુજરાત ખૂંદી વળ્યા હતા. તેઓએ પાટણવાડિયા, બારૈયા અને અન્ય જાતિઓના ઉદ્ધાર માટે સતત પરિશ્રમ કર્યો હતો. તેમની નિઃસ્વાર્થ સેવા અને દારુનિષેધ-પ્રવૃત્તિને કારણે દેશભરમાં જાણીતા થયા. બિહાર-ઓરિસ્સાની કુદરતી આફત વખતે તેઓ પોતાના કાર્યકરો સાથે સેવા કરવા ગયા હતા. તેમનાં પુસ્તકો અનુભવોના નિષ્કર્ષમાંથી રચાયેલાં છે.

'સત્યાગ્રહનો વિજય', 'શિક્ષણ અને સંસ્કૃતિ', 'પર્વમહિમા', 'લગ્નવિધિ', 'મારો ચીનનો પ્રવાસ' અને 'મહારાજની વાતો' એમનાં પુસ્તકો છે.

પ્રથમ દૃષ્ટાંત કથા રાજ્યવ્યવસ્થામાં રહેલી કચાસ સૂચવે છે. રાજ્યમાં ભ્રષ્ટાચારને કારણે, સરકારે મંજૂર કરેલાં નાણાં જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચતાં માંડ થોડાં બચે છે એની સત્યકથા અહીં બરફના દૃષ્ટાંતથી અસરકારક રીતે રજૂ કરી છે.

દ્વિતીય દૃષ્ટાંતકથા ભારતીય સંસ્કૃતિમાં રહેલું સ્ત્રીનું યોગદાન દર્શાવે છે. ગામડાની અભણ, વિધવા ને સામાન્ય જાતિની સ્ત્રી શ્રમનું જે મૂલ્ય સમજે છે, દાનનું જે મહત્ત્વ માને છે તે વિરલ છે. પતિ ને પુત્ર મૃત્યુ પામ્યા પછી મજૂરી કરીને જીવતી ધૂળી દુકાળમાં ગરીબોને મફતમાં મળતો ગોળ ધર્માદાનો હોવાથી સ્વીકારતી નથી. ઊલટું, પોતાના બે બળદ ને 25 વીઘા જમીન વેચી, પાણીની તંગીવાળા ગામમાં કૂવો કરાવે છે; કૂતરાંને રોટલા ખવડાવે છે; પોતાના ગામમાં પરબ બંધાવે છે; ને ભગવાનનો મુગટ પણ ઘડાવે છે! ધૂળીની આ ત્યાગભાવનામાં સેવા, શ્રદ્ધા ને સમર્પણનો ત્રિવેણી સંગમ છે. એના મુખ પર પ્રગટતો શ્રમદેવનો ભાવ, એના શબ્દોમાં વ્યક્ત થતું પુરુષાર્થનું તેજ ને એના વિચારોમાં ઝીલાતી ભક્તિભાવયુક્ત ઉચ્ચ ધર્મબુદ્ધિ - સમાજને શ્રમનું ને દાનનું મૂલ્ય શીખવાડે છે.

પૂરક વાચન

1 અનૂદિત કાવ્યો

શંકર વૈદ્ય

(જન્મ : 15-6-1928; અવસાન : 23-9-2014)

શંકર વૈદ્ય મરાઠી સાહિત્યના મોટા ગજાના સાહિત્યકાર છે. કવિ, ઉત્તમ વક્તા, વિવેચક તેમજ નિબંધલેખક એવા શંકર વૈદ્યનું કર્મક્ષેત્ર મુંબઈ-પૂના રહ્યું છે. ઈ.સ.1971માં એમનો પહેલો કાવ્યસંગ્રહ 'કાળસ્વર' બહાર પડ્યો. એ પછી 'દર્શન' 1998 માં પ્રગટ થયો. 'આલા ક્ષણ, ગેલા ક્ષણ' એમનું નોંધપાત્ર પુસ્તક છે. તેઓ મહારાષ્ટ્ર સરકાર, વાગ્વિલાસિની, કોંકણ-મરાઠી સાહિત્ય પરિષદ તેમજ માસ્ટર દિનાનાથ પુરસ્કારોથી નવાજાયા છે.

શંકર વૈદ્યની પ્રસ્તુત કૃતિ 'કબાટમાંના પુસ્તકો', ગુજરાતીમાં તેમજ અનેક ભાષાઓમાં અનૂદિત થઈ છે. આ કવિતા સોરવાતાં પુસ્તકોનું હૈયું ખોલે છે. વિદૂષી અરૂણા જાડેજાએ એનો સુંદર ગુજરાતી અનુવાદ આપ્યો છે.

2 રોજિંદા જીવનનું વ્યાકરણ

નગીનદાસ પારેખ 'ગ્રંથકીટ'

(જન્મ : 30-8-1903; અવસાન : 19-1-1993)

વિવેચક અને અનુવાદક એવા નગીનદાસ નારણદાસ પારેખ 'ગ્રંથકીટ'નો જન્મ વલસાડમાં થયો હતો. વલસાડની આવાંબાઈ હાઈસ્કૂલમાં શિક્ષણ લીધું. રાષ્ટ્રીય શાળામાં જોડાયા. વિદ્યાપીઠમાં આચાર્ય ગિદવાણી, શ. વિ. પાઠક, કાકા કાલેલકર, ધર્માનંદ કોસંબી, પંડિત સુખલાલજી જેવા વિદ્યા સ્વામીઓનો લાભ મળ્યો. વિવેચન, સંપાદન તેમજ વિશ્વસનીય અનુવાદો ગુજરાતી ભાષા-સાહિત્યની વિશિષ્ટ ઉપલબ્ધિ ગણાય છે. એમનાં દોઢસો જેટલાં પુસ્તકોમાંથી નેવું જેટલાં પુસ્તકો માત્ર અનુવાદનાં છે. બંગાળી કૃતિઓમાં તેમજ કાવ્યશાસ્ત્રોના ગ્રંથોના નોંધપાત્ર અનુવાદો તેમણે આપ્યા છે. મહાત્મા ગાંધી અને રવીન્દ્રનાથ ટાગોરની સંસ્થાઓમાં તેમણે અભ્યાસ કર્યો તેથી ગાંધી-રવીન્દ્ર પ્રીતિ એમના જીવન-કથનમાં ગૂંથાયેલા જોવા મળે છે.

પ્રસ્તુત લેખ 'રોજિંદા જીવનનું વ્યાકરણ' ગાંધીજીના રોજિંદા જીવનના કેટલાક આગ્રહો વિશેનો છે. પોતાની ઊણપોને દૂર કરીને, ગાંધીજીએ પોતાના સદ્‌ગુણોને આખી પ્રજામાં કેવી રીતે વ્યાપક બનાવ્યા તેની વિગતો નગીનદાસ પારેખે આ લેખમાં આપી છે.

3 આભાર માન

રાજેશ વ્યાસ 'મિસ્કીન'

(જન્મ : 16-10-1955)

ગઝલકાર રાજેશ જટાશંકર વ્યાસ 'મિસ્કીન' એમ.એ; પીએચ.ડી. થયા છે. 'ગુજરાતી ગઝલ તેના વિવિધ પરિપ્રેક્ષ્યમાં' વિષય ઉપર મહાનિબંધ લખ્યો છે. 'છોડીને આવ તું', 'કોઈ તારું નથી','એ પણ સાચું આ પણ સાચું', 'પહેલી નજર,' 'બદલી જો દિશા', 'એ ઓરડો જુદો છે' - એમના ગઝલસંગ્રહો છે. એમણે સંપાદનો કર્યાં છે, તેમજ આધ્યાત્મિક કાવ્યવિવેચનક્ષેત્રે પણ ખેડાણ કર્યું છે. અનેક એવોર્ડ પ્રાપ્ત થયા છે. 'હરીન્દ્ર દવે એવોર્ડ', 'વલી ગુજરાતી એવોર્ડ' તેમજ 'કુમાર સુવર્ણચન્દ્રક' પ્રાપ્ત થયા છે.

પ્રસ્તુત ગઝલ 'આભાર માન'માં કવિ જીવનનો મહિમા કહે છે. જીવનમાં જે મળ્યું છે તેનો સહજ સ્વીકાર કરી, પરમાત્માનો આભાર માની આભારવશ થવામાં જીવનનું પુણ્ય છે એવો સંદેશ પણ પાઠવે છે.

4 કાન

મધુરાય
(જન્મ : તા.19-7-1942)

વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર મધુસુદન વલ્લભદાસ ઠાકરનો જન્મ જામખંભાળિયામાં થયો હતો. 'મધુરાય' તેમનું લેખક તરીકેનું નામ છે. માધ્યમિક સુધીનું શિક્ષણ દ્વારકામાં લીધું હતું. કલકત્તામાં તેમણે શિક્ષણ લીધું. કલકત્તાના દીર્ઘ નિવાસ દરમિયાન વિવિધ ભાષા પર પ્રભુત્વ મેળવ્યું. સાંસ્કૃતિક આદાન-પ્રદાન યોજના અન્વયે અમેરિકા જઈ તેમણે રંગભૂમિની વિશિષ્ટ તાલીમ લીધી. થોડો સમય અમદાવાદમાં રહી 'આકંઠ સાબરમતી' નામની નાટ્યસંસ્થાની સ્થાપના કરી.

'બાંસી નામની અક છોકરી', 'રૂપકથા', 'કાલસર્પ' એ તેમના નોંધપાત્ર વાર્તાસંગ્રહો છે. 'ચહેરા', 'કિમ્બલ રેવન્સવુડ' 'કલ્પવૃક્ષ', 'કામિની', 'સભા' અને 'સાપબાજી' એ એમની પ્રયોગશીલ નવલકથાઓ છે. નાટ્યક્ષેત્રે પણ મધુરાયે અનેક પ્રયોગો દ્વારા પોતાની સર્જક પ્રતિભાનો અને નાટ્યદિગ્દર્શનની સૂઝનો પરિચય આપ્યો છે. 'કુમારની અગાસી', 'કોઈ એક ફૂલનું નામ બોલો તો', 'આપણે કલબમાં મળ્યા હતા', અને 'સંતુ રંગીલી', 'ખેલંદો (રૂપાંતર) જેવાં નાટકોએ ગુજરાતી રંગભૂમિનું આકર્ષણ વધાર્યું છે. 'અશ્વત્થામા' એમનો એકાંકીસંગ્રહ છે. 'આકંઠ' ત્રેવીશ પ્રયોગશીલ અભિનય અખતરારૂપ નાટકોનું ચયન-સંપાદન છે. પત્રકારત્વના ક્ષેત્રમાં પણ તેમનું અર્પણ છે. નર્મદચંદ્રક અને રણજિતરામચંદ્રક દ્વારા તેમની સર્જકતાનું બહુમાન થયું છે.

'કાન' મધુરાયની નોંધપાત્ર રચના છે. ખાસ તો એમાંનો ધારદાર વ્યંગ ઉપહાસને કારણે હરિયાને રંગમહેલ આગળ ઊભો રાખી એક કાકાએ માથે હાથ ફેરવી આશીર્વાદ આપતાં કહેલું , 'તારો કાન બહુ મજાનો છે, બેટા !' આખા રસ્તે હરિયો આ વાત પર હસતો હસતો ઘેર જાય છે, 'કાન' વિધ પ્રસંગો, વિવિધ વ્યક્તિઓ દ્વારા વિડંબના પામે છે. હરિયાના કાનનાં વખાણ વધતાં જાય છે. હરિયો નહીં, પરંતુ તેનો કાન અને તે પણ એક જ કાન એની પ્રતિષ્ઠારૂપ બનતો જાય છે. હવે હરિયો, હરિયો મટી 'હરિશ્ચંદ્રસાહેબ' બને છે. પ્રારંભે હરિયો પરંપરાગત સંસ્કારોને કારણે આ નવી સર્જાયેલી પરિસ્થિતિ પર હસતો રહે છે, પરંતુ પછી તો એ કાનના સહારે જીવન ગબડાવતો થાય છે અને કાનના માહાત્મ્યને સ્વીકારતો જાય છે. અહીં હરિયાનું પાત્ર સ્વયં એક વિધિવક્રતારૂપ ચરિત્ર બનતું જાય છે. આમ, ધીરે ધીરે હરિયાની વૈયક્તિકતા ગૂંચવાતી જાય છે. આ વિડંબનાપૂર્ણ પરિસ્થિતિને હરિયો એક પરિતૃપ્તિ તરીકે સ્વીકારી લે છે. જેમાં એના જીવનની કરુણ અસંગતિનું દર્શન થાય છે.

ગુજરાતી

(પ્રથમ ભાષા)

ધોરણ 12

અનુક્રમણિકા

1.	અખિલ બ્રહ્માંડમાં	પદ	નરસિંહ મહેતા	01
2.	ખીજડિયે ટેકરે	નવલિકા	ચુનીલાલ મડિયા	03
3.	દમયંતી સ્વયંવર	આખ્યાનખંડ	પ્રેમાનંદ	08
4.	સત્યાગ્રહાશ્રમ	આત્મકથાખંડ	વિનોબા ભાવે	12
	• વ્યાકરણ-લેખન : સાહિત્ય સ્વરૂપો			17
5.	રામબાણ	પદ / ભજન	ધના ભગત	19
6.	ઉછીનું માગનારાઓ	હાસ્યનિબંધ	નટવરલાલ પ્રભુલાલ બુચ	21
7.	શ્યામ રંગ સમીપે	ગરબી	દયારામ	25
8.	અમરનાથની યાત્રાએ	પ્રવાસનિબંધ	વિનોદિની રમણલાલ નીલકંઠ	27
	• વ્યાકરણ-લેખન : શબ્દવિષયક સજ્જતા, ગુજરાતી બોલીઓ			31
9.	ભવના અબોલા	લોકગીત	અજ્ઞાત	37
10.	યુધિષ્ઠિર યુદ્ધવિષાદ	નાટ્યાંશ	ઉમાશંકર જોશી	39
11.	ઊર્મિલા	ખંડકાવ્ય	કવિ બોટાદકર	46
12.	સૌજન્યશીલ પ્રભાશંકર	ચરિત્રનિબંધ	મુકુન્દરાય પારાશર્ય	50
	• વ્યાકરણ-લેખન : વાક્યરચના વિષયક સજ્જતા			56
13.	મા'ત્માના માણસ	નવલિકા	ધીરુબહેન પટેલ	63
14.	છેલ્લું દર્શન (આસ્વાદ)	આસ્વાદલેખ	જયંત કોઠારી	69
15.	જુઓ	ગઝલ	શ્યામ સાધુ	73
16.	સેલ્વી પંકજમ્	નવલિકા	ઈવા ડેવ	76
	• વ્યાકરણ-લેખન : લેખન–રૂઢિવિષયક સજ્જતા			83
17.	પથ્થર થરથર ધ્રૂજે	ગીત	નિરંજન ભગત	87
18.	આંસુભીનો ઉજાસ	નવલકથા ખંડ	દિલીપ રાણપુરા	90
19.	ઈશ્વર સર્વવ્યાપી	ચિંતનાત્મક નિબંધ	આનંદશંકર ધ્રુવ	98
20.	બા એકલાં જીવે...	ગીત	મૂકેશ જોશી	103
	• વ્યાકરણ-લેખન : શૈલીવિષયક સજ્જતા			106
21.	અનુરુદ્ધનો ગૃહત્યાગ	બોધકથા	ડૉ. હરિવલ્લભ ભાયાણી	111
22.	ભાણી	ઊર્મિકાવ્ય	ઈન્દુલાલ ગાંધી	116
23.	સમતા અને બંધુતાના પથદર્શક...	પ્રેરક નિબંધ	કિશોર મકવાણા	119
24.	શરત	નવલિકા	એન્ટન ચેખોવ	125
	• વ્યાકરણ : લેખન સ્વરૂપો			129

પૂરક વાચન

1.	જીવન અમૂલ્ય છે	ચિંતન	સંકલિત	145
2.	આપણો લોકવારસો	નિબંધ	ડૉ. હસુ યાજ્ઞિક	148
3.	તું ભારતને જગાડ !	ઊર્મિકાવ્ય	રવીન્દ્રનાથ ટાગોર	151
4.	બા, ભાઈ ક્યાં ?	લોકવાર્તા	દરબાર પુંજાવાળા	152
5.	ગુજરાતી સાહિત્યની વેબસાઈટ્સ			156

•

1 અખિલ બ્રહ્માંડમાં

નરસિંહ મહેતા

(સમય : પંદરમું શતક)

ગુજરાતી ભાષાના આદ્યકવિ નરસિંહ મહેતાનું વતન ભાવનગર જિલ્લાનું તળાજા ગામ. 'શામળશાનો વિવાહ', 'હાર', 'હૂંડી', 'કુંવરબાઈનું મામેરું' અને 'શ્રાદ્ધ' એમની આત્મચરિત્રાત્મક રચનાઓ છે. નરસિંહ મહેતા ગુજરાતી ભાષાના ઉત્તમ કોટિના ભક્તકવિ છે. એમણે જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યનાં પદો સર્જીને ગુજરાતી કવિતાને રળિયાત કરી છે. ઝૂલણા છંદમાં લખાયેલાં નરસિંહનાં પ્રભાતિયાં લોકકંઠે વસીને આપણે ત્યાં ચિરંજીવ બન્યાં છે : જેમ કે, 'ભોળી રે ભરવાડણ', 'જળકમળ છાંડી જાને', 'જાગને જાદવા', 'જાગોને જશોદાના જાયા'... વગેરે. હૃદયસ્પર્શી અને ભાવ નીતરતી એમની કાવ્યવાણી, એની સરળતા અને સહજતાથી, આપણા મનમાં રમી રહે છે.

આ પદમાં નરસિંહ મહેતા ઈશ્વરના સર્વવ્યાપક રૂપની લીલાને વર્ણવે છે. સંસ્કૃતમાં ઉક્તિ છે : 'એકં સત્ વિપ્રા બહુધા વદન્તિ' – એટલે કે પરમાત્મા તાત્ત્વિક રીતે એક જ છે, પણ અનેક રૂપે દેખાય છે. જેમ સુવર્ણ એક છે, પણ એમાંથી ઘડાયેલા અલંકારોનાં નામ જુદાં છે, એ રીતે પ્રભુ આ સૃષ્ટિમાં વિવિધ સ્વરૂપે પ્રગટ થાય છે. જ્ઞાનીઓએ રચેલા જ્ઞાનગ્રંથોને સમજવામાં જે ગેરસમજ કરી છે, એને નરસિંહ મહેતા 'ગરબડ' તરીકે ઓળખાવીને હસી કાઢે છે. આવા પરમેશ્વરને શાસ્ત્રજ્ઞાન દ્વારા તો ખરા, પણ પ્રેમની પરાકાષ્ઠારૂપે ભક્તિ દ્વારા સરસ રીતે પામી શકાય છે એવી પોતાની પ્રતીતિને આ ભક્તકવિએ અહીં વિવિધ દૃષ્ટાંતો દ્વારા દર્શાવી આપી છે. કવિતા અને તત્ત્વજ્ઞાનનો સમન્વય કરતું એકાત્મભાવનું આ પદ નરસિંહની ચિરંજીવ અને સદા રમણીય-સ્મરણીય કૃતિ છે.

2 ખીજડિયે ટેકરે

ચુનીલાલ મડિયા

(જન્મ : ઈ. સ. 1922; અવસાન : 1968)

ચુનીલાલ કાળિદાસ મડિયાનો જન્મ રાજકોટ જિલ્લામાં આવેલા ધોરાજીમાં થયો હતો. 1939માં મૅટ્રિક અને 1945માં મુંબઈની સિડનહામ કૉલેજમાંથી બી.કૉમ. થઈ મુંબઈથી પ્રકાશિત થતા 'જન્મભૂમિ' દૈનિકમાં જોડાયા. બાર વર્ષ જેટલો સમય મુંબઈમાં આવેલી USIS ના ગુજરાતી વિભાગમાં કામ કર્યું. તેમણે નવલકથા, નવલિકા, નાટક, વિવેચન તેમજ કાવ્યક્ષેત્રે ખેડાણ કર્યું છે. 'વ્યાજનો વારસ', 'વેળા વેળાની છાંયડી', 'લીલુડી ધરતી ભાગ 1/2', 'સધરા જેસંગનો સાળો' વગેરે નવલકથાઓ; 'ઘૂઘવતાં પૂર', 'શરણાઈના સૂર', 'અંતઃસ્રોતા' વગેરે વાર્તાસંગ્રહો, 'રંગદા', 'શૂન્યશેષ', 'રામલો રોબિનહૂડ' વગેરે એકાંકી અને ત્રિઅંકી નાટ્યસંગ્રહો આપ્યાં છે. તેમણે 'ચોપાટીને બાંકડે'થી હળવી શૈલીના નિબંધો, 'વાર્તાવિમર્શ', 'શાહમૃગ-સુવર્ણમૃગ' વગેરે વિવેચનસંગ્રહો આપ્યા છે. તેઓ રણજિતરામ સુવર્ણચંદ્રક તથા નર્મદ સુવર્ણચંદ્રકથી સન્માનિત થયા છે.

જીવનની કારમી ગરીબાઈ વચ્ચે ધબકતા પિતૃહૃદયી ભોજાની હૃદયદ્રાવક મનઃસ્થિતિ સૌ કોઈ ભાવકનું કાળજું વીંધી નાખે તેવી કરુણ છે. ભૂખ ભૂંડી છે અને ગરીબાઈ વસમી છે. એ શું કરે કે શું કરાવે છે એ આ નવલિકાનો વર્ણ્ય વિષય છે. કહેવાતા મૃત બાળકનું રેશમી વસ્ત્ર લેવા ભોજો ઠંડીમાં ઉઘાડા શરીરે ઝઝૂમે છે. સમાજજીવનની આ વરવી વાસ્તવિકતા ભોજાનાં કાળાં કરતૂતો ભૂલાવીને તેના પરિવાર જોડે સહૃદયતાનો તંતુ સાંધે છે. ભોજાના ભયની સામે માસ્તર પરિવારનું અમીભરેલું અભયવચન વાર્તાનો સુખાંત સર્જે સર્જકની કલ્પનાતીત સફળતાનો પરિચય કરાવે છે. ભોજાની લાચારી-દીનતા સામે માસ્તર દંપતીની ઉદારતા સદૈવ સ્મરણીય બની રહેશે.

3 દમયંતી સ્વયંવર

પ્રેમાનંદ

(સમય : ઈ.સ. સત્તરમી સદી)

ઉત્તમ આખ્યાનકાર તથા માણભટ્ટ કવિ પ્રેમાનંદનો જન્મ વડોદરામાં થયો હતો. 'રામાયણ', 'મહાભારત' તેમજ પૌરાણિક ગ્રંથોનો અભ્યાસ કરીને, એમાંથી કથાવસ્તુ લઈને તેમણે આખ્યાનો રચ્યાં. મધ્યકાળમાં પ્રેમાનંદે આખ્યાનને નવું જ રૂપ આપ્યું. માણ ઉપર થાપ આપીને, પઠન, ગાયન તેમજ અભિનય દ્વારા લોકસમુદાયમાં રસની આગવી જમાવટ કરવામાં પ્રેમાનંદ મોખરે રહ્યા. 'ઓખાહરણ', 'ચંદ્રહાસાખ્યાન', 'અભિમન્યુઆખ્યાન', 'સુદામાચરિત્ર', 'કુંવરબાઈનું મામેરું', 'નળાખ્યાન', 'રણયજ્ઞ', 'દશમસ્કંધ' વગેરે આખ્યાનો દ્વારા પ્રેમાનંદે ગુજરાતી આખ્યાન-કવિતાને સમૃદ્ધ કરી છે. વર્ણન, પાત્રાલેખન, રસનિરૂપણ, ભાષાકર્મ - એમ વિવિધ દૃષ્ટિએ પ્રેમાનંદનાં આખ્યાનો ગુજરાતી ભાષાની વિશિષ્ટ સંપદા બની રહેલ છે. કથા તેમજ કાવ્યનો સુભગ સમન્વય એમાં જોવા મળે છે. માણ દ્વારા કથા કરવામાં તેઓ કુશળ હતા, કલાકાર હતા. માનવમન તેમજ માનવસ્વભાવની તેમને ઊંડી પરખ હતી. આખ્યાન રજૂ કરતી વખતે એક રસમાંથી બીજા રસમાં સરકી જઈને, ગજબની જમાવટ કરી શકતા હતા. આખ્યાનો દ્વારા તેમણે લોકશિક્ષણનું કામ કર્યું હતું. પ્રજાકીય સંસ્કારવારસાને પોષવાનું, સાચવવાનું તેમજ સંવર્ધિત કરવાનું કામ તેમણે કર્યું. ઉત્તમ આખ્યાનકાર ને કવિ હોવાને કારણે તેઓ 'કવિ શિરોમણિ'નું સન્માન પામ્યા છે.

ભીમક રાજાએ પુત્રી દમયંતીનો સ્વયંવર યોજ્યો છે, જેમાં ચારેય દેવો નળરૂપે જ ઉપસ્થિત થતાં દમયંતી આકરી કસોટીમાં મુકાઈ જાય છે - તેની મતિ મૂંઝાઈ જાય છે. પ્રેમાનંદે દમયંતીના સૌંદર્યની લાલસા ધરાવતા દેવોને અતિ પામર, પશુવત્ વ્યવહાર કરતા દર્શાવ્યા છે. અહીં દેવોના પારસ્પરિક છળકપટને અદ્‌ભુત રીતે નિરૂપીને કવિએ શ્રોતાઓનું જબરું મનોરંજન કર્યું છે. દમયંતી દેવોને ત્યજીને નળરાજાને વરમાળા પહેરાવે છે. નળ-દમયંતીનાં લગ્ન થાય છે અને એ જ સમયે કળિ અને દ્વાપરને પણ નારદે જ દમયંતીને પરણવાની અભીપ્સા જગાડીને પરણવા મોકલેલા, કિંતુ દમયંતી પરણી જતાં હતોત્સાહી થયેલો કળિ, સત્તા-સમૃદ્ધિ-ઐશ્વર્યની ટોચે પહોંચેલા નળ-દમયંતીના સુખને સાંખી-જીરવી શકતો નથી અને તેથી એક સંધ્યાકળે પગ ધોતા નળની પાની થોડી કોરી રહી જતાં તેના શરીરમાં પ્રવેશીને તેની બુદ્ધિ ભ્રષ્ટ કરવામાં સફળ થાય છે. જેની સુંદર કથા અહીં સુપેરે આલેખન પામી છે.

4 સત્યાગ્રહાશ્રમ

વિનોબા ભાવે

(જન્મ : 11-09-1895; અવસાન : 15-11-1982)

વિનોબા ભાવેનું મૂળ નામ વિનાયકરાવ ભાવે હતું. તેમનો જન્મ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના ગાગોદા ગામમાં થયો હતો. તેમના પિતાને વડોદરામાં નોકરી હોવાથી જીવનના આરંભનાં વર્ષો ગુજરાતમાં વીત્યાં. ત્યાર બાદ યુવાનીમાં ગૃહત્યાગ કરીને ગાંધીજીની સ્વાતંત્ર્યની લડતમાં જોડાવાને કારણે ફરીથી ગુજરાતમાં વસવાટ કરવાનો આવ્યો. વિનોબાજી અનેક ભાષાઓના જાણકાર હતા. બધી ભારતીય ભાષાઓ તેમને આવડતી હતી. તેમને નાનપણથી જ વાંચવાનો શોખ હતો. તેમણે અનેક વિષયો પર પુસ્તકો લખ્યાં જેમાં 'ગીતા-પ્રવચનો', 'કુરાનસાર', 'શિક્ષણવિચાર', 'ભારતીય સંસ્કૃતિ', 'વિજ્ઞાન અને અધ્યાત્મ'ને મુખ્ય ગણાવી શકાય. તેમણે ભૂદાનયાત્રા નિમિત્તે ભારતભ્રમણ કરીને ગરીબો માટે હજારો એકર જમીન એકત્ર કરેલી. તેઓ ગાંધીજીના આધ્યાત્મિક વારસદાર હતા.

આમ તો વિનોબા એ આત્મકથા નથી લખી. તેમના જીવનપ્રસંગોનું 'અહિંસાની ખોજ' નામે સંકલન થયેલું છે, તેમાંથી આ પ્રકરણ લેવાયું છે. વિનોબા ગાંધીજીના અનુયાયી કેવી રીતે બન્યા તેનું બયાન છે. આ ઉપરાંત કોચરબ આશ્રમમાં એક ઉત્તમ આશ્રમવાસી તરીકે કેવી નામના મેળવી તેની વાત છે. તો ગાંધીજીના આગ્રહે એક વર્ષની રજા લઈને એ સમયગાળામાં કેવાં ગંજાવર કાર્યો કરી બતાવ્યાં તેનું પ્રેરણાદાયી બયાન છે. આ એકમમાં વિનોબાની એક ચિંતક, કાર્યકર્તા તરીકેની છબી ઊપસે છે.

"હે ચક્રવર્તી ! આ જગ્યાએ જ્ઞાનની અધિષ્ઠાત્રી, આજીવન બ્રહ્મચારિણી, સર્વવત્સલા સરસ્વતીનું ઉપાસના-સ્થાન છે, એટલે અહીંની શાંતિને અભંગ રાખવા માટે તારા સપ્તસિંધુઓનું જળ પીધેલા ઘોડાને અહીં બહાર જ વિશ્રામ દેજે. તારા દેદીપ્યમાન અસ્ત્રશસ્ત્રનો ભાર અહીં જ રથમાં ઉતારી નાખજે. તારા રાજવી મદમર્દનનો અહંભાવ અહીં જ મૂકીને... આ અંતર્વેદીમાં પગ મૂકજે."

(દીપનિર્વાણ)

– 'દર્શક'

5 રામબાણ

ધના ભગત

(સમય : 18મું શતક)

ભક્તિ કરતાં કરતાં ભજન રચનાર ધના ભગત ધોળા જંકશન, તાલુકો ઉમરાળાના વતની હતા. આખું નામ ધના કેશવ કાકડિયા હતું. પૂર્વાશ્રમમાં તેઓ લેઉઆ પટેલ સમાજના હતા. આજે ધોળા (જિ. ભાવનગર) મુકામે તેમની સમાધિ છે. એમના જીવન વિશે ખૂબ ઓછી માહિતી પ્રાપ્ત થાય છે. એમનું અવસાન ઈ. સ. 1775માં થયું હતું.

અહીં રામબાણ એટલે પ્રભુની ભક્તિનું બાણ. અર્થાત્ પ્રભુભક્તિમાં ઘાયલ લીન-તલ્લીન. રામબાણ એ તપનું તીર-ભક્તિભરેલું છે. એ જે જાણે છે તે જ માણે છે. સિંહણનું દૂધ તો સિંહબાળને જ ઝરે તેમ પ્રભુના પ્રેમીઓને જ રામબાણ વાગે ને !! આનો સ્થાયી રસ તો મયૂરધ્વજ રાજા જેવા જ પામી શકે. હા, અહીં ધ્રુવ, પ્રહ્લાદ, શુકદેવ, મીરાં, નરસિંહ જેવાની કથા–કેવી રીતે રામબાણ વાગ્યાં તેનું નિરૂપણ છે. પોતાની વેદના જ જાણે કે ઈશ્વર અનુસંધાનની સંવેદના બને છે. અહીં રામબાણ વેદના નહિ; પરંતુ વરદાનરૂપ છે. જે ઈશ્વરના નામે ઓળઘોળ કરે, એના માટે જ જીવે, એના માટે જ મરે આ સમર્પણ અ-સાધુઓમાં થોડું સાંપડે ? રામબાણ વાગ્યા વિના મીરાં ઝેર કેવી રીતે પીએ ? મયૂરધ્વજના મસ્તક પર કરવત શી રીતે ફરે ?

6 ઉછીનું માગનારાઓ

નટવરલાલ પ્રભુલાલ બુચ

(જન્મ : 19-10-1906; અવસાનઃ 9-1-2000)

ગુજરાતી કવિ અને હાસ્યકાર શ્રી નટવરલાલ પ્ર. બુચનો જન્મ ગોંડલ (સૌરાષ્ટ્ર)માં થયો હતો. બી.એ., એમ.એ.ની ઉપાધિ ફર્ગ્યુસન કૉલેજ, પૂણેથી પ્રાપ્ત કરી. ત્યારબાદ પ્રારંભે દક્ષિણામૂર્તિ, ઘરશાળા અને ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં અંગ્રેજી શિક્ષક, ઉપનિયામક તેમજ લોકસેવા મહાવિદ્યાલય, લોકભારતી સણોસરામાં પ્રાધ્યાપક અને ઉપનિયામક રહ્યા.

મુખ્યત્વે હાસ્યનિબંધો, હાસ્યરસનાં કાવ્યો અને પ્રહસનો લખ્યાં. 'રામરોટી પહેલી', 'રામરોટી બીજી ઉર્ફે બનાવટી ફૂલો', 'રામરોટી ત્રીજી', 'છેલવેલ્લું', 'હળવાં ફૂલ', 'કાગળનાં કેસૂડાં' એમનાં નોંધપાત્ર પુસ્તકો છે. એમના હાસ્યનિબંધોમાં વિષય વૈવિધ્યની સાથે ઊંડાણ પણ છે. સહજ, સરળ છતાં હાસ્યવૃત્તિ એમાં જોવા મળે છે. ગુજરાતી સાહિત્ય પરિષદનું જ્યોતીન્દ્ર દવે હાસ્ય પારિતોષિક પ્રાપ્ત થયું છે. દર્શક ફાઉન્ડેશન તરફથી એમને દર્શક એવૉર્ડ આપી સન્માનિત કરાયા છે.

લેખકે માનવજીવનનો બારીકાઈથી અભ્યાસ કરેલો આ કૃતિ ઉપરથી જોઈ શકાય છે. જીવનમાં કોઈ પણ વ્યક્તિ શોષણનો ભોગ ન બન્યું હોય એવું ભાગ્યે જ બને એટલે કે શોષક-શોષિત જેવા બે વર્ગો વર્ષોથી અસ્તિત્વ ધરાવે છે. ઉછીનું માગનારા લોકોને માન-સન્માન કે ઇજ્જત જેવું ખાસ નથી હોતું. તેઓ નિઃસંકોચપણે માગવા માટે જ ટેવાયેલા હોય છે. લેખકે પોતાના અંગત જીવન સાથે સંકળાયેલા બે-ત્રણ પ્રસંગોની વાત રમૂજી શૈલીમાં રજૂ કરી છે. જેઓ માગવા માટે ટેવાયેલા હોય તેઓ નાની કે ક્ષુલ્લક વસ્તુની જ માત્ર માગણી કરતા નથી. તેઓ કૅમેરા-રેડિયો જેવી મહત્ત્વની વસ્તુ માગતાં પણ અચકાતા નથી. આખી જિંદગી માગીને જ પૂરી કરતા હોય છે. આવા લોકોની મહત્ત્વની વાત એ બતાવી છે કે તેઓ પાસે કોઈ વસ્તુની માગણી કરો તો ના પાડવા માટે હજાર બહાનાં હોય; તેઓ કદી એક વસ્તુ કોઈને આપતા નથી.

ઉછીનું માગનારાઓ કયા પ્રકારની માનસિકતા ધરાવતા હોય છે જેને લેખક ઉદાહરણ આપીને, રમૂજી શૈલીમાં, સરળ ભાષામાં સમજાવે છે.

7 શ્યામ રંગ સમીપે

દયારામ

(જન્મ : ઈ.સ. 1777; અવસાન : 1852)

દયારામનો જન્મ નર્મદાકાંઠે આવેલા ચાણોદ ગામમાં થયો હતો. એમણે ત્રણ વાર ભારતનાં તીર્થધામોની યાત્રા કરી હતી અને વૈષ્ણવ સંપ્રદાયની ઘણી રચનાઓ કરી હતી; પરંતુ આ ભક્તકવિએ લખેલી કૃષ્ણલીલાની ગરબીઓ ગુજરાતી સાહિત્યમાં અજોડ છે. એમની ગરબીઓમાં ભાવની મધુરતા છે અને એને અભિવ્યક્ત કરતી ભાષા રસભરી અને મીઠી છે. ઢાળની વિવિધતાથી આ ગરબીઓ ખૂબ લોકપ્રિય બની છે. ગરબીઓ ઉપરાંત એમણે કેટલાંક આખ્યાનો અને ભક્તિનો બોધ આપતાં પદો પણ લખ્યાં છે. સુકુમાર ભાવો, લયવૈવિધ્ય, ચિત્રાત્મકતા અને નાદમાધુર્ય એમની કવિતાની વિશેષતા છે. જિંદગીભર અપરણિત રહેલા આ કવિએ પોતાનું સમગ્ર જીવન કૃષ્ણભક્તિમાં સમર્પી દીધું હતું.

દયારામનાં 'ગરબી' સંજ્ઞાથી ઓળખાતાં ઘણાં પદોમાં કૃષ્ણ અને ગોપીના મધુર સંવાદ દ્વારા પ્રેમભક્તિનું નિરૂપણ થાય છે. આ ગરબીમાં કવિએ કૃષ્ણ પ્રત્યેના ગોપીના પ્રેમભાવને કૃત્રિમ રોષની વાણીમાં વ્યક્ત કર્યો છે. ગોપીનું મન કૃષ્ણમય હોવાથી તેને કાળા રંગની વસ્તુઓમાં કૃષ્ણ દેખાય છે અને તેથી એનો ત્યાગ કરવાનો ગોપી સંકલ્પ કરે છે, પણ આવો સંકલ્પ લાંબો સમય ટકવાનો નથી તેવું બયાન પણ તરત જ કરે છે. કારણ કે કૃષ્ણ સાથેના પ્રેમભાવને છોડવા મન તૈયાર થતું નથી. કાવ્યના અંતમાં પ્રગટ થતા ચાતુર્યથી કાવ્યમાં ચોટ સધાય છે. ગોપીનો કૃત્રિમ રોષ લાંબો સમય ટકતો નથી—સ્નેહભાવ વધે છે.

8 અમરનાથની યાત્રાએ

વિનોદિની રમણલાલ નીલકંઠ

(જન્મ : 9-2-1907; અવસાન : 29-9-1987)

ગુજરાતી નિબંધ, નવલિકા, નવલકથા તેમજ બાળસાહિત્યનાં અગ્રણી લેખિકા શ્રી વિનોદિની નીલકંઠનો જન્મ અમદાવાદમાં થયો હતો. પ્રાથમિક-માધ્યમિક તેમજ ઉચ્ચકેળવણી તેમણે અમદાવાદમાં પ્રાપ્ત કરી હતી. અમેરિકાની મિશિગન યુનિવર્સિટીમાંથી સમાજશાસ્ત્ર અને શિક્ષણશાસ્ત્ર વિષયો સાથે એમ.એ.ની ડિગ્રી મેળવી. સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓમાં ઉમદા સેવાઓ આપી. 'રસદ્વાર' એ રસાળ શૈલીનો નિબંધસંગ્રહ તેમજ 'આરસીની ભીતર', 'કાર્પાસી અને બીજી વાતો', 'દિલદરિયાવનાં મોતી', 'અંગુલિનો સ્પર્શ' વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે. 'શિશુરંજના', 'મેંદીની મંજરી', 'બાળકોની દુનિયામાં ડોકિયું' તથા 'સફરચંદ' બાળસાહિત્યનાં નોંધપાત્ર પુસ્તકો છે. રાજ્ય સરકારનાં પારિતોષિક પણ એમને પ્રાપ્ત થયાં છે.

આ નિબંધમાં પ્રવાસ દરમિયાન થયેલા અનુભવો લેખિકા વર્ણવે છે. 'ચંદનવાડી' શબ્દમાં ગુજરાતીઓને તથા લેખિકાને પણ પોતાપણું લાગે છે. ઘોડેસવારી કરી પહાલગામથી ચંદનવાડીએ જતાં જતાં પ્રકૃતિની પ્રતિક્ષણ બદલાતી કુદરતી શોભા, તેમાંથી થતો સંગીતનો આભાસ માણે છે. શેષ નદીનાં બદલાતાં વિવિધ સ્વરૂપોનું સૌંદર્ય વરસાદમાં પલળીને પણ માણે છે. કુદરતનાં ન્યારાં રૂપ જોઈ પાછા પહાલગામ આવી પલંગમાં સૂવાનું સુખદ લાગે છે, એ વાતને અંતે જીવનનાં ચિંતન સાથે સાંકળી આપે છે.

9 ભવના અબોલા

અજ્ઞાત

લોકગીત એ લોકસાહિત્યનો પદ્ય પ્રકાર છે. લોકગીતનો કોઈ રચયિતા નથી હોતો એમ કહેવા કરતાં એમ કહી શકાય કે લોકસમૂહ લોકગીતોનો રચયિતા હોય છે. માત્ર એક વ્યક્તિ નહીં પણ અનેકોની ઉત્સાહભરી સર્જકતાથી રચાયેલું લોકગીત કોઈ એક પ્રસંગ કે ઘટના આધારિત આનંદ-ઉત્સાહ, ઉમંગ કે વેદનાની સર્જનાત્મક અભિવ્યક્તિ છે. લોકગીતોનો આપણી પાસે સમૃદ્ધ વારસો છે.

'ભવના અબોલા' લોકગીતમાં પતિને મનાવવા માટેના અથાગ પ્રયત્નો છતાં પતિ રીઝતા નથી માટે દુઃખથી સંતપ્ત દીકરી સમડી મારફતે પિતાને સંદેશો મોકલાવે છે પરંતુ પિતા શાણી સલાહ આપે છે. દીકરી સુખ તો બધા માણે, દુઃખ વેઠે તે સહનશીલ કહેવાય. દીકરીને વેઠવા પડતાં દુઃખ સામાન્ય નથી એ વાતની પ્રતીતિ ડુંગર ન ખેડાય, સમંદર ન મપાય, પરણ્યો ન વેચાય અને કરમ ન વંચાય જેવી વાતો દ્વારા થાય છે. આ લોકગીતમાં સાસરવાસમાં દીકરીને પડતાં દુઃખ કેવાં અસહ્ય હોય તેની વાતો કરવામાં આવી છે.

10 યુધિષ્ઠિર યુદ્ધવિષાદ

ઉમાશંકર જોશી

(જન્મ : 27-7-1911; અવસાન : 19-12-1988)

કવિવર ઉમાશંકર જેઠાલાલ જોશીનો જન્મ અરવલ્લી જિલ્લાના બામણા ગામમાં થયો હતો. કવિતા, વિવેચન, સંશોધન, એકાંકી, નવલિકા, નિબંધ, પ્રવાસ, નવલકથા, ચરિત્ર, અનુવાદ તેમજ સંપાદનક્ષેત્રે એમનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. 'વિશ્વશાંતિ', 'ગંગોત્રી', 'નિશીથ', 'પ્રાચીના', 'આતિથ્ય', 'વસંતવર્ષા', 'મહાપ્રસ્થાન', 'અભિજ્ઞા', 'ધારાવસ્ત્ર' અને 'સપ્તપદી' એમના કાવ્યસંગ્રહો છે. આ બધાં જ કાવ્યો 'સમગ્ર કવિતા' નામે એક જ ગ્રંથરૂપે પ્રગટ થયાં છે. પ્રકૃતિ, પ્રેમ, વિશ્વશાંતિ, ધર્મ તેમજ સંસ્કૃતિ જેવા જીવનના ગહન-ગંભીર વિષયો એમનાં કાવ્યોમાં સુપેરે પ્રગટ થયા છે. વિષયવૈવિધ્ય સાથે વિષયનિરૂપણની વિવિધ મુદ્રાઓ એમાં અંકિત છે. જીવન અને જગતને પામવાની એમાં મથામણ છે. 'પુરાણોમાં ગુજરાત' તેમનો સંશોધનગ્રંથ છે. 'અખો : એક અધ્યયન', 'શૈલી અને સ્વરૂપ', 'સમસંવેદન', 'કવિની સાધના', 'શ્રી અને સૌરભ', 'કવિની શ્રદ્ધા' એમના વિવેચનગ્રંથો છે. 'શ્રાવણી મેળો' તેમજ 'વિસામો' તેમના નવલિકાગ્રંથો છે. 'ગોષ્ઠિ' તેમજ 'ઉઘાડી બારી' તેમના હળવા-ગંભીર નિબંધોના સંગ્રહો છે. 'આંદામાનમાં ટહુક્યા મોર', 'યુરોપયાત્રા', 'ચીનમાં 54 દિવસ' અને 'યાત્રી' તેમનાં પ્રવાસપુસ્તકો છે. 'સાપના ભારા' તથા 'હવેલી' એકાંકીના સંગ્રહો છે. 'હૃદયમાં પડેલી છબીઓ'ના બે ભાગ, 'ઈસામુ શિદા અને અન્ય' તેમના ચરિત્રાત્મક લેખોના સંગ્રહો છે.

તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. કન્નડ કવિ પુટપ્પા સાથે સંયુક્તરૂપે તેમના 'નિશીથ' કાવ્યસંગ્રહને ભારતીય જ્ઞાનપીઠ એવૉર્ડ પ્રાપ્ત થયો હતો. 'કવિની શ્રદ્ધા' વિવેચનગ્રંથને દિલ્હી સાહિત્ય અકાદમીનો એવૉર્ડ પ્રાપ્ત થયો હતો. ગુજરાત યુનિવર્સિટી તેમજ 'વિશ્વભારતી' જેવી સંસ્થાઓના કુલપતિપદે તેમણે સેવાઓ આપી હતી.

કૌરવોનાં મૃત્યુ પછી ઉત્તરક્રિયા કરી પાંડવો બેઠા હતા ત્યારે યુધિષ્ઠિર અનંત શોકસાગરમાં ડૂબેલા હોય છે, નારદજી અને વ્યાસ સાથેના સંવાદમાં યુધિષ્ઠિર કહે છે 'સત્તા માટે કૂતરાંની માફક લડી મર્યા !' કૌરવોમાં રહેલી વેરવૃત્તિને નિર્મૂળ કરવાને બદલે એમનો સંહાર કરી બેઠા. આવા ઘોર વિષાદમાં ડૂબેલા યુધિષ્ઠિરને પાંડવો, દ્રૌપદી, કૃષ્ણ, વ્યાસ વગેરે સમજાવે છે; પરંતુ યુધિષ્ઠિરને દુર્યોધનની અભિમાનવૃત્તિ અને દુ:શાસનની નિર્લજ્જ નિર્દયતા સામે લડવાને બદલે એમના શરીર સાથે લડી બેઠાનો વસવસો છે. આથી શોકાતુર સ્વજનોની ચીસ એમને સંભળાતી હોય એવું માને છે. આવા યુદ્ધવિષાદમાં ડૂબેલા યુધિષ્ઠિરને બહાર લાવવા સર્વે સમજાવે છે. યુધિષ્ઠિર તત્ત્વજ્ઞાનભરી દલીલો કરે છે તેમાં એમનું અગાધ જ્ઞાન હોવાની અને વેદનાની અનુભૂતિ એ એમની ન્યાયપ્રિયતા બતાવે છે.

11 ઊર્મિલા

કવિ બોટાદકર

(જન્મ : 1870; અવસાન :1942)

ગૃહ અને ગ્રામજીવનને કવિતાનો વિષય બનાવનાર કવિ દામોદર ખુશાલદાસ બોટાદકરનો જન્મ સૌરાષ્ટ્રના બોટાદમાં થયો હતો. તેમણે માત્ર છ ધોરણ સુધીનો અભ્યાસ કરેલો. આ કવિ સંસ્કૃત ભાષા-સાહિત્યના પણ સારા અભ્યાસી હતા. તેમનું પ્રદાન મુખ્યત્વે કવિતાક્ષેત્રે રહ્યું છે.

તેમના મહત્ત્વના કાવ્યસંગ્રહોમાં 'સ્રોતસ્વિની', 'નિર્ઝરિણી', 'રાસતરંગિણી' અને 'શૈવલિની'નો સમાવેશ થાય છે. ગૃહજીવનના ભાવોને સુંદર રીતે કવિતામાં વ્યક્ત કરનાર આ કવિએ પ્રકૃતિ અને ગ્રામજીવનને પણ સુચારુ પદાવલિમાં ઢાળ્યા છે. તેમણે 'રાસ' પ્રકારની રચનાઓ પણ આપી છે.

આ એક ખંડકાવ્ય છે. ખંડકાવ્યમાં કોઈ વિશિષ્ટ પ્રસંગના આશ્રયે મુખ્યત્વે વિવિધ ભાવોનું છંદોવૈવિધ્ય સાથે નિરૂપણ કરવામાં આવે છે. વેધક ભાવનિરૂપણ સાથે એમાં હૃદયસંઘર્ષ અને જીવનરહસ્ય પણ રજૂ થાય છે. પ્રસ્તુત ખંડકાવ્યમાં લક્ષ્મણ અને ઊર્મિલાના હૃદયભાવોનું આલેખન થયું છે. પતિ સાથે વનમાં જવાને બદલે ઘેર રહી વિરહવ્યથા સહન કરવાનો નિર્ણય ઊર્મિલાએ કર્યો તેને લક્ષ્મણ અભિનંદે છે. પતિપત્ની જે પ્રેમ અને કર્તવ્યનો તીવ્ર સંઘર્ષ અનુભવે છે તેનું ખંડકાવ્યમાં અસરકારક નિરૂપણ થયું છે. વિવિધ ભાવસંવેદનો સાથે છંદોનું વૈવિધ્ય પણ કવિએ આ રચનામાં સારું એવું પ્રકટ કરી આપ્યું છે.

12 સૌજન્યશીલ પ્રભાશંકર

મુકુન્દરાય પારાશર્ય

(જન્મ : 1914; અવસાન : 1985)

સૂક્ષ્મ સાહિત્યસૂઝ અને સૌંદર્યલક્ષી કાવ્યધારાના કવિ શ્રી મુકુન્દરાય પારાશર્યનો જન્મ મોરબીમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ કોટડા સાંગાણીમાં તેમજ માધ્યમિક ને ઉચ્ચ શિક્ષણ અનુક્રમે રાજકોટ તેમજ ભાવનગરમાં લીધું. 'અર્યન' (પ્રબોધ ભટ્ટ સાથે), 'સંસૃતિ', 'ભદ્રા' કાવ્યસંગ્રહો, 'ફૂલ ફાગણનાં' ગીતસંગ્રહ, 'દીપમાલા' મુક્તક સંગ્રહ, 'કંઠ ચાતકનો અને પ્રાણ બપૈયાનો' પદસંગ્રહોમાં ભાવની સચ્ચાઈ, ગહનતા, સુચારુ અભિવ્યક્તિ, પ્રાસાદિકતા તેમજ મંજુલ કાવ્યબાનીનો પરિચય થાય છે. મુકુન્દભાઈએ યશોદાયી વ્યક્તિચિત્રોનાં સંગ્રહો આપ્યા છે. 'સત્યકથા' : 1, 2, 3, 'સત્ત્વશીલ', 'મારાં મોટીબા અને બીજી સત્યકથાઓ' તથા 'મારી મા' જેવાં વ્યક્તિચરિત્રોમાં ઉદાત્ત જીવનદૃષ્ટિ, વૈવિધ્યપૂર્ણ, પ્રભાવક ઘટનાઓનું રસમય આલેખન જોવા મળે છે. સરળ, પારદર્શક તેમજ પ્રાસાદિક ગદ્ય એ પારાશર્યને ઉત્તમ ગદ્યકાર તરીકે પ્રસ્થાપિત કરે છે.

'કંઠ ચાતકનો અને પ્રાણ બપૈયાનો' પદસંગ્રહને 'ગુજરાતી સાહિત્ય પરિષદ'નું, 'સત્યકથા : 1' તેમજ 'મારાં મોટી બા અને બીજી સત્યકથાઓ'ને ગુજરાતી સાહિત્ય અકાદમીનાં પારિતોષિક પ્રાપ્ત થયાં છે. 'સત્ત્વશીલ'ને 1978નો નર્મદ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયેલો છે.

સામાન્ય શિક્ષકપદથી ભાવનગર રાજ્યના દીવાનપદ સુધીની પ્રભાશંકર પટ્ટણીની વિકાસગાથાનો ગરવો-નમૂનેદાર આલેખ સુચારુ ઢબે લેખકે રજૂ કર્યો છે. તેમના સ્નેહ-સૌજન્ય, સહૃદયતા-નિઃસ્પૃહતા, દૃઢતા-કોમળતા, ત્યાગ-સેવાતત્પરતા, નિરાભિમાનતા-પરહિતપરાયણતા વગેરે ગુણો વડે સૌનું દિલ જીતનારા પ્રભાશંકર પ્રજાજનો-રાજવીઓ, સમાજ-સરકાર, મહારાજા અને ગાંધીજીને પણ ટાણે સાચી સલાહ આપનાર વિરલ રાજપુરુષ હતા. સત્તા-સંપત્તિ-પદ-કીર્તિને ઠોકર મારી, સત્ય-સંયમ અને વફાદારીનો આચારધર્મ શીખવનાર આ શીલવંત સાધુનું આખું ચરિત્ર વાંચવાની અભીપ્સા આ ચરિત્રલેખ જગાડે છે. લેખકની સ્પષ્ટ-પારદર્શક, સહજ-સરળશૈલી અત્યંત ધ્યાનાકર્ષક બની રહી છે.

13 મા'ત્માના માણસ

ધીરુબહેન પટેલ

(જન્મ : 29-5-1926)

ટૂંકી વાર્તા, નવલકથા અને એકાંકી ક્ષેત્રે યશસ્વી પ્રદાન કરનાર ધીરુબહેન ગોરધનભાઈ પટેલનો જન્મ વડોદરામાં થયો હતો. 'અધૂરો કોલ', 'એક લહર', 'વિશ્રંભકથા' અને 'જાવલ' એમના ટૂંકી વાર્તાના સંગ્રહો છે. 'વડવાનલ', 'શીમળાનાં ફૂલ', 'વાવંટોળ', 'વમળ', 'કાદંબરીની મા', 'સંશયબીજ' એમની નવલકથાઓ છે. 'વાંસનો અંકુર', આંધળી ગલી', 'આગંતુક' અને 'અનુસંધાન' તેમની લઘુનવલકથાઓ છે. 'પરદુઃખભંજન પેસ્તનજી', 'ગગનનાં લગન' તેમનાં હાસ્યરસનાં પુસ્તકો છે. 'પહેલું ઈનામ', 'પંખીનો માળો' અને 'વિનાશને પંથે' તેમના નાટ્યના સંગ્રહો છે. 'મનનો માનેલો' અને 'માયાપુરુષ' એ બે સંગ્રહો રેડિયોનાટિકાનાં છે. ધીરુબહેને 'ભવની ભવાઈ' ફિલ્મનું પટકથાલેખન પણ કર્યું છે. 'નમણી નાગરવેલ' એમનો એકાંકી સંગ્રહ છે. 'બતકનું બચ્ચું', 'અંડેરીગંડેરી ટીપરીટેન' તેમજ 'મિત્રાનાં જોડકણાં' તેમનાં બાળસાહિત્યનાં પુસ્તકો છે.

રણજિતરામ સુવર્ણચંદ્રક તેમજ 'આગંતુક' નવલકથાને સાહિત્ય અકાદમી દિલ્લીનો એવૉર્ડ એનાયત થયા છે.

ગાંધીના માણસો—સત્યાગ્રહીઓ જેલમાં જતાં બાહ્યાંતર રીતે કેવા રૂપાંતરણ પામે છે તેનો ઉત્તમ નમૂનો નવલિકા નાયક મણિભાઈ છે. ઓછા-અધૂરા અભ્યાસે જેલસાથીઓની સાચી શીખ-સંગતે ખુદને પણ શંકા જાગે તેટલું પરિવર્તન મણિભાઈમાં થયું છે. અડબોથનો જવાબ અહિંસાથી આપવાની વાત તેના ગળે ઝટ ઊતરતી નહોતી, કિંતુ જેલમાંથી છૂટીને ઘરે જતાં પતિવ્રતા પત્ની હીરાને ખાદી વેશે જોતાં - 'જ્યાં તમે ત્યાં હું' સાંભળતાં જ તે આભો બની જાય છે. નાયકની ગાંધીનિષ્ઠા અને નાયિકાની પતિનિષ્ઠાના દ્વૈતમાંથી રચાતો એકનિષ્ઠ-અદ્વૈતભાવ એ 'વાર્તા વિશેષ' છે. જેલ-જીવનની રાજકીય પરેશાની અને કુટુંબજીવનની સામાજિક વિટંબણાઓ વચ્ચે સ્વસ્થ-તટસ્થ રહીને ભારતમાતાની આઝાદી માટે મથતા-મરતા સ્વાતંત્ર્યવીરોની ઝાંખી આ નવલિકા કરાવે છે.

14 છેલ્લું દર્શન (આસ્વાદ)

જયંત કોઠારી

(જન્મ : 28-1-1930; અવસાન : 1-4-2000)

ગુજરાતી ભાષાસાહિત્યના સંશોધક અને વિવેચક શ્રી જયંતભાઈ સુખલાલ કોઠારીનો જન્મ રાજકોટ (સૌરાષ્ટ્ર)માં થયો હતો. બી.એ.માં ગુજરાતી-સંસ્કૃત વિષયો સાથે પ્રથમ વર્ગ મેળવ્યો તેમજ એમ.એ.માં પ્રથમ વર્ગ પ્રાપ્ત કર્યો. અમદાવાદની ગુજરાત લૉ સોસાયટીની કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે કાર્યશીલ રહ્યા. 'ભારતીય કાવ્યસિદ્ધાંત' અને 'પ્લેટો-ઍરિસ્ટોટલની કાવ્યવિચારણા', 'ઉપક્રમ', 'અનુક્રમ' એ એમના સ્વાધ્યાય તેમજ તાત્ત્વિક, ચિકિત્સક દૃષ્ટિનાં દ્યોતક પ્રકાશનો છે. ઉત્તમ ભાવકની સહૃદયતા તેમજ નિર્ભીક તત્ત્વદર્શન 'વિવેચનનું વિવેચન'માં જોવા મળે છે. સાહિત્ય સ્વરૂપો અંગેના લેખો 'વ્યાસંગ'માં તેમજ સિદ્ધાંતચર્ચાના લેખો 'અનુષંગ'માં જોવા મળે છે. 'સાહિત્યિક તથ્યોની માવજત'ને ગુજરાતી સાહિત્ય પરિષદનું પારિતોષિક મળ્યું છે. વિવેચન ઉપરાંત 'સુદામાચરિત્ર', 'નિબંધ', 'ટૂંકીવાર્તા', 'એકાંકી' અંગેનાં સુંદર સંપાદનો તેમણે આપ્યાં છે.

'આસ્વાદ અષ્ટાદશી' એ જુદાં જુદાં કાવ્યો પરના આસ્વાદ-વિવેચનનું જયંતભાઈ કોઠારીનું નોંધપાત્ર પુસ્તક છે. ખાસ તો ભારતીય કાવ્યસિદ્ધાંતોને આધારે કાવ્યકૃતિની તેમણે કરેલી તપાસના સંદર્ભમાં. એમાંથી રા. વિ. પાઠકના 'છેલ્લું દર્શન' સૉનેટનો આસ્વાદલેખ અહીં લીધો છે.

કવિ રા. વિ. પાઠકે પ્રથમ પત્નીના અવસાન નિમિત્તે રચેલા પ્રસ્તુત મૃત્યુવિષયક સૉનેટમાં આંખને અશ્રુ ન વહાવી હવે પછી પત્નીનું દર્શન અલભ્ય છે તે કરી લેવા વિનવે છે અને માંગલ્યની સામગ્રી ધરાવવાનું કહી; ધમાલ ન કરવા જણાવી એનાં સૌંદર્યને અખંડિત રાખવા જણાવે છે. જે સ્થાન એમના હૃદયમાં અંકાયું છે તે કદી કોઈ લઈ શકે તેમ નથી. અગ્નિની સાક્ષીએ મળ્યાં હતાં તેવી રીતે અગ્નિની સાક્ષીએ છૂટાં પડવાની આ ઘટનાને વિશેષ મંગલમય ગણાવે છે. આમ, આ સૉનેટમાં મૃત્યુ જેવી દુઃખદ ઘટનાને પણ મંગલમય બનાવીને રજૂ કરી છે.

15 જુઓ

શ્યામ સાધુ

(જન્મ : 15-06-1941; અવસાન : 12-2001)

શ્યામ સાધુનું મૂળ નામ શામળદાસ મૂળદાસ સોલંકી. વતન જૂનાગઢ. તેઓએ મૅટ્રિક સુધી અભ્યાસ કરેલો. સાવ અલગારી જેવું જીવન જીવનારા શ્યામ સાધુએ પોતાનું આખું જીવન કાવ્ય-પદાર્થની ખેવના કરવામાં જ વિતાવી દીધું. તેમણે મુખ્યત્વે ગઝલ સર્જન કર્યું. 'યાયાવરી' તેમનો પ્રથમ ગઝલસંગ્રહ છે, જે છેક ઓગણીસમો બોત્તેરમાં બહાર પડેલો ત્યારે આ યુવાકવિ પ્રત્યે સાહિત્યકારોનું ધ્યાન ખેંચાયેલું. આ ઉપરાંત 'થોડાં બીજાં ઇન્દ્રધનુષ્ય' અને 'આત્મકથાનાં પાનાં'માં કવિ-સર્જક તરીકેની તેમની મુદ્રાઓ ઊપસી આવેલી. ગઝલસર્જક તરીકે તેઓ સદાય યાદ રહેશે. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા સંજુ વાળા સંપાદિત તેમનું સમગ્ર કાવ્યસર્જન 'ઘર સામે સરોવર' નામે પ્રકાશિત થયું છે.

'પથ્થરો બોલે તો' નવ્ય રીતિની એક સરસ ગઝલ છે. જેના પ્રથમ શેરમાં અશક્યતાની શક્યતા ચકાસી જોવાનું સૂચન છે. જ્યારે બીજા શેરમાં, સહજ રીતે આવી મળવું તો સહેલું છે; પરંતુ ડાળ ફેલાવી કોઈને માટે છાયારૂપ બનવું મુશ્કેલ છે, એ કરી જોવાની હાકલ છે. ત્રીજામાં આ નગર અથવા તો માનવમેળો બાળક સમો અબુધ છે; એને કોઈ પણ લલચાવી શકે એવો મર્મ છે. ચોથામાં સમયની ધીમી પણ એકધારી ગતિને ઊલટાવવાની અસંભવિતતા આલેખવાનો પ્રયાસ છે. જ્યારે છેલ્લા શેરમાં આ સંસારના જડ, યાંત્રિક સંબંધોની આસાની વિરુદ્ધ કોઈ આંખોમાં ચિતરાવી જોવાની આવશ્યક દુષ્કરતા વ્યંજિત થઈ છે.

16 સેલ્વી પંકજમ્

ઈવા ડેવ

(જન્મ : 5-3-1931; અવસાન : 27-9-2009)

'ઈવા ડેવ' ઉપનામ ધરાવતા લેખક પ્રફુલ્લ નંદશંકર દવેનો જન્મ વડોદરામાં થયો હતો. તેઓ વાર્તાકાર તેમજ નવલકથાકાર તરીકે જાણીતા છે. 'આગંતુક', 'તરંગિણીનું સ્વપ્ન', 'તહોમતદાર' તેમના ટૂંકીવાર્તાના સંગ્રહો છે. તેમણે 'ઈસુના ચરણે' નામની લઘુનવલ પણ આપી છે. પરંપરા કે પ્રયોગ એવું કશું નામ પાડ્યા વિના એમણે પોતાની સર્જકતાને વિકસાવેલી. આકર્ષક ચરિત્ર-ચિત્રણ, સુરેખ વર્ણનકળા, સંવેદનને સહજ રીતે ભાષારૂપ આપવાની અનેરી રીત તેમના સાહિત્યના વિશેષો ગણાવી શકાય.

માણસનો જન્મ અને ઉછેર તો કુદરતને આધીન છે પણ સંસ્કાર અને શાલીનતા વ્યક્તિ પોતે પોતાની રીતે ઘડી શકતી હોય છે. આ વાર્તામાં લેખકે આ જીવન રહસ્યને સ્ફૂરાવી રહે એવાં વિષયવસ્તુ અને ચરિત્રોનું પ્રભાવક નિરૂપણ કર્યું છે. જન્મ, પ્રદેશ, કુળ કે નાતજાતનાં બંધનોથી પર એવું ગુણસંપન્ન અને આકર્ષક વ્યક્તિત્વ કેવી રીતે ખીલવી શકાય તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આ વાર્તા છે. કૃતિનાં કેન્દ્રવર્તી ચરિત્રોનાં મિલન, મુલાકાત, વાર્તાલાપ અને રહસ્યસ્ફોટ પર્યંત જળવાતી જિજ્ઞાસાને પોષવામાં, ચરિત્રચિત્તના વ્યાપારોના સૂક્ષ્મ આલેખનમાં, સ્થળવિશેષના વાતાવરણનાં ઝીણવટભર્યાં નિરીક્ષણચિત્રોમાં તેમજ લેખકની ચિત્રાત્મક લેખનશૈલીમાં આપણને એમની કળાસૂઝનો સહજ રીતે પરિચય થાય છે.

17 પથ્થર થરથર ધ્રૂજે

નિરંજન ભગત

(જન્મ : ઈ.સ. 1926)

નિરંજન નરહરિ ભગત અમદાવાદના વતની છે. વ્યવસાયે તેઓ અધ્યાપક હતા. હાલ અમદાવાદમાં નિવૃત્ત જીવન ગાળે છે. ગુજરાતી અને અંગ્રેજી ભાષાસાહિત્યના વિદ્વાન સર્જક સ્વાતંત્ર્યોત્તરકાળના મોટા કવિ છે. 'છંદોલય', 'કિન્નરી', 'અલ્પવિરામ', '33 કાવ્યો' વગેરે સંગ્રહો દ્વારા પ્રગટ થયેલાં તેમનાં બધાં કાવ્યો 'છંદોલય બૃહત્' ગ્રંથમાં સંગ્રહાયાં છે. 'પ્રવાલદ્વીપ'નાં કાવ્યો દ્વારા નગરજીવનની પશ્ચાદ્‌ભૂમિકામાં આધુનિક માનવીની સંવેદનાને ગુજરાતી કવિતામાં સૌપ્રથમ તેમણે પ્રગટ કરી છે. માનવતાપ્રેમી આ કવિએ ગુજરાતી તેમજ અંગ્રેજી સાહિત્ય વિશે અભ્યાસપૂર્ણ વિવેચનકાર્ય પણ કર્યું છે.

આ ગીતમાં કવિએ આ દુનિયાના ન્યાય તોળનારા કહેવાતા 'ડાહ્યા' જનોનો જાણે માર્મિક ભાષામાં ન્યાય તોળ્યો છે ! પથ્થર જેવું કઠોર તત્ત્વ પણ જ્યાં ધ્રૂજી ઊઠે ત્યાં માણસ કલ્લોલે કૂજે એ તે કેવું ? અનેક નાનાંમોટાં પાપ કરનારા માણસો અન્ય પાપીને માટે ''તેને પથ્થર મારીને મારી નાખો'' – એવો ન્યાય તોળે અને તે પણ નિરાંતે, ઠંડે કલેજે – એ તે કેવું ? પણ એક ઓલિયો જેને હસીને જ બોલવાની ટેવ – (કવિએ આડકતરી રીતે અહીં સંતની વ્યાખ્યા આપી છે કે સંત તે કે જે હસીને બોલતો હોય અર્થાત્ જે નિત્ય સ્વસ્થ, શાંત અને આનંદમગ્ન હોય.) – તેણે લોકોની ન્યાયપદ્ધતિનો ભોગ બનનારી દુર્ભાગી અબળાને દક્ષતાથી ઉગારી લીધી અને કવિએ તે ઓલિયાનું, ઈસુ ખ્રિસ્તનું વચન પોતાની કવિતામાં ગોઠવ્યું કે ''જેણે પાપ કર્યું ના એકે, તે પથ્થર પહેલો ફેંકે !'' આ પંક્તિ અંતરખોજની પ્રેરણા આપે છે.

18 આંસુભીનો ઉજાસ

દિલીપ રાણપુરા

(જન્મ : 14 - 11 - 1932; અવસાન : 16 - 7 - 2003)

નવલિકા તેમજ નવલકથા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર દિલીપ નાગજીભાઈ રાણપુરાનો જન્મ તેમના વતન ધંધૂકામાં થયો હતો. તેમણે આજીવન શિક્ષક અને આચાર્ય તરીકે પોતાની સેવાઓ આપી હતી. 'સૂકી ધરતી, સૂકા હોઠ', 'આંસુભીનો ઉજાસ', 'મીરાંની રહી મહેક', 'આ કાંઠે તરસ', 'પીઠે પાંગર્યો પીપળો', 'ઊંડા ચીલા' અને 'મને પૂછશો નહીં' તેમની પ્રશસ્ય નવલકથાઓ છે. 'રાતોરાત', 'સરનામું' અને 'મારી શ્રેષ્ઠ વાર્તાઓ' તેમના નવલિકા ગ્રંથો છે. 'લાગણીનાં ફૂલ', 'છવિ' તથા 'સુગંધ સંબંધોની' તેમના રેખાચિત્રના સંગ્રહો છે. 'વાત એક માણસની'માં ચરિત્ર નિબંધો છે. 'આ ભવની ઓળખ', 'દીવા તળે ઓછાયા', 'ભીતર ભીતર' તેમજ 'શિક્ષક કથાઓ'માં સંસ્મરણોની અનુભવ કથાઓ છે. ભાવવાહી અને ચિત્રાત્મક શૈલીના આલેખનને કારણે એમનાં લખાણો આસ્વાદ્ય છે. ભાષાની સહજ-સરળ છતાં સૂક્ષ્મ-વેધક સંવેદનની અભિવ્યક્તિ એમના ગદ્યની વિશેષતા છે. પત્રકારત્વક્ષેત્રે પણ એમનું પ્રદાન ગુણવત્તાસભર રહ્યું છે. તેમને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર તેમજ વિવિધ સાહિત્યિક સન્માનો પ્રાપ્ત થયાં છે.

નવલકથાના નાયક દેવરાજનું ભગવાનજીભાઈના આગ્રહથી 'વસુધા'ના અભ્યાસ મારફતે જે પરિવર્તન–જીવન ઘડતર થાય છે તે સમગ્રભારતી ગ્રામ જીવનને પૂરક-પોષક કેળવણીનો મહામૂલો આદર્શ સંદેશ છે. કેટલીકવાર માબાપની વાજબી ખફગી-નારાજગી વહોરીને પણ - જો જીવનધ્યેય દીવા જેવું સ્પષ્ટ હોય તો કેવું અદ્‌ભુત–આસ્વાદ્ય પરિણામ વ્યક્તિ-સમાજ એને રાષ્ટ્ર જીવન માટે મળે છે તેનો હાથવગો નમૂનો દેવરાજ છે. તદ્દન ગામડાંના ભલાંભોળાં માનવીઓ, તેની સહજ - કાલી ઘેલી ભાષા - ભાવોર્મિઓ અને ઊંડીને આંખે વળગે એવી મૂલ્યલક્ષિતા આ નવલકથા ખંડ- નવલકથાની ચિરંજીવી વિશેષતાઓ છે. આખરે 'સ્વ'ને સ્થાને 'સર્વ' માટે ઝઝૂમનારાઓના જીવનમાં હંમેશાં ઉજાસનાં આંસુ અર્થાત્ આંસુનો જ ઉજાસ હોય છે. આપણી પ્રત્યેક શાળા 'વસુધા' બને તો ચોક્કસ આપણો દરેક બાળક 'દેવરાજ' બનવા સક્ષમ છે.'' જે આ નવલકથાખંડનો અમર–આગવો સંદેશ છે.

19 ઈશ્વર સર્વવ્યાપી

આનંદશંકર ધ્રુવ

(જન્મ : ઈ. સ. 1859; અવસાન : ઈ. સ. 1942)

સમર્થ સાક્ષર આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવનું વતન અમદાવાદ. તેઓ સાહિત્યમીમાંસક, તત્ત્વચિંતક અને ગદ્યકાર તરીકે જાણીતા છે. તેઓ બનારસ હિન્દુ યુનિવર્સિટીના ઉપકુલપતિપદે હતા. ત્યાં તેમને 'ડૉક્ટર ઑફ લિટરેચર'ની પદવી એનાયત થઈ હતી. તેઓ 'સુદર્શન' અને 'વસંત' સામયિકોના તંત્રીપદે પણ હતા. 'સાહિત્યવિચાર' અને 'કાવ્યતત્ત્વવિચાર' તેમના સાહિત્યમીમાંસાના ગ્રંથો છે. 'દિગ્દર્શન', 'વિચારમાધુરી', 'આપણો ધર્મ' અને 'હિન્દુ વેદધર્મ' ગ્રંથોમાં તેમણે ધર્મ અને તેના સિદ્ધાંતોની ચર્ચા કરી છે. 'ધર્મવર્ણનો' જગતના ધર્મો વિશેનો તેમનો ગ્રંથ છે. 'હિન્દુધર્મની બાળપોથી' અને 'નીતિશિક્ષણ'માં પણ તેમણે ધર્મ અંગેની તાત્ત્વિક છતાં સરળ ભાષામાં ચર્ચા કરી છે. 'શ્રીભાષ્ય' અને 'સુદર્શન ગ્રંથાવલિ' તેમનાં સંપાદનો છે. ઊંડું મનન, ચિંતન અને વિષયની વિગતવાર ચર્ચા, પ્રૌઢ છતાં પ્રસન્ન શૈલી તેમના ગદ્યનાં મુખ્ય લક્ષણો છે.

આનંદશંકર ધ્રુવના આ ચિંતનાત્મક નિબંધમાં ઈશ્વરના ગહન સ્વરૂપ અને તેની સર્વવ્યાપકતાનો સુંદર-સયુક્તિક ઉઘાડ થયો છે. સચરાચર સૃષ્ટિમાં વ્યાપેલા સર્જનહારને નિબંધકારે પૌરાણિક કથા-દૃષ્ટાંત દ્વારા ગુરુ-શિષ્યના અદ્‌ભુત સંપાદાત્મક માધ્યમ થકી સહજ-સરળ રીતે સમજાવવામાં સફળતા હાંસલ કરી છે. જડ-ચેતન જે કાંઈ દેખાય છે તે સઘળું એનું જ બનેલું છે અને એણે જ બનાવેલું છે. એ દેખાતો નથી તેથી 'તે નથી-ગેરહાજર છે' એમ માનવું ભૂલભરેલું છે. જેમ દૂધમાં સાકર અને સમુદ્રજળમાં મીઠું છે તે અદૃશ્ય છે, કિંતુ અનુભવગમ્ય છે. બસ એમ જ ઈશ્વર અત્ર-તત્ર-સર્વત્ર બિરાજમાન છે.

20 બા એકલાં જીવે...

મૂકેશ જોશી

(જન્મ : 2-10-1964)

કાવ્યક્ષેત્રે નિજી કેડી કંડારનાર કવિ મૂકેશ દુર્ગેશભાઈ જોશીનો જન્મ વડાલી-ઈડર (જિ. સાબરકાંઠા) ખાતે થયો છે. અભ્યાસ મોડાસાની સર્વોદય હાઈસ્કૂલમાં કર્યો છે. ડિપ્લોમા સિવિલ એન્જિનિયર તેમજ એમ.એ. જેવી શૈક્ષણિક ઉપાધિઓ ધરાવે છે. 'કાગળને પ્રથમ તિલક', 'ત્રાણ' તેમજ 'બે પંક્તિના ઘરમાં' એમના નોંધપાત્ર કાવ્ય સંગ્રહો છે. 'જળ અભિષેક', 'આંતરયાત્રા', 'એક સાંવરિયો બીજો બાવરિયો', 'રૂપિયાની રાણી ને ડોલરિયો રાજા' એમનાં નાટકો છે. એમને શયદા એવૉર્ડ, જયન્ત પાઠક એવૉર્ડ-સુરત, ગુજરાત સાહિત્ય અકાદમી એવૉર્ડ તેમજ હરીન્દ્ર દવે એવૉર્ડ (2010) પ્રાપ્ત થયા છે. વિષયવસ્તુની પસંદગીથી લઈને એની અભિવ્યક્તિની ભાવસઘન ભાષાને લઈને એમની કવિતાએ સૌનું ધ્યાન ખેંચ્યું છે.

બે પેઢી વચ્ચે ભૌતિક અને માનસિક અંતર વધતું જાય છે અને આ સમય જૂની પેઢીને ખાલીપો આપી જાય છે તેમજ નવી પેઢીને સંબંધોની મીઠાશથી દૂર કરતો જાય છે. વેકેશનમાં મળતા અને વ્હાલથી મલકાતા સગાસંબંધીઓ હવે મળવાનું ટાળે છે. માત્ર પોતાના નાનકડા કુટુંબ તરફ ધ્યાન આપીને મોટા આનંદથી વંચિત થતા જાય છે. વેકેશનની રાહ એનાં બાળકો કરતાં વતનમાં રહેતા એમના વડીલો વધારે જોતા હોય છે, કારણ કે આખા વર્ષની એકલતા દૂર થવાના દિવસો નજીક આવતા દેખાય છે અને જ્યાં આવનારની વાટ જોવાતી હોય ત્યારે ફોન આવે છે કે આ વેકેશનમાં અમે બહારગામ ફરવા જવાનાં છીએ એથી અવાશે નહિ ! ત્યારે એકલતા બમણા જોરથી હુમલો કરે છે, જીવવું કપરું બની જાય છે. આવાં અનેક બા અને દાદા આપણાં ગામડાંમાં વસે છે, જેમનાં દીકરા-દીકરીઓ દૂરદૂર શહેરોમાં જઈને વસ્યાં છે. શહેરીજનો જ્યારે આ વ્યથાને સમજશે ત્યારેજ કદાચ એનો સુખદ અંત આવી શકે !

21 અનુરુદ્ધનો ગૃહત્યાગ

ડૉ. હરિવલ્લભ ભાયાણી

(જન્મ : ઈ.સ. 1917; અવસાન : ઈ.સ. 2000)

ડૉ. હરિવલ્લભ ભાયાણીનું વતન મહુવા (સૌરાષ્ટ્ર) છે તેમણે તેઓ અપભ્રંશ અને પ્રાકૃત ભાષાના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા વિદ્વાન છે. અપભ્રંશ અને પ્રાકૃત ભાષાઓની અનેક પ્રશિષ્ટ કૃતિઓનાં સંપાદનો કર્યાં છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની કૃતિઓના તેમણે કરેલાં સંપાદનો ભાષાશાસ્ત્ર અને લોકશાસ્ત્રની આધુનિક શાસ્ત્રીય દૃષ્ટિનાં ઉત્તમ પરિણામો છે. ભાષાશાસ્ત્ર, વ્યાકરણ અને મીમાંસાને લગતા ઉત્તમ ગ્રંથો ગુજરાતી ભાષાસાહિત્યને એમણે આપ્યા છે. તેમણે એવાં ઉત્તમ સંપાદનો ઉપરાંત ''પ્રપા''માં સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ કાવ્યના અનુવાદો આપ્યા છે અને ''કમળના તંતુ''માં પ્રાચીન કથાનકોને આસ્વાદ્ય વાર્તાના રૂપમાં આલેખ્યાં છે.

પ્રાચીન અને મધ્યકાલીન કથાનકો પણ લોકકથાની જેમ આજની ટૂંકીવાર્તા માટે અખૂટ સામગ્રી પૂરી પાડી શકે છે તેનું દૃષ્ટાંત ''કમળના તંતુ'' છે. અનુરુદ્ધ ભગવાન ગૌતમ બુદ્ધના કુળનો શાક્ય રાજકુમાર છે. તેની પ્રવ્રજ્યાની આ કથા કુળમદલોપના મૂળનો ઇતિહાસ કેટલો પ્રાચીન છે તે પુરવાર કરે છે. જિંદગીમાં જેણે 'નથી' એવો શબ્દ ક્યારેય સાંભળ્યો પણ નથી અને બિરંજ જે પાત્રમાં રંધાય છે તેમાં જ પેદા થાય છે એવું અનુમાન કરે છે તે રાજકુમાર ઉપાલિને પ્રથમ દીક્ષા આપવાનું કારણ દર્શાવે છે તે જુઓ ! બુદ્ધના સમયનું અને શાક્ય રાજકુમારોની મનઃસ્થિતિનું નિરૂપણ લેખકે રોચક, સાદી, સરળ અને નિરાડંબરી શૈલીમાં કર્યું છે.

22 ભાણી

ઇન્દુલાલ ગાંધી

(જન્મ : 9-12-1905; અવસાન : 10-1-1986)

ઇન્દુલાલ ફુલચંદ ગાંધી ત્રીસીના આપણા એક ઉલ્લેખપાત્ર કવિ છે. તેઓ મકનસર (મોરબી)ના વતની હતા. એમણે ગીતો, કથાકાવ્યો, સૉનેટો આપ્યાં છે. ઇન્ટર આર્ટ્સ સુધી અભ્યાસ કર્યા પછી તેમણે પત્રકારત્વક્ષેત્રે ખેડાણ કર્યું હતું. તેમણે આકાશવાણીમાં પોતાની સેવાઓ આપી. કેટલાક સામયિક-સંપાદનો પણ કર્યા. 'તેજરેખા, 'જીવનનાં જળ', 'ખંડિત મૂર્તિઓ', 'શતદલ', 'ગોરસી,' 'ઇંધણાં', 'ઉન્મેષ' એમનાં કાવ્યસંગ્રહો છે.

'ભાણી' કથા કાવ્ય છે. કંગાળ દરિદ્ર કન્યાની કરુણા ઉપજાવે એવી સ્થિતિનું વર્ણન કરીને, સમાજની વિષમ સ્થિતિનું કવિએ વેધક વર્ણન કર્યું છે.

23 સમતા અને બંધુતાના પથદર્શક...

કિશોર મકવાણા

(જન્મ : 1-6-1967)

ડૉ. બાબાસાહેબ આંબેડકર અને સ્વામી વિવેકાનદંના જીવન-કવનના ઊંડા અભ્યાસી, કર્મઠ પત્રકાર શ્રી કિશોર મકવાણાનો જન્મ ધોળકામાં થયો હતો. તેમણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ વતન ધોળકામાં લીધું. ઉચ્ચ અભ્યાસ અમદાવાદમાં કર્યો. એમણે ઘણાં પુસ્તકો લખવા ઉપરાંત કેટલાંક સંપાદનો પણ કર્યાં છે. 'સ્વામી વિવેકાનંદ', 'સામાજિક ક્રાંતિના મહાનાયક : ડૉ. બાબાસાહેબ આંબેડકર', 'સમર નહિ, સમરસતા', 'સ્વભિમાનનાં તીર્થસ્થાનો', 'રમણ મહર્ષિ', 'મળવા જેવા માણસ' - એ એમનાં પુસ્તકો તેમની અભ્યાસપૂર્ણ, પ્રમાણભૂત તેમજ સરળ લેખનશૈલીનાં પરિચાપક છે. એમને અનેક પુરસ્કારો મળ્યા છે. 'સ્વામી તિલક પુરસ્કાર' તેમજ 'પં. પ્રતાપનારાયણ મિશ્ર સ્મૃતિ પુરસ્કાર' એમાં મુખ્ય છે.

વીસમી સદીના ભારતવર્ષના મહાન રાષ્ટ્રપુરુષો પૈકીના એક તે બાબાસાહેબ આંબેડકર. 'જન્મના જાયતે શુદ્રાः સંસ્કારગત્ દ્વિજ ઉચ્ચયતે' આ સંસ્કૃતિકંડિકાને બાબાસાહેબે સમગ્રપણે પોતાના જીવનમાં ચરિતાર્થ કરી અને એ દિશામાં અનેકો માટે મુક્તિના દ્વાર ખોલી આપ્યાં છે. કઠોર પુરુષાર્થ, તીવ્ર જિજ્ઞાસા, વેધક વક્તૃત્વકળા એ બંધારણ ઘડવૈયા બાબાસાહેબની અપ્રતીમ વિશેષતાઓ રહી છે. પીડિત-શોષિત માનવજાતના ચિત્કારમાંથી જન્મેલી અપાર અનુકંપા, સમાજનિષ્ઠા અને રાષ્ટ્રનિષ્ઠાના ત્રિવેણીતીર્થ બાબાસાહેબને એકવીસમી સદીના ભાવિ નાગરિકો માટે બંધુતા, સમતા અને સમરસતાનો સુયોગ રચીને નિબંધકારે ગુજરાતી પ્રજાને પ્રેમના તાંતણે બાંધી આપી છે. બાબાસાહેબનાં ગુરુભક્તિ, અભ્યાસનિષ્ઠા અને સત્યાગ્રહો સદીઓ સુધી અવિસ્મરણીય-કાર્યસાધક રહેશે-જે નિઃશંક છે.

24 શરત

એન્ટવ ચેખોવ

(જન્મ : 27-1-1860; અવસાન : 15-7-1904)

એન્ટન પાવલોવીયા ચેખોવ રશિયાના ખ્યાતનામ વાર્તાકાર તેમજ નાટ્યકાર હતા. તેમનો વ્યવસાય ડૉક્ટર (તબીબ)નો હતો. મોસ્કો સ્ટેટ મેડિકલ યુનિ. દ્વારા તબીબી ઉપાધિ પ્રાપ્ત કરી હતી. માત્ર રશિયામાં જ નહિ, પણ વિશ્વમાં તેમની વાર્તાઓ વાચકો ને વિવેચકો દ્વારા પુરસ્કૃત થઈ છે. રશિયાના આ આધુનિક વાર્તાકારને પુસ્કિન એવૉર્ડ પ્રાપ્ત થયો હતો. 'ધ સીગલ', 'ધ એરી ઓરયાર્ડ' એમનાં વિશ્વવિખ્યાત નાટકો છે.

જેને આપણે હૃદય કે અંતરાત્મા કહીએ છીએ એને પોતાનો સ્વ-ભાવ છે. મનુષ્યને જેમ જેમ જગતનો અનુભવ થાય છે તેમ તેમ ધન, સત્તા, કીર્તિ, વાસના, અહંકાર એને વળગતું જાય છે ને હૃદય એનો સ્વ-ભાવ ગુમાવે છે. ઉત્તમ સત્યો એવું ઔષધ છે જેનાથી હૃદય કે અંતરાત્માનું આપણું સ્વાભાવિક તેજ આપણને પાછું મળે છે.

એન્ટન ચેખોવની આ જાણીતી વાર્તા છે. વીસ લાખનું ઈનામ જેને મળવાનું છે એવો યુવાન વકીલ પંદર વર્ષ જેલમાં રહ્યા પછી પુસ્તકો, ગ્રંથોના સેવનથી અલૌકિક ભાવ-જગતનો સ્વામી બને છે ને લૌકિક ધન લાલસાને ઠોકર મારે છે. લેખકે અહીં કળાની સાથે જીવન મૂલ્યને પ્રગટ કર્યું છે. મૂળ વાર્તા 'The bet'નો 'શરત' નામે અનુવાદ ડૉ. રમેશ ઓઝાએ કર્યો છે.

કાવ્ય-કંડિકાઓ

પરમેશ્વર તો પહેલું પૂછશે કોઈનું સુખ-દુઃખ પૂછ્યું 'તું ? દર્દભરી દુનિયામાં જઈને કોઈનું આંસુ લૂછ્યું' તું ?

કબૂતરોનું ઘુ ઘુ ઘુ

– મીનપિયાસી

બસ એટલી સમજ મને પરવરદિગાર દે,

સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે.

– 'મરીઝ'

નથી કમાયા કૈં જીવનની એ કમાઈ છે :

અમારે મન મૂડી અમારી માણસાઈ છે.

– અમૃત ઘાયલ

આપણાં બે મહાકાવ્યો રામાયણ અને મહાભારતનો જોટો આખી દુનિયાના કાવ્યસાહિત્યમાં શોધી વળીએ તોય જડે એમ નથી. એ બે કાવ્યોના ઉદ્‌ભવ માટે જે કથા છે તે વાલ્મીકિને રામાયણ રચવાનું પ્રથમ દર્શન થયું ત્યારે તેના અંતઃકરણમાંથી આ શ્લોકનો આપોઆપ આવિર્ભાવ થયો હતો.

मा निषाद प्रतिष्ठां त्वं अगमः शाश्वतीसमा ।

यत्क्रौंचुमिथुनादेकं अवधिः काममोहितम् ॥

આખાય રામાયણ વૃક્ષના બીજરૂપે આ શ્લોક રોપાયો, પોષાયો અને એ ભવ્ય વૃક્ષ ફાલી નીકળ્યું.

– વિઠ્ઠલરાય આવસથી

કાવ્ય-કંડિકાઓ

હારી ગયાનું એટલે તો દુઃખ નથી મને,

જીતી ગયા જે દાવ એ કંઈ પારકા નથી

– બરકત વિરાણી 'બેફામ'

શમે ના વેરથી વેર, ટળે ના પાપ પાપથી;

ઔષધ સર્વ દુઃખોનું મૈત્રીભાવ સનાતન.

– સ્નેહરશ્મિ

મારી નાની-મોટી નિર્બળતાઓ જોઈ હું હતાશા નહિ બનું. બીજાઓ કરતાં ચડિયાતી શક્તિ જોઈ ગર્વ નહિ કરું. મારી નિર્બળતાને દૂર કરવા પ્રયત્નશીલ રહીશ. સુખના દિવસોમાં મારી પોતાની જ આસપાસ સ્વાર્થની દીવાલ નહિ ચણું. જગત મને જે કંઈ આપે તે કૃતજ્ઞભાવે ગ્રહણ કરીશ અને સાંજે મારી જાતને પૂછીશ : 'આજે તેં કોઈને આનંદનો કણ આપ્યો છે કે નહિ ?'

(નંદીગ્રામ)

– મકરંદ દવે

''ચાલો આપણે ભૂલી જઈએ કે 'હું હિંદુ છું... તું મુસ્લિમ', અથવા 'હું ગુજરાતી છું... તું મદ્રાસી'. ચાલો આપણે 'હું' અને 'મારું'ને સમગ્ર ભારતીય રાષ્ટ્રીયતામાં એકરૂપ કરી દઈએ. સાથે જ તરવાને કે સાથે જ ડૂબવાને આપણો બહુજન સમાજ કૃતનિશ્ચયી બનશે ત્યારે જ આપણે ખરેખરા સ્વતંત્ર થઈશું''

– મહાત્મા ગાંધીજી

સાચી વિદ્યા

શીલ વિનાની વિદ્યા એ વાંઝણી વિદ્યા છે. વિદ્યા બે જાતની છે – વાંઝણી અને દૂઝણી. જે દૂધ ન આપે, જે વિયાય નહિ તે વાંઝણી ગાય શા કામની ? વિદ્યાનું પણ એવું જ છે. ખરી વિદ્યા પરમતત્ત્વ અને ત્રિવિધ મુક્તિનું દૂધ આપે છે. 'સા વિદ્યા યા વિમુક્તયે' થાય છે અને રોમ-રોમમાંથી પ્રગટે છે તે સાચી વિદ્યા. વિદ્યા ને શીલને સંબંધ ન હોય તો વિદ્યા વાંઝણી રહે. શીલ વિના વિદ્યા લેનાર માણસ બ્રહ્મરાક્ષસ બને છે.

– નાનાભાઈ ભટ્ટ

1 જીવન અમૂલ્ય છે

સંકલિત

જીવન અમૂલ્ય છે. જીવનનું ઉત્તમ ઘડતર શિક્ષણ – કેળવણી દ્વારા થવું જોઈએ. શિક્ષણ ઉન્નત અને બહેતર જીવન માટે છે. ટૂંકમાં કહેવું હોય તો, શિક્ષણ એ માણસને ઉત્તમપણે જીવવાની જડીબુટ્ટી છે. પરંતુ આજકાલ વિદ્યાર્થીઓમાં તેની વિપરીત અસર જોવા મળે છે. આ વિષય સંદર્ભે એક રાજ્યકક્ષાનો પરિસંવાદ યોજાઈ ગયો. જેમાં ગુજરાતના કવિ-સાહિત્યકારો, વરિષ્ઠ પત્રકારો, કટારલેખકો, મનોચિકિત્સકો, નાટ્ય-સંગીત-લોકકલાકારોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો અને આ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

આ વિચારોને સંકલિત કરી, 'આપઘાતની ઘાત ટાળીએ' પુસ્તક મૌલિક પ્રકાશન, સુરેન્દ્રનગરે પ્રગટ કર્યું છે.

પ્રસ્તુત એકમમાં આ પુસ્તકમાંથી સંકલિત અંશો રજૂ કરવામાં આવ્યા છે. આ વિચારો દ્વારા વિદ્યાર્થીઓમાં શિક્ષણના ભારણ, કારકિર્દી ઘડતર કે કોઈ એવા કારણોસર વિપરીત અસર પેદા ન થાય; પરંતુ જીવન અમૂલ્ય છે એવું સમજાય એ જરૂરી છે. શિક્ષણ કે કારકિર્દી અંતે તો જીવન માટે છે. તેવી બાબતો હકારાત્મકપણે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

2 આપણો લોકવારસો

ડૉ. હસુ યાજ્ઞિક

(જન્મ : 12-02-1938)

નવલકથાકાર, વાર્તાકાર, મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય અને લોકસાહિત્ય તથા શાસ્ત્રીય સંગીતના અભ્યાસી ડૉ. હસુ વ્રજલાલ યાજ્ઞિકનો જન્મ રાજકોટમાં થયો હતો. સરકારી કૉલેજમાં અધ્યાપક રહ્યા તેમજ ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર તરીકે પોતાની સેવાઓ આપી. નવલકથા, વાર્તા, મધ્યકાલીન સાહિત્ય તેમજ લોકસાહિત્યનાં 150 જેટલાં પુસ્તકો દ્વારા ગુજરાતી સાહિત્યક્ષેત્રે તેમનું મૂલ્યવાન પ્રદાન રહ્યું છે. કેન્દ્રિય સાહિત્ય અકાદમી દિલ્લી દ્વારા પશ્ચિમ ભારતના ક્લાસિકલ લિટરેચરના સ્કૉલર તરીકે એક લાખ રૂપિયાના ભાષાસમ્માનના યશભાગી થયા છે. સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા મેઘાણી એવૉર્ડ, લંડનનો સ્કાયલાર્ક એવૉર્ડ, કવિ કાગ એવૉર્ડ તેમને પ્રાપ્ત થયા છે. મધ્યકાલીન સાહિત્યની પ્રેમકથાઓ વિશે સંશોધન કરી ડૉક્ટર ઑફ ફિલોસૉફીની ઉપાધિ પ્રાપ્ત કરી છે. પોતે સંગીતવિશારદ (પ્રથમવર્ગ-વાયોલિન) છે. લોકસાહિત્યનાં એમનાં પ્રકાશનોએ ગુજરાતના લોકવિદ્યાક્ષેત્રને સમૃદ્ધ બનાવીને આ વિષયના ભારતના તજજ્ઞોની હરોળમાં બેસાડી આપ્યા છે.

લેખકે પ્રસ્તુત સાંસ્કૃતિક લેખ 'આપણો કલાવારસો'માં નોંધ્યું છે કે ગુજરાતી આદિવાસી લોકકલાસંસ્કૃતિમાં આજની આપણી સભ્યતા કે સંસ્કૃતિનાં મૂળ છે. આદિવાસીઓના ભાતીગળ લોકસાહિત્યમાં આજે પણ એવું કંઠસ્થ સાહિત્ય મળે છે, જેનાં મૂળ વૈદિક, પૌરાણિક તેમજ મધ્યકાલીન સંસ્કૃત, પ્રાકૃત, જૂની ગુજરાતીના સાહિત્યમાં જોઈ શકાય છે. પ્રસ્તુત લેખ દ્વારા બે બાબતો આપણને પ્રાપ્ત થશે – આદિવાસી લોકકલા-સંસ્કૃતિમાં પ્રચ્છન્ન રહેલી જીવન અને જગતને જોવાની દૃષ્ટિ તેમજ અન્યના હિતને જોડીને સાંકળી લેવાની શક્તિ.

3 તું ભારતને જગાડ !



રવીન્દ્રનાથ ટાગોર

(જન્મ : તા. 7-5-1861; અવસાન : તા. 7-8-1941)

બંગાળી કવિ. વતન કોલકાતા – જોરાસાંકો. વિશ્વના મહાન લેખકોમાં, રવીન્દ્રનાથ કવિતા, નવલકથા, વાર્તા, નાટક, નિબંધ જેવાં સ્વરૂપોમાં ઉત્તમ સર્જન કરી અગ્ર હરોળમાં પ્રસ્થાપિત થયેલા. 'ગીતાંજલિ'નાં કાવ્યો માટે નોબેલ પારિતોષિક મળેલું - (1931). 'ગોરા' એમની સુખ્યાત નવલકથા છે. એમની મોટા ભાગની સાહિત્યકૃતિઓ ગુજરાતીમાં અનૂદિત થઈ છે. સંગીતજ્ઞ અને ચિત્રકાર તરીકે પણ રવીન્દ્રનાથ ટાગોર એટલા જ જાણીતા છે. એમણે વિકસાવેલી સંસ્થા શાંતિનિકેતન દેશ અને દુનિયામાં પ્રખ્યાત છે.

4 બા, ભાઈ ક્યાં ?

દરબાર પુંજાવાળા

(જન્મ : તા. 13-9-1929)

દેશ-વિદેશમાં કશો પણ પુરસ્કાર લીધા વિના લોકકથા કરનાર દરબારશ્રી પુંજાવાળા એભલવાળાનો જન્મ સાંણથળી જિ. અમરેલી ખાતે થયો હતો. 'આતમરામની અમર વેલડી', 'પીયૂષ-ઝરણાં'. '19 વાર્તાઓ તથા 6 સંત-ચરિત્રો' એમનાં પુસ્તકો છે. ગુજરાત રાજ્ય સંગીત-નાટ્ય અકાદમીએ 'ગૌરવ પુરસ્કાર'થી સમ્માનિત કર્યા છે. દિલ્લીની માતબર સંસ્થા દ્વારા શ્રેષ્ઠ વાર્તાકાર તરીકે પુરસ્કૃત થયા છે. બી. બી. સી.એ આ કાર્યક્રમની ખાસ નોંધ લીધી હતી.

પ્રસ્તુત લોકવાર્તામાં કરંઝડા ગામના ગામધણી હીપા ખુમાણ અને તેમનાં પત્ની આઈ પુનબાઈ ખુમારીગાથા વર્ણવાઈ છે.

હીપા ખુમાણની એકની એક દીકરીની 'જાન' આવી છે અને આવા શુભ અવસરે જ અકસ્માતે પોતાના એકના એક પુત્રનું એરું આભડી જવાથી મૃત્યુ થયું છે. દંપતી પહાડ જેવા દુઃખને કલેજાના ઊંડા ખૂણે ધરબી દઈ દીકરીને રંગેચંગે પરણાવે છે અને ઓરડાની પછીતથી કોઈને સહેજ પણ અણસાર ન આવે એ રીતે ચાર માણસો દ્વારા દીકરાને દેન (અગ્નિદાહ) દેવાય છે. બહેનને જવતલ હોમવા ભાઈનો દીકરો ઊભો થાય છે લોકો એમાં ગામધણીના મનની મોટપ જોવે છે. વિદાય ટાણે બહેન પૂછે છે બા, ભાઈ ક્યાં ? મારે ભાઈને મળવું છે અહીં કરુણાની પરાકાષ્ઠા છે. સૂરજના સમ દઈને સાચી વાત કહેવાય છે જાન વિદાય થાય છે. ગામના પાદરેથી હીપા ખુમાણના દીકરાના ખરખરે સૌ પાછા આવે છે. આમ, આ વાર્તા કાઠી-કાઠિયાણીની સહનશીલતા અને કોઠાસૂઝ બતાવી જાય છે.

ગુજરાતી સાહિત્યની વેબસાઈટ્સ

ગુજરાતી સાહિત્યની વેબસાઈટ :

(1) Readgujarati.com ટૂંકી વાર્તા, પ્રવાસવર્ણન, નિબંધ, હાસ્ય-લેખ, ગઝલ, બાળસાહિત્ય, લઘુકથા, વિજ્ઞાનકથા સહિત વિવિધ પ્રકારના ગુજરાતી સાહિત્યનો રસથાળ. રોજેરોજ પ્રકાશિત થતી બે કૃતિઓ સાથે 3000થી વધુ લેખોનો સંગ્રહ.

(2) Tahuko.com ગુજરાતી સુગમ સંગીત, લોકગીત, ગઝલ તેમજ કાવ્યનો સમન્વય. મનગમતાં ગીતો સરળતાથી શોધવા માટે કક્કાવાર અનુક્રમણિકા. 300થી વધુ કવિઓ, 75થી વધુ સંગીતકારોની 1500થી વધુ કૃતિઓ.

(3) Layastaro.com રોજરોજ કવિતા, કવિતાનો આસ્વાદ અને વિવિધ પ્રકારના પદ્યસાહિત્યનું રસપાન કરાવતી વેબસાઈટ. સુપ્રસિદ્ધ કવિઓ તેમજ ગઝલકારોની ઉત્તમ રચનાઓ.

(4) Aksharnaad.com ચૂંટેલા સાહિત્ય-લેખો, વાર્તાઓ, ગીરનાં પ્રવાસવર્ણનો, પુસ્તકસમીક્ષા તેમજ અનુવાદિત કૃતિઓ સહિત પ્રાર્થના ગરબા-ભજનનું મનનીય સંપાદન.

(5) Gujarathilexicon.com આશરે 25 લાખ શબ્દો ધરાવતો ઑનલાઈન ગુજરાતી શબ્દકોશ. ગુજરાતીથી અંગ્રેજી અને અંગ્રેજીથી ગુજરાતી શબ્દાર્થ શોધવાની સુવિધા. ગુજરાતી જોડણી તપાસવા સહિત વિવિધ પ્રકારની અન્ય ઉપયોગી સુવિધાઓ.

(6) Bhagwadgomandal.com 2.81 લાખ શબ્દો અને 8.22 લાખ અર્થોને સમાવિષ્ટ કરતો ગુજરાતી ભાષાના સાંસ્કૃતિક સીમાસ્તંભરૂપ જ્ઞાનનો વ્યાપક, વૈજ્ઞાનિક અને ઉત્તમ ખજાનો. ડિજિટલ રૂપમાં ઈન્ટરનેટ અને સીડી માધ્યમ દ્વારા ઉપલબ્ધ. સંપૂર્ણ રીતે યુનિકોડમાં ઑનલાઈન નિઃશુલ્ક ઉપલબ્ધ.

(7) Mtixa.com કાવ્ય અને સંગીત સ્વરૂપે ગુજરાતી લોકગીતો, ભક્તિગીતો, શૌર્યગીતો, ગઝલો, ફિલ્મી ગીતો તેમજ અન્ય સુપ્રસિદ્ધ રચનાઓ.

(8) Sheetalsangeet.com ઈન્ટરનેટ પર ૨૪ કલાક પ્રસારિત થતો ગુજરાતી રેડિયો.

(9) Rankaar.com પ્રાચીન-અર્વાચીન ગીતો, ગઝલો, કાવ્ય, ભજન, બાળગીતો, લગ્નગીત, સ્તુતિ, હાલ થતી સંગીતબદ્ધ રચનાઓનો સમન્વય.

(10) Jhaverchandmeghani.com રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની વેબસાઈટ.

(11) Gujarathisahityaparoshad.org ગુજરાતી સાહિત્ય પરિષદની વેબસાઈટ.

• • •